
(શ્રી સહજાનંદ સ્વામી લિખિત)

# શિક્ષાપત્રી

## (નિત્ય નિયમ સહિત)

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી
૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની
આજ્ઞાથી



: પ્રકાશક :
મહંત સ્વામી
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

**પ્રકાશક**
સ્કીમ કમિટી વતી
મહંત સ્વામી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧

**કિંમત : રૂા. ૭-૦૦ (સાત રૂપિયા)**

**આવૃત્તિ : ૧ થી ૧૬, નકલ : ૧,૭૩,૦૦૦**
**આવૃત્તિ : ૧૭ મી, નકલ : ૩૦,૦૦૦**

**મુદ્રક :** શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧.

## અનુક્રમણિકા

૧. શ્રી શિક્ષાપત્રી ........ ૧
૨. જનમંગલ સ્તોત્ર ........ ૯૩
૩. શ્રી જનમંગલ નામાવલી ........ ૯૭
૪. શ્રી નારાયણકવચમ્ મંત્ર ........ ૧૦૪
૫. ગોડી પદ ........ ૧૦૮
૬. આરતી ........ ૧૦૯
૭. સંધ્યા આરતી ........ ૧૧૦
૮. રામકૃષ્ણ ગોવિંદ ........ ૧૧૧
૯. શ્રી રાધિકાકૃષ્ણાષ્ટક ........ ૧૧૨
૧૦. પ્રાર્થના ........ ૧૧૩
૧૧. મંગળાચરણ ........ ૧૧૪
૧૨. થાળ ........ ૧૧૬
૧૩. મુખવાસ ........ ૧૧૭
૧૪. પ્રથમ શ્રીહરિને રે ........ ૧૧૮
૧૫. ઓરા આવો શ્યામ ........ ૧૩૧
૧૬. હવે મારા વહાલાને ........ ૧૩૨
૧૭. વંદુ સહજાનંદ રસરૂપ ........ ૧૩૪
૧૮. રે શ્યામ તમે સાચુંનાણું ........ ૧૩૯
૧૯. પોઢે પ્રભુ સકલ મુનિકે શ્યામ ........ ૧૩૯
૨૦. પોઢો પોઢો સહજાનંદ સ્વામી ........ ૧૪૦
૨૧. ગઈતી ગઈતી ભરવાને નીર ........ ૧૪૧
૨૨. આજ મારે ઓરડે રે ........ ૧૪૩
૨૩. સર્વેસખી જીવન ........ ૧૪૮
૨૪. અક્ષરના વાસી ........ ૧૫૧
૨૫. વચનામૃત ........ ૧૫૨
૨૬. શ્રી ગણપતિજીની આરતી ........ ૧૫૪
૨૭. શ્રી ગણપતિસ્તોત્રમ્ ........ ૧૫૫
૨૮. શ્રી હનુમાનજીની આરતી ........ ૧૫૭
૨૯. શ્રી હનુમત્સ્તોત્રમ્ ........ ૧૫૮
૩૦. પૂજા કરવાની રીત ........ ૧૬૦
૩૧. માનસી પૂજાની વિધિ ........ ૧૬૨

●

**॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥**

# શ્રી શિક્ષાપત્રી

(શ્રી સહજાનંદ સ્વામી જે તે પોતાના સત્સંગી પ્રત્યે શીક્ષાપત્રીને લખતા થકા પ્રથમ પોતાના ઈષ્ટદેવ, જે શ્રીકૃષ્ણ ભગવાન તેનું ધ્યાનરૂપ મંગળાચરણ કરે છે.)

वामे यस्य स्थिता राधा श्रीश्च यस्यास्ति वक्षसि ।
वृन्दावनविहारं तं श्रीकृष्णं हृदि चिन्तये ॥१॥

હું જે તે મારા હૃદયને વિષે શ્રીકૃષ્ણ ભગવાનનું ધ્યાન કરું છું, તે શ્રીકૃષ્ણ કેવા છે, તો જેના ડાબા પડખાને વિષે રાધિકાજી રહ્યાં છે અને જેના વક્ષઃસ્થલને વિષે લક્ષ્મીજી રહ્યાં છે અને વૃંદાવનને વિષે વિહારના કરનારા છે. ॥૧॥



लिखामि सहजानन्दस्वामी सर्वान्निजाश्रितान् ।
नानादेश स्थितान् शिक्षापत्रीं वृत्तालयस्थितः ॥२॥

અને વૃત્તાલય ગામને વિષે રહ્યા એવા સહજાનંદ સ્વામી જે અમે તે અમે, જે તે નાના પ્રકારના જે સર્વે દેશ, તેમને વિષે રહ્યા એવા જે અમારા આશ્રિત સર્વે સત્સંગી તે પ્રત્યે શિક્ષાપત્રીને લખીએ છીએ. ॥૨॥

भ्रात्रो रामप्रतापेच्छारामयोर्धर्मजन्मनोः ।
यावयोध्याप्रसादाख्यरघुवीराभिधौ सुतौ ॥३॥

શ્રીધર્મદેવથકી છે જન્મ જેમનો એવા જે અમારા ભાઈ રામપ્રતાપજી તથા ઈચ્છારામજી, તેમના પુત્ર જે અયોધ્યાપ્રસાદ નામે અને રઘુવીર નામે (જેને અમે અમારા દત્તકપુત્ર કરીને સર્વે સત્સંગીના આચાર્યપણાને વિષે સ્થાપન કર્યા છે); ॥૩॥



मुकुन्दानन्दमुख्याश्च नैष्ठिका ब्रह्मचारिणः ।
गृहस्थाश्च मयारामभट्टाद्या ये मदाश्रयाः ॥४॥

તથા અમારા આશ્રિત એવા જે મુકુંદાનંદ આદિક નૈષ્ઠિક બ્રહ્મચારી તથા અમારા આશ્રિત જે મયારામ ભટ્ટ આદિક ગૃહસ્થ સત્સંગી; ॥૪॥

सधवा विधवा योषा याश्च मच्छिष्यतां गताः ।
मुक्तानन्दादयो ये स्युः साधवश्चाखिला अपि ॥५॥

તથા અમારે આશ્રિત જે સુવાસિની અને વિધવા એવી સર્વે બાઈઓ તથા મુક્તાનંદ આદિક જે સર્વે સાધુ; ॥૫॥

स्वधर्मरक्षिका मे तैः सर्वैर्वाच्या सदाशिषः ।
श्रीमन्नारायणस्मृत्या सहिताः शास्त्रसम्मताः ॥६॥

એ સર્વે-તેમણે, પોતાના ધર્મની રક્ષાના કરનારા અને શાસ્ત્રને વિષે પ્રમાણરૂપ અને શ્રીમન્નારાયણની



સ્મૃતિએ સહિત એવા જે અમારા રૂડા આશીર્વાદ તે વાંચવા. ॥૬॥

एकाग्रेणैव मनसा पत्रीलेखः सहेतुकः ।
अवधार्योऽयमखिलैः सर्वजीवहितावहः ॥७॥

અને આ શિક્ષાપત્રી લખ્યાનું જે કારણ છે, તે સર્વે-તેમણે એકાગ્ર મને કરીને ધારવું અને આ શિત્રાપત્રી, જે અમે લખી છે, તે સર્વેના જીવને હિતની કરનારી છે. ॥૭॥

ये पालयन्ति मनुजाः सच्छास्त्रप्रतिपादितान् ।
सदाचारान् सदा तेऽत्र परत्र च महासुखाः ॥८॥

અને શ્રીમદ્ ભાગવત પુરાણ આદિક જે સત્શાસ્ત્ર- તેમણે, જીવના કલ્યાણને અર્થ પ્રતિપાદન કર્યા એવા જ અહિંસા આદિક સદાચાર તેમને, જે મનુષ્ય પાળે છે, તે મનુષ્ય જે તે, આ લોકને વિષે ને પરલોક વિષે મહાસુખિયા થાય છે. ॥૮॥

तानुल्लङ्घ्यात्र वर्तन्ते ये तु स्वैरं कुबुद्धयः ।
त इहामुत्र च महल्लभन्ते कष्टमेव हि ॥९॥

અને સદાચારનું ઉલ્લંઘન કરીને જે મનુષ્ય, પોતાના મનમાં આવે તેમ વર્તે છે, તે તો કુબુદ્ધિવાળા છે અને તે આ લોક અને પરલોકને વિષે નિશ્ચે મોટા કષ્ટને જ પામે છે. ॥૯॥

अतो भवद्भिर्मच्छिस्यैः सावधानतयाऽखिलैः ।
प्रीत्यैतामनुसृत्यैव वर्तितव्यं निरन्तरम् ॥१०॥

તે માટે અમારા શિષ્ય એવા જે તમે સર્વે, તેમણે તો પ્રીતિએ કરીને આ શિક્ષાપત્રીને અનુસરીને જ નિરંતર સાવધાનપણે વર્તવું, પણ આ શિક્ષાપત્રીનું ઉલ્લંઘન કરીને વર્તવું નહિ. ॥૧૦॥

कस्यापि प्राणिनो हिंसा नैव कार्याऽत्र मामकैः ।
सूक्ष्मयूकामत्कुणादेरपि बुद्ध्या कदाचन ॥११॥

હવે તે વર્ત્યાની રીતે કહીએ છીએ : જે અમારા



જ સત્સંગી-તેમણે, કોઈ જીવ-પ્રાણીમાત્રની પણ હિંસા ન કરવી; અને જાણીને ઝીણા એવા જૂ, માંકડ, ચાંચડ આદિક જીવ-તેમની પણ હિંસા ક્યારેય ન કરવી. ॥૧૧॥

देवतापितृयागार्थमप्यजादेश्च हिंसनम् ।
न कर्तव्यमहिंसैव धर्मः प्रोक्तोऽस्ति यन्महान् ॥१२॥

અને દેવતા ને પિતૃ-તેમના યજ્ઞને અર્થે પણ બકરા, મૃગલા, સસલા, માછલા આદિક કોઈ જીવની હિંસા ન કરવી; કેમ જે અહિંસા છે તે જ મોટો ધર્મ છે. એમ સર્વ શાસ્ત્રમાં કહ્યું છે. ॥૧૨॥

स्त्रिया धनस्य वा प्राप्त्यै साम्राज्यस्य च वा क्वचिद् ।
मनुष्यस्य तु कस्यापि हिंसा कार्या न सर्वथा ॥१३॥

અને સ્ત્રી, ધન અને રાજ્ય તેની પ્રાપ્તિને અર્થે પણ કોઈ મનુષ્યની હિંસા તો કોઈ પ્રકારે ક્યારેય પણ ન જ કરવી. ॥૧૩॥



आत्मघातस्तु तीर्थेऽपि न कर्तव्यश्च न क्रुधा ।
अयोग्याचणात् क्वापि न विषोद्बन्धनादिना ॥१४॥

અને આત્મઘાત તો તીર્થને વિષે પણ ન કરવો, ને ક્રોધે કરીને ન કરવો; અને ક્યારેક કોઈ અયોગ્ય આચરણ થઈ જાય તે થકી મૂંઝાઈને પણ આત્મઘાત ન કરવો, અને ઝેર ખાઈને તથા ગળે ટૂંપો ખાઈને તથા કૂવે પડીને તથા પર્વત ઉપરથી પડીને ઈત્યાદિક કોઈ રીતે આત્મઘાત ન કરવો. ॥૧૪॥

न भक्ष्यं सर्वथा मांसं यज्ञशिष्टमपि क्वचिद् । न
पेयं च सुरामद्यमपि देवनिवेदितम् ॥१५॥

અને જે માંસ છે, તે તો યજ્ઞનું શેષ હોય તો પણ આપત્કાળમાં પણ ક્યારેય ન ખાવું; અને ત્રણ પ્રકારની સુરા અને અગિયાર પ્રકારનું મદ્ય, તે દેવતાનું નૈવેદ્ય હોય, તો પણ ન પીવું. ॥૧૫॥



अकार्याचरणे क्वापि जाते स्वस्य परस्य वा ।
अङ्गच्छेदो न कर्तव्यः शस्त्राद्यैश्च क्रुधापि वा ॥१६॥

અને ક્યારેક પોતાવતે કાંઈક અયોગ્ય આચરણ થઈ ગયું હોય અથવા કોઈ બીજાવતે અયોગ્ય આચરણ થઈ ગયું હોય, તો શસ્ત્રાદિકે કરીને પોતાના અંગનું તથા બીજાના અંગનું છેદન ન કરવું; અથવા ક્રોધે કરીને પણ પોતાના અંગનું તથા બીજાના અંગનું છેદન ન કરવું. ॥૧૬॥

स्तेनकर्म न कर्तव्यं धर्मार्थमपि केनचित् ।
सस्वामिकाष्ठपुष्पादि न ग्राह्यं तदनाज्ञया ॥१७॥

અને ધર્મ કરવાને અર્થે પણ અમારા સત્સંગી કોઈએ ચોરનું કર્મ ન કરવું, અને ધણિયાતું જે કાષ્ટ, પુષ્પ આદિક વસ્તુ, તે તેના ધણીની આજ્ઞા વિના ન લેવું. ॥૧૭॥

व्यभिचारो न कर्तव्यः पुम्भिः स्त्रीभिश्च मां श्रितैः ।
धूतादि व्यसनं त्याज्यं नाद्यं भङ्गादि मादकम् ॥१८॥

અને અમારા આશ્રિત જે પુરૂષ તથા સ્ત્રીઓ-તેમણે વ્યભિચાર ન કરવો; અને જૂગટું આદિક જે વ્યસન તેનો ત્યાગ કરવો; અને ભાંગ્ય, મફર, માજમ, ગાંજો આદિક જે કેફ કરનારી વસ્તુ તે ખાવી નહિ અને પીવી પણ નહિ. ॥૧૮॥

अग्राह्यान्नेन पक्वं यदन्नं तदुदकं च न ।
जगन्नाथपुरोऽन्यत्र ग्राह्यं कृष्णप्रसाद्यपि ॥१९॥

અને જેના હાથનું રાંધેલ અન્ન તથા જેના પાત્રનું જળ-તે ખપતું ન હોય તેણે રાંધેલ અન્ન તથા તેના પાત્રનું જળ, તે શ્રીકૃષ્ણ ભગવાનની પ્રસાદી-ચરણામૃતના માહાત્મ્યે કરીને પણ જગન્નાથપુરી વિના અન્ય સ્થાનકને વિષે ગ્રહણ ન કરવું; અને જગન્નાથપુરીને વિષે જગન્નાથજીનો પ્રસાદ લેવાય તેનો દોષ નહિ. ॥૧૯॥



मिथ्यापवादः कस्मिंश्चिदपि स्वार्थस्य सिद्धये ।
नारोप्यो नापशब्दाश्च भाषणीयाः कदाचन ॥२०॥

અને પોતાના સ્વાર્થની સિદ્ધિને અર્થે પણ કોઈને વિષે મિથ્યા અપવાદ આરોપણ ન કરવો; અને કોઈને ગાળ તો ક્યારેય ન દેવી. ॥૨૦॥

देवतातीर्थविप्राणां साध्वीनां च सतामपि ।
वेदानां च न कर्तव्या निन्दा श्रव्या न च क्वचित् ॥२१॥

અને દેવતા, તીર્થ, બ્રાહ્મણ, પતિવ્રતા, સાધુ અને વેદ, એમની નિંદા ક્યારેય ન કરવી અને ન સાંભળવી. ॥૨૧॥

देवतायै भवेद्यस्यै सुरामांसनिवेदनम् ।
यत्पुरोऽजादि हिंसा च न भक्ष्यं तन्निवेदितम् ॥२२॥

અને જે દેવતાને સુરા અને માંસનું નૈવેદ્ય થતું હોય અને વળી જે દેવતાની આગળ બકરા આદિક જીવની હિંસા થતી હોય, તે દેવતાનું નૈવેદ્ય ન ખાવું. ॥૨૨॥



दृष्ट्वा शिवालयादीनि देवागाराणि वर्त्मनि ।
प्रणम्य तानि तद्देवदर्शनं कार्यमादरात् ॥२३॥

અને માર્ગને વિષે ચાલતે શિવાલયાદિક જે દેવમંદિર આવે, તેને જોઈને તેને નમસ્કાર કરવો અને આદર થકી તે દેવનું દર્શન કરવું. ॥૨૩॥

स्ववर्णाश्रमधर्मो यः स हातव्यो न केनचित् ।
परधर्मो न चाचर्यो न च पाषण्डकल्पितः ॥२४॥

અને પોતપોતાના વર્ણાશ્રમનો જે ધર્મ, તે કોઈ સત્સંગીએ ત્યાગ ન કરવો, અને પરધર્મનું આચરણ ન કરવું તથા પાખંડ ધર્મનું આચરણ ન કરવું તથા કલ્પિત ધર્મનું આચરણ ન કરવું. ॥૨૪॥

कृष्णभक्तेः स्वधर्माद्वा पतनं यस्य वाक्यतः ।
स्यात्तन्मुखान्न वै श्रव्याः कथावार्ताश्च वा प्रभोः ॥२५॥

અને જેના વચનને સાંભળવે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિને પોતાનો ધર્મ-એ બે થકી પડી



જવાય, તેના મુખથકી ભગવાનની કથા વાર્તા ન સાંભળવી. ॥૨૫॥

स्वपरद्रोहजननं सत्यं भाष्यं न कर्हिचित् ।
कृतघ्नसङ्गस्त्यक्तव्यो लुञ्चा ग्राह्या न कस्यचित् ॥२६॥

અને જે સત્ય વચન બોલવે કરીને પોતાનો દ્રોહ થાય તથા પારકો દ્રોહ થાય, એવું જે સત્ય વચન, તે ક્યારેય ન બોલવું; અને જે કૃતઘ્ની હોય તેના સંગનો ત્યાગ કરવો; અને વ્યવહારકાર્યને વિષે કોઈની લાંચ ન લેવી. ॥૨૬॥

चोरपापिव्यनिनां सङ्गः पाखण्डिनां तथा ।
कामिनां च न कर्तव्यो जनवञ्चनकर्मणाम् ॥२७॥

અને ચોર, પાપી, વ્યસની, પાંખડી, કામી તથા કીમિયા આદિક ક્રિયાએ કરીને જનનો ઠગનારો એ છ પ્રકારના જે મનુષ્ય, તેમનો સંગ ન કરવો. ॥૨૭॥

भक्तिं वा ज्ञानमालम्ब्य स्त्रीद्रव्यरसलोलुभाः ।
पापे प्रवर्तमानाः स्युः कार्यस्तेषां न सङ्गमः ॥२८॥

અને જે મનુષ્ય, ભક્તિનું અથવા જ્ઞાનનું આલંબન કરીને સ્ત્રી, દ્રવ્ય અને રસાસ્વાદ, તેને વિષે અતિશય લોલુપ થકા પાપને વિષે પ્રવર્તતા હોય, તે મનુષ્યનો સમાગમ ન કરવો. ॥૨૮॥

कृष्णकृष्णावताराणां खण्डनं यत्र युक्तिभिः ।
कृतं स्यात्तानि शास्त्राणि न मान्यानि कदाचन ॥२९॥

અને જે શાસ્ત્રને વિષે શ્રીકૃષ્ણ ભગવાન તથા શ્રીકૃષ્ણ ભગવાનના જે વરાહાદિક અવતાર તેમનું યુક્તિએ કરીને ખંડન કર્યું હોય, એવા જે શાસ્ત્ર, તે ક્યારેય ન માનવાં અને ન સાંભળવાં. ॥૨૯॥

अगालितं न पातव्यं पानीयं च पयस्तथा ।
स्नानादि नैव कर्तव्यं सूक्ष्मजन्तुमयाम्भसा ॥३०॥

અને ગાળ્યા વિનાનું જે જળ તથા દૂધ, તે ન પીવું; અને જે જળને વિષે ઝીણા જીવ ઘણાંક હોય, તે જળે કરીને સ્નાનાદિક ક્રિયા ન કરવી. ॥૩૦॥



यदौषधं च सुरया सम्पृक्तं पललेन वा ।
अज्ञातवृत्तवैद्येन दत्तं चाद्यं न तत् क्वचित् ॥३१॥

અને જે ઔષધ, દારૂ તથા માંસ-તેણે યુક્ત હોય, તે ઔષધ ક્યારેય ન ખાવું, અને વળી જે વૈદ્યના આચરણને જાણતા ન હોઈએ, તે વૈદ્યે આપ્યું જે ઔષધ, તે પણ ક્યારેય ન ખાવું. ॥૩૧॥

स्थानेषु लोकशास्त्राभ्यां निषिद्धेषु कदाचन ।
मलमूत्रोत्सर्जनं च न कार्यं ष्ठीवनं तथा ॥३२॥

અને લોક ને શાસ્ત્ર-તેમણે મળ-મૂત્ર કરવાને અર્થે વર્જ્યાં એવાં સ્થાનક, જે જીર્ણ દેવાલય તથા નદી તળાવના આરા તથા માર્ગ તથા વાવેલું ખેતર, વૃક્ષની છાયા તથા ફૂલવાડી-બગીચા; એ આદિક જે સ્થાનક, તેમને વિષે ક્યારેય પણ મળ-મૂત્ર ન કરવું તથા થૂંકવું પણ નહિ. ॥૩૨॥



अद्वारेण न निर्गम्यं प्रवेष्टव्यं न तेन च ।
स्थाने सस्वामिके वासः कार्योऽपृष्ट्वानतत्पतिम् ॥३३॥

અને ચોરમાર્ગે કરીને પેસવું નહિ અને નીસરવું નહિ, અને જે સ્થાનક ધણિયાતું હોય, તે સ્થાનકને વિષે તેના ધણીને પૂછયા વિના ઉતારો ન કરવો. ॥૩૩॥

ज्ञानवार्ताश्रुतिर्नार्या मुखात् कार्या न पूरुषैः ।
न विवादः स्त्रिया कार्यो न राज्ञा न च तज्जनैः ॥३४॥

અને અમારા સત્સંગી-જે પુરુષ માત્ર, તેમણે બાઈ માણસના મુખ થકી જ્ઞાનવાર્તા ન સાંભળવી; અને સ્ત્રીઓ સાથે વિવાદ ન કરવો તથા રાજા સંગાથે તથા રાજાના માણસ સંગાથે વિવાદ ન કરવો. ॥૩૪॥

अपमानो न कर्तव्यो गुरुणां च वरीयसाम् ।
लोके प्रतिष्ठितानां च विदुषां शस्त्रधारिणाम् ॥३५॥

અને ગુરુનું અપમાન ન કરવું; તથા જે અતિશય શ્રેષ્ઠ મનુષ્ય હોય તથા જે લોકને વિષે પ્રતિષ્ઠિત મનુષ્ય



હોય તથા જે વિદ્વાન મનુષ્ય હોય તથા જે શસ્ત્રધારી મનુષ્ય હોય, તે સર્વેનું અપમાન ન કરવું. ॥૩૫॥

कार्यं न सहसा किञ्चित्कार्यो धर्मस्तु सत्वरम् ।
पाठनीयाऽधीतविद्या कार्यः सङ्गोऽन्वहं सताम् ॥३६॥

અને વિચાર્યા વિના તત્કાળ કોઈ કાર્ય ન કરવું; અને ધર્મ સંબંધી જે કાર્ય તે તો તત્કાળ કરવું; અને પોતે જે વિદ્યા ભણ્યા હોઈએ, તે બીજાને ભણાવવી; અને નિત્ય પ્રત્યે સાધુનો સમાગમ કરવો. ॥૩૬॥

गुरुदेवनृपेक्षार्थं न गम्यं रिक्तपाणिभिः ।
विश्वासघातो नो कार्यः स्वश्लाघा स्वमुखेन च ॥३७॥

અને ગુરુ, દેવ અને રાજા એ ત્રણના દર્શનને અર્થે જ્યારે જવું, ત્યારે ઠાલે હાથે ન જવું; અને કોઈનો વિશ્વાસઘાત ન કરવો; અને પોતાના મુખે કરીને પોતાના વખાણ ન કરવાં. ॥૩૭॥

यस्मिन् परिहितेऽपि स्युर्दृश्यान्यङ्गानि चात्मनः ।
तद्दूष्यं वसनं नैव परिधार्यं मदाश्रितैः ॥३८॥

અને જે વસ્ત્ર પહેર્યે થકે પોતાના અંગે દેખાય, તેવું જે ભૂંડું વસ્ત્ર, તે અમારા સત્સંગી-તેમણે ન પહેરવું. ॥૩૮॥

धर्मेण रहिता कृष्णभक्तिः कार्या न सर्वथा ।
अज्ञनिन्दाभयान्नैव त्याज्यं श्रीकृणसेवनम् ॥३९॥

અને શ્રીકૃષ્ણ ભગવાનની જે ભક્તિ, તે ધર્મે રહિત એવી કોઈ પ્રકારે ન કરવી; અને અજ્ઞાની એવા જે મનુષ્ય-તેમની નિંદાના ભય થકી શ્રીકૃષ્ણ ભગવાનની સેવાનો ત્યાગ કરવો જ નહિ. ॥૩૯॥

उत्सवाहेषु नित्यं च कृष्णमन्दिरमागतैः ।
पुम्भिः स्पृश्या न वनितास्तत्र ताभिश्च पुरुषाः ॥४०॥

અને ઉત્સવના દિવસને વિષે તથા નિત્ય પ્રત્યે શ્રીકૃષ્ણના મંદિરમાં આવ્યા એવા જે સત્સંગી પુરુષ



તેમણે, તે મંદિરને વિષે સ્ત્રીઓનો સ્પર્શ ન કરવો; તથા સ્ત્રીઓ, તેમણે, પુરુષનો સ્પર્શ ન કરવો, અને મંદિરમાંથી નીસર્યા પછી પોતપોતાની રીતે વર્તવું. ॥૪૦॥

कृष्णदीक्षां गुरोः प्राप्तैस्तुलसीमालिके गले ।
धार्ये नित्यं चोर्ध्वपुण्ड्रं ललाटादौ द्विजातिभिः ॥४१॥

અને ધર્મવંશી ગુરુ થકી શ્રીકૃષ્ણની દીક્ષાને પામ્યા એવા જે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય-એ-ત્રણ વર્ણના અમારા સત્સંગી-તેમણે, કંઠને વિષે તુલસીની બેવડી માળા નિત્યે ધારવી; અને લલાટ, હૃદય અને બે હાથ-એ ચારે ઠેકાણે ઊર્ધ્વપુંડ્ર તિલક કરવું. ॥૪૧॥

तत्तु गोपीचन्दनेन चन्दनेनाथवा हरेः ।
कार्यं पूजावशिष्टेन केशरादियुतेन च ॥४२॥

અને તે તિલક જે તે, ગોપીચંદને કરીને કરવું અથવા ભગવાનની પૂજા કરતાં બાકી રહ્યું અને કેસર-



કંકુમાદિકે યુક્ત એવું જે પ્રસાદી-ચંદન, તેણે કરીને તિલક કરવું. ॥૪૨॥

तन्मध्य एव कर्तव्यः पुण्ड्रद्रव्येण चन्द्रकः ।
कुङ्कुमेनाथवा वृत्तो राधालक्ष्मीप्रसादिना ॥४३॥

અને તે તિલકના મધ્યને વિષે જ ગોળ એવો જે ચાંદલો; તે જે તે ગોપીચંદને કરીને કરવો અથવા રાધિકાજી અને લક્ષ્મીજી, તેનું પ્રસાદી એવું જે કુંકુમ, તેણે કરીને તે ચાંદલો કરવો. ॥૪૩॥

सच्छूद्राः कृष्णभक्ता ये तैस्तु मालोर्ध्वपुण्ड्रके ।
द्विजातिवद्धारणीये निजधर्मेषु संस्थितैः ॥४४॥

અને પોતાના ધર્મને વિષે, રહ્યા અને શ્રીકૃષ્ણના ભક્ત એવા જે સચ્છુદ્ર-તેમણે તો તુલસીની માળા અને ઊર્ધ્વપુંડ્ર તિલક તે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યની પેઠે ધારવા. ॥૪૪॥



भक्तैस्तदितरैर्माले चन्दनादीन्धनोद्भवे ।
धार्ये कन्ठे ललाटेऽथ कार्यः केवलचन्द्रकः ॥४५॥

અને તે સચ્છુદ્ર થકી બીજા-જે જાતિએ કરીને ઊતરતા એવા ભક્તજન, તેમણે તો ચંદનાદિક કાષ્ટની જે બેવડી માળા, તે ભગવાનની પ્રસાદી કરાવીને કંઠને વિષે ધારવી, અને લલાટને વિષે કેવળ ચાંદલો કરવો, પણ તિલક ન કરવું. ॥૪૫॥

त्रिपुण्ड्ररुद्राक्षधृतिर्येषां स्यात्स्वकुलागता ।
तैस्तु विप्रादिभिः क्वापि न त्याज्या सा मदाश्रितैः ॥४६॥

અને જે બ્રાહ્મણાદિકને ત્રિપુંડ્ર-જે આડું તિલક કરવું તથા રૂદ્રાક્ષની માળા ધારવી-એ બે વાનાં પોતાની કુળ પરંપરાએ કરીને ચાલ્યાં આવ્યાં હોય, અને તે બ્રાહ્મણાદિક અમારા આશ્રિત થયા હોય, તો પણ તેમણે ત્રિપુંડ્ર અને રૂદ્રાક્ષનો ક્યારેય ત્યાગ ન કરવો. ॥૪૬॥

ऐकात्म्यमेव विज्ञेयं नारायणमहेशयोः ।
उभयोर्ब्रह्मरूपेण वेदेषु प्रतिपादनात् ॥४७॥

અને નારાયણ અને શિવજી - એ બેનું એકાત્મપણું જ જાણવું; કેમજે વેદને વિષે એ બેયનું બ્રહ્મરૂપે કરીને પ્રતિપાદન કર્યું છે. ॥૪૭॥

शास्त्रोक्त आपद्धर्मो यः स त्वल्पापदि कर्हिचित् ।
मदाश्रितैर्मुख्यतया ग्रहीतव्यो न मानवैः ॥४८॥

અને અમારા આશ્રિત જે મનુષ્ય તેમણે, શાસ્ત્રે કહ્યો જે આપદ્ધર્મ, તે અલ્પ આપત્કાળને વિષે મુખ્યપણે કરીને ક્યારેય ગ્રહણ ન કરવો. ॥૪૮॥

प्रत्यहं तु प्रबोद्धव्यं पूर्वमेवोदयाद्रवेः ।
विधाय कृष्णस्मरणं कार्यं शौचविधिस्ततः ॥४९॥

અને અમારા સત્સંગી તેમણે નિત્ય સૂર્ય ઊગ્યાથી પ્રથમ જ જાગવું, અને શ્રીકૃષ્ણ ભગવાનનું સ્મરણ કરીને પછી શૌચવિધિ કરવા જવું. ॥૪૯॥



उपविश्यैव चैकत्र कर्तव्यं दन्तधावनम् ।
स्नात्वा शुच्यम्बुना धौते परिधार्ये च वाससी ॥५०॥

અને પછી એક સ્થાનકને વિષે બેસીને દાતણ કરવું અને પછી પવિત્ર જળે કરીને સ્નાન કરીને, પછી ધોયેલું વસ્ત્ર એક પહેરવું. અને એક ઓઢવું. ॥૫૦॥

उपविश्य ततः शुद्ध आसने शुचिभूतले ।
असङ्कीर्ण उपस्पृश्यं प्राङ्मुखं वोत्तरामुखम् ॥५१॥

અને તે વાર પછી, પવિત્ર પૃથ્વીને વિષે પાથર્યું. અને શુદ્ધ ને કોઈ બીજા આસનને અડ્યું ન હોય અને જે ઉપર સારી પેઠે બેસાય, એવું જે આસન તેને વિષે, પૂર્વમુખે અથવા ઉત્તરમુખે બેસીને, આચમન કરવું; ॥૫૧॥

कर्तव्यमूर्ध्वपुण्ड्रं च पुम्भिरेव सचन्द्रकम् ।
कार्यः सधवनारीभिर्भाले कुङ्कुमचन्द्रकः ॥५२॥

અને પછી સત્સંગી પુરુષમાત્રને ચાંદલે સહિત ઊર્ધ્વપુંડ્ર તિલક કરવું ને સુવાસિની જે સ્ત્રીઓ, તેમણે



તો પોતાના ભાલને વિષે કુંકુમનો ચાંદલો કરવો. ॥૫૨॥

पुण्ड्रं वा चन्द्रको भाले न कार्यो मृतनाथया ।
मनसा पूजनं कार्यं ततः कृष्णस्य चाखिलैः ॥५३॥

અને તે વિધવા સ્ત્રીઓ માત્રને પોતાના ભાલને વિષે તિલક ન કરવું, ને ચાંદલો પણ ન કરવો. અને તે પછી તે સર્વે જે અમારા સત્સંગી તેમણે, મને કરીને કલ્પ્યા જે ચંદન પુષ્પાદિક ઉપચાર, તેમણે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની માનસી પૂજા કરવી; ॥૫૩॥

प्रणम्य राधाकृष्णस्य लेख्यार्चां तत आदरात् ।
शक्त्या जपित्वा तन्मन्त्रं कर्तव्यं व्यावहारिकम् ॥५४॥

અને તે પછી શ્રીરાધાકૃષ્ણની જે ચિત્ર પ્રતિમા, તેનું આદર થકી દર્શન કરીને, નમસ્કાર કરીને પછી પોતાના સામર્થ્ય પ્રમાણે શ્રીકૃષ્ણનો અષ્ટાક્ષર મંત્ર, તેનો જપ કરીને તે પછી પોતાનું વ્યવહારિક કામકાજ કરવું. ॥૫૪॥



ये त्वम्बरीषवद्भक्ताः स्युरिहात्मनिवेदिनः ।
तैश्च मानसपूजान्तं कार्यमुक्तक्रमेण वै ॥५५॥

અને જે અમારા સત્સંગીમાં અંબરીષ રાજાની પેઠે આત્મનિવેદી એવા ઉત્તમ ભક્ત હોય તેમણે પણ, પ્રથમ કહ્યું તેવી રીતે અનુક્રમે કરીને, માનસી પૂજા પર્યંત સર્વે ક્રિયા કરવી. ॥૫૫॥

शैली वा धातुजा मूर्तिः शालग्रामोऽर्च्य एव तैः ।
द्रव्यैर्यथाप्तैः कृष्णस्य जप्योऽथाष्टाक्षरो मनुः ॥५६॥

અને તે જે આત્મનિવેદી ભક્ત-તેમણે, પાષાણની અથવા ધાતુની જે શ્રીકૃષ્ણ ભગવાનની પ્રતિમા અથવા શાલીગ્રામ, તેની જે પૂજા, તે દેશકાળને અનુસરીને, પોતાના સામર્થ્ય પ્રમાણે પ્રાપ્ત થયાં જે ચંદન, પુષ્પ ફળાદિક વસ્તુ, તેણે કરીને કરવી. અને પછી શ્રીકૃષ્ણ ભગવાનનો જે અષ્ટાક્ષર મંત્ર, તેનો જપ કરવો. ॥૫૬॥

स्तोत्रादेरथ कृष्णस्य पाठः कार्यः स्वशक्तितः ।
तथाऽनधीतगीर्वाणैः कार्यं तन्नामकीर्तनम् ॥५७॥

અને તે પછી શ્રીકૃષ્ણ ભગવાનના જે સ્તોત્ર અથવા ગ્રંથ તેનો જે પાઠ, તે પોતાના સામર્થ્ય પ્રમાણે કરવો; અને જે સંસ્કૃત ન ભણ્યા હોય, તેમણે શ્રીકૃષ્ણ ભગવાનનું નામ-કીર્તન કરવું. ॥૫૭॥

हरेर्विधाय नैवेद्यं भोज्यं प्रासादिकं ततः ।
कृष्णसेवापरैः प्रीत्या भवितव्यं च तैः सदा ॥५८॥

અને પછી શ્રીકૃષ્ણ ભગવાનને નૈવેદ્ય કરીને પછી તે પ્રસાદી એવું જે અન્ન તે જમવું; અને તે જે આત્મનિવેદી-વૈષ્ણવ તેમણે, સર્વ કાળને વિષે પ્રીતિએ કરીને, શ્રીકૃષ્ણ ભગવાનની સેવાપરાયણ થવું. ॥૫૮॥

प्रोक्तास्ते निर्गुणा भक्ता निर्गुणस्य हरेर्यतः ।
संबन्धात्तत्क्रियाः सर्वा भवन्त्येव हि निर्गुणाः ॥५९॥

અને નિર્ગુણ કહેતાં માયાના જે સત્ત્વાદિક ત્રણ



ગુણ, તેણે રહિત એવા જે શ્રીકૃષ્ણ ભગવાન, તેના સંબંધ થકી તે આત્મનિવેદી ભક્તની જે સર્વે ક્રિયા, તે નિર્ગુણ થાય છે; તે હેતુ માટે તે આત્મનિવેદી ભક્ત, જે તે નિર્ગુણ કહ્યા છે. ॥૫૯॥

भक्तैरेतैस्तु कृष्णायानर्पितं वार्यपि क्वचित् ।
न पेयं नैव भक्ष्यं च पत्रकन्दफलाद्यपि ॥६०॥

અને એ જે આત્મનિવેદી ભક્ત, તેમણે શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કર્યા વિનાનું જળ પણ ક્યારેય ન પીવું; અને પત્ર, કંદ, ફળાદિક જે વસ્તુ, તે પણ શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કર્યા વિનાનું ન ખાવું ॥૬૦॥

सर्वैरशक्तौ वार्धक्याद्गरीयस्यापदाऽथवा ।
भक्ताय कृष्णमन्यस्मै दत्त्वा वृत्त्यं यथाबलम् ॥६१॥

અને વળી સર્વે જે અમારા સત્સંગી, તેમણે વૃદ્ધપણા થકી અથવા કોઈ મોટા આપત્કાળે કરીને અસમર્થપણું થઈ ગયે સતે પોતે સેવવાનું જે શ્રીકૃષ્ણનું



સ્વરૂપ, તે બીજા ભક્તને આપીને, પોતે પોતાના સામર્થ્ય પ્રમાણે વર્તવુ. ॥૬૧॥

आचार्येणैव दत्तं यद्यच्च तेन प्रतिष्ठितम् ।
कृष्णस्वरूपं तत्सेव्यं वन्द्यमेवेतरत्तु यत् ॥६२॥

અને જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ, પોતાને સેવવાને અર્થે ધર્મવંશના જે આચાર્ય, તેમણે જ આપ્યું હોય અથવા તે આચાર્યે જે સ્વરૂપની પ્રતિષ્ઠા કરી હોય, તે જ સ્વરૂપને સેવવું; અને તે વિના બીજું જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ, તે તો નમસ્કાર કરવા યોગ્ય છે, પણ સેવવા યોગ્ય નથી. ॥૬૨॥

भगवन्मन्दिरं सर्वैः सायं गन्तव्यमन्वहम् ।
नामसङ्कीर्तनं कार्यं तत्रोच्चैः राधिकापतेः ॥६३॥

અને અમારા જે સર્વે સત્સંગી, તેમણે નિત્ય પ્રત્યે સાયંકાળે ભગવાનના મંદિર પ્રત્યે જવું, અને તે મંદિરને વિષે શ્રી રાધિકાજીના પતિ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન



તેના નામનું ઉચ્ચ સ્વરે કરીને કીર્તન કરવું ॥૬૩॥

कार्यास्तस्य कथावार्ताः श्रव्याश्च परमादरात् ।
वादित्रसहितं कार्यं कृष्णकीर्तनमुत्सवे ॥६४॥

અને તે શ્રીકૃષ્ણની જે કથા-વાર્તા તે પરમ આદર થકી કરવી ને સાંભળવી; અને ઉત્સવને દિવસે વાજિંત્રે સહિત શ્રીકૃષ્ણનાં કીર્તન કરવા. ॥૬૪॥

प्रत्यहं कार्यमित्थं हि सर्वैरपि मदाश्रितैः ।
संस्कृतप्राकृतग्रन्थाभ्यासश्चापि यथामति ॥६५॥

અને અમારા આશ્રિત જે સર્વે સત્સંગી તેમણે જે પ્રકારે પૂર્વે કહ્યું; એ પ્રકારે કરીને જ નિત્ય પ્રત્યે કરવું; અને સંસ્કૃત અને પ્રાકૃત એવા જે સદ્‌ગ્રંથ, તેમનો અભ્યાસ પણ પોતાની બુદ્ધિને અનુસારે કરવો. ॥૬૫॥

यादृशैर्यो गुणैर्युक्तस्तादृशे स तु कर्मणि ।
योजनीयो विचार्यैव नान्यथा तु कदाचन ॥६६॥

અને જે મનુષ્ય, જેવા ગુણે કરીને યુક્ત હોય, તે

મનુષ્યને તેવા કાર્યને વિષે વિચારીને જ પ્રેરવો, પણ જે કાર્યને વિષે જે યોગ્ય ન હોય તે કાર્યને વિષે, તેને ક્યારેય ન પ્રેરવો. ॥૬૬॥

अन्नवस्त्रादिभिः सर्वे स्वकीयाः परिचारकाः ।
सम्भावनीयाः सततं यथायोग्यं यथाधनम् ॥६७॥

અને પોતાના જે સેવક હોય, તે સર્વની પોતાના સામર્થ્ય પ્રમાણે અન્ન-વસ્ત્રાદિકે કરીને યથાયોગ્ય સંભાવના નિરંતર રાખવી. ॥૬૭॥

यादृग्गुणो यः पुरुषस्तादृशा वचनेन सः ।
देशकालानुसारेण भाषणीयो न चान्यथा ॥६८॥

અને જે પુરુષ જેવા ગુણવાળો હોય, તે પુરુષને તેવા વચને કરીને દેશકાળાનુસારે યથાયોગ્ય બોલાવવો, પણ એથી બીજી રીતે ન બોલાવવો. ॥૬૮॥



गुरुभूपालवर्षिष्ठत्यागिविद्वत्तपस्विनाम् ।
अभ्युत्थानादिना कार्यः सम्मानो विनयान्वितैः ॥६९॥

અને વિનયે કરીને યુક્ત એવા જે અમારા આશ્રિત સત્સંગી-તેમણે ગુરુ, રાજા, અતિવૃદ્ધ, ત્યાગી, વિદ્વાન અને તપસ્વી, એ છ જણા આવે, ત્યારે સન્મુખ ઊઠવું તથા આસન આપવું તથા મધુરે વચને બોલાવવું, ઈત્યાદિક ક્રિયાએ કરીને એમનું સન્માન કરવું. ॥૬૯॥

नोरौ कृत्वा पादमेकं गुरुदेवनृपान्तिके ।
उपवेश्यं सभायां च जानू बध्वा न वाससा ॥७०॥

અને ગુરુદેવ ને રાજા - એમની સમીપે તથા સભાને વિષે પગ ઉપર પગ ચડાવીને ન બેસવું તથા વસ્ત્રે કરીને ઢીંચણને બાંધીને ન બેસવું. ॥૭૦॥

विवादो नैव कर्तव्यः स्वाचार्येण सह क्वचित् ।
पूज्योऽन्नधनवस्त्राद्यैर्यथाशक्ति स चाखिलैः ॥७१॥

અને અમારા આશ્રિત જે સર્વે સત્સંગી તેમણે



પોતાના આચાર્ય સંગાથે ક્યારેય પણ વિવાદ ન કરવો. અને પોતાના સામર્થ્ય પ્રમાણે અન્ન, ધન, વસ્ત્રાદિકે કરીને તે પોતાના આચાર્યને પૂજવા. ॥૭૧॥

तमायान्तं निशम्याशु प्रत्युद्गन्तव्यमादरात् ।
तस्मिन् यात्यनुगम्यं च ग्रामान्तावधि मच्छ्रितैः ॥७२॥

અમારા જે આશ્રિત જન, તેમણે પોતાના આચાર્યને આવતા સાંભળીને, આદર થકી તત્કાળ સન્મુખ જવું, અને તે આચાર્ય પોતાના ગામથી પાછા પધારે, ત્યારે ગામની ભાગોળ સુધી વળાવવા જવું. ॥૭૨॥

अपि भूरिफलं कर्म धर्मापेतं भवेद्यदि ।
आचार्यं तर्हि तन्नैव धर्मः सर्वार्थदोऽस्ति हि ॥७३॥

અને ઘણુંક છે ફળ જેને વિષે એવું પણ જે કર્મ, તે જો ધર્મ રહિત હોય, તો તેનું આચરણ ન જ કરવું, કેમ જે ધર્મ છે, તે જ સર્વ પુરુષાર્થનો આપનારો છે;



માટે કોઈક ફળના લોભે કરીને ધર્મનો ત્યાગ ન કરવો. ॥૭૩॥

पूर्वैर्महद्भिरपि यदधर्माचरणं क्वचित् ।
कृतं स्यात्तत्तु न ग्राह्यं ग्राह्यो धर्मस्तु तत्कृतः ॥७४॥

અને પૂર્વે થયા જે મોટા પુરુષ તેમણે પણ જો ક્યારેક અધર્માચરણ કર્યું હોય, તો તેનું ગ્રહણ ન કરવું; અને તેમણે જે ધર્માચરણ કર્યું હોય તો તેનું ગ્રહણ કરવું. ॥૭૪॥

गुह्यवार्ता तु कस्यापि प्रकाश्या नैव कुत्रचित् ।
समदृष्ट्या न कार्यश्च यथार्हार्चाव्यतिक्रमः ॥७५॥

અને કોઈની પણ જે ગુહ્યવાર્તા, તે તો કોઈ ઠેકાણે પણ પ્રકાશ કરવી જ નહિ; અને જે જીવનું જેવી રીતે સન્માન કરવું ઘટતું હોય, તેનું તેવી જ રીતે સન્માન કરવું, પણ સમદૃષ્ટિએ કરીને, એ મર્યાદાનું ઉલ્લંઘન કરવું નહિ. ॥૭૫॥

विशेषनियमो धार्यश्चातुर्मास्येऽखिलैरपि ।
एकस्मिन् श्रावणे मासि स त्वशक्तैस्तु मानवैः ॥७६॥

અને અમારા જે સર્વે સત્સંગી તેમણે, ચાતુર્માસને વિષે વિશેષ નિયમ ધારવો; અને જે મનુષ્ય અસમર્થ હોય, તેમણે તો એક શ્રાવણ માસને વિષે વિશેષ નિયમ ધારવો. ॥૭૬॥

विष्णोः कथायाः श्रवणं वाचनं गुणकीर्तनम् ।
महापूजा मन्त्रजपः स्तोत्रपाठः प्रदक्षिणाः ॥७७॥

અને તે વિશેષ નિયમ તે કિયા, તો ભગવાનની કથાનું શ્રવણ કરવું, તથા કથા વાંચવી તથા ભગવાનના ગુણનું કીર્તન કરવું, તથા પંચામૃત સ્નાને કરીને ભગવાનની મહાપૂજા કરવી, તથા ભગવાનના મંત્રનો જપ કરવો, તથા સ્તોત્રનો પાઠ કરવો તથા ભગવાનને પ્રદક્ષિણાઓ કરવી; ॥૭૭॥



साष्टाङ्गप्रणतिश्चेति नियमा उत्तमा मताः ।
एतेष्वेकतमो भक्त्या धारणीयो विशेषतः ॥७८॥

તથા ભગવાનને સાષ્ટાંગ નમસ્કાર કરવા, એ જે આઠ પ્રકારના નિયમ, તે અમે ઉત્તમ માન્યા છે, તે-માટે એ નિયમમાંથી કોઈ એક નિયમ, જે તે ચોમાસાને વિષે વિશેષપણે ભક્તિએ કરીને ધારવો. ॥૭૮॥

एकादशीनां सर्वासां कर्तव्यं व्रतमादरात् ।
कृष्णजन्मदिनानां च शिवरात्रेश्च सोत्सवम् ॥७९॥

અને સર્વ જે એકાદશીઓ, તેમનું વ્રત જે તે આદર થકી કરવું; તથા શ્રીકૃષ્ણ ભગવાનના જે જન્માષ્ટમી આદિક જન્મદિવસ, તેમનું વ્રત જે તે આદર થકી કરવું. તથા શિવરાત્રિનું વ્રત જે તે આદર થકી કરવું. અને તે વ્રતના દિવસને વિષે મોટા ઉત્સવ કરવા. ॥૭૯॥



उपवासदिने त्याज्या दिवानिद्रा प्रयत्नतः ।
उपवासस्तया नश्येन्मैथुनेनेव यन्नृणाम् ॥८०॥

અને જે દિવસે વ્રતનો ઉપવાસ કર્યો હોય, તે દિવસે અતિશય યત્ને કરીને, દિવસની નિંદ્રાનો ત્યાગ કરવો. કેમ જે, જેમ મૈથુને કરીને મનુષ્યના ઉપવાસનો નાશ થાય છે, તેમજ દિવસની નિંદ્રાએ કરીને, મનુષ્યના ઉપવાસનો નાશ થઈ જાય છે. ॥૮૦॥

सर्ववैष्णवराजश्रीवल्लभाचार्यनन्दनः ।
श्री विठ्ठलेशः कृतवान् यं व्रतोत्सवनिर्णयम् ॥८१॥

અને સર્વ વૈષ્ણવના રાજા એવા જે શ્રીવલ્લભાચાર્ય તેમના પુત્ર જે શ્રીવિઠ્ઠલનાથજી, તે જે તે વ્રત અને ઉત્સવના નિર્ણયને કરતા હતા. ॥૮૧॥

कार्यास्तमनुसृत्यैव सर्व एव व्रतोत्सवाः ।
सेवारीतिश्च कृष्णस्य ग्राह्या तदुदितैव हि ॥८२॥

અને તે વિઠ્ઠલનાથજીએ કર્યો જે નિર્ણય, તેને જ



અનુસરીને સર્વે વ્રતને ઉત્સવ કરવા; અને તે વિઠ્ઠલનાથજીએ કહી જે શ્રીકૃષ્ણની સેવા રીતિ તેનું જ ગ્રહણ કરવું. ॥૮૨॥

कर्तव्या द्वारिकामुख्यतीर्थयात्रा यथाविधि ।
सर्वैरपि यथाशक्ति भाव्यं दीनेषु वत्सलैः ॥८३॥

અને તે સર્વે જે અમારા આશ્રિત - તેમણે, દ્વારિકા આદિક જે તીર્થ, તેમની યાત્રા જે તે પોતાના સામર્થ્ય પ્રમાણે, યથાવિધિએ કરીને કરવી. અને વળી પોતાના સામર્થ્ય પ્રમાણે, દીનજનને વિષે દયાવાન થવું. ॥૮૩॥

विष्णुः शिवो गणपतिः पार्वती च दिवाकरः ।
एताः पूज्यतया मान्या देवताः पञ्च मामकैः ॥८४॥

અને અમારા જે આશ્રિત-તેમણે વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતી અને સૂર્ય; એ પાંચ દેવ, જે તે પૂજ્યપણે કરીને માનવા. ॥૮૪॥

भूताद्युपद्रवे क्वापि वर्म नारायणात्मकम् ।
जप्यं च हनुमन्मन्त्रो जप्यो न क्षुद्रदैवतः ॥८५॥

અને જો ક્યારેક ભૂત-પ્રેતાદિકનો ઉપદ્રવ થાય, ત્યારે તો નારાયણકવચનો જપ કરવો અથવા હનુમાનના મંત્રનો જપ કરવો; પણ એ વિના બીજા કોઈ શુદ્રદેવના સ્તોત્ર અને મંત્રનો જપ ન કરવો. ॥૮૫॥

रवेरिन्दोश्चोपरागे जायमानेऽपराः क्रियाः ।
हित्वाशु शुचिभिः सर्वैः कार्यः कृष्णमनोर्जपः ॥८६॥

અને સૂર્યને ચંદ્રમાનું ગ્રહણ થયે સતે અમારા જે સર્વ સત્સંગી, તેમણે બીજી સર્વે ક્રિયાનો તત્કાળ ત્યાગ કરીને, પવિત્ર થઈને, શ્રીકૃષ્ણ ભગવાનના મંત્રનો જપ કરવો. ॥૮૬॥

जातायामथ तन्मुक्तौ कृत्वा स्नानं सचेलकम् ।
देयं दानं गृहिजनैः शक्त्याऽन्यैस्त्वर्च्य ईश्वरः ॥८७॥



અને તે ગ્રહણ મૂકાઈ રહ્યા પછી, વસ્ત્ર સહિત સ્નાન કરીને, જે અમારા ગૃહસ્થ સત્સંગી હોય તેમણે, પોતાના સામર્થ્ય પ્રમાણે દાન કરવું, અને જે ત્યાગી હોય, તેમણે ભગવાનની પૂજા કરવી. ॥૮૭॥

जन्माशौचं मृताशौचं स्वसम्बन्धानुसारतः ।
पालनीयं यथाशास्त्रं चातुर्वर्ण्यजनैर्मम ॥८८॥

અને અમારા સત્સંગી એવા જે ચારે વર્ણના મનુષ્ય, તેમણે, જન્મનું સૂતક તથા મરણનું સૂતક, તે પોતપોતાના સંબંધને અનુસારે કરીને, યથાશાસ્ત્ર પાળવું. ॥૮૮॥

भाव्यं शमदमक्षान्तिसन्तोषादिगुणान्वितैः ।
ब्राह्मणैः शौर्यधैर्यादिगुणोपेतैश्च बाहुजैः ॥८९॥

અને જે બ્રાહ્મણ વર્ણ હોય તેમણે શમ, દમ, ક્ષમા અને સંતોષ, એ આદિક જે ગુણ, તેમણે યુક્ત થવું; અને જે ક્ષત્રિય વર્ણ હોય, તેમણે શૂરવીરપણું અને ધીરજ, એ



આદિક જે ગુણ, તેમણે યુક્ત થવું. ॥૮૯॥

वैश्यैश्च कृषिवाणिज्यकुसीदमुखवृत्तिभिः ।
भवितव्यं तथा शूद्रैर्द्विजसेवादिवृत्तिभिः ॥९०॥

અને વૈશ્ય વર્ણ હોય, તેમણે કૃષિકર્મ તથા વણજ વ્યાપાર તથા વ્યાજવટો, એ આદિક જે વૃત્તિઓ તેમણે કરીને વર્તવું; અને જે શુદ્ર વર્ણ હોય, તેમણે બ્રાહ્મણાદિક ત્રણ વર્ણની સેવા કરવી એ આદિક જે વૃત્તિઓ તેમણે કરીને વર્તવુ. ॥૯૦॥

संस्काराश्चाह्निकं श्राद्धं यथाकालं यथाधनम् ।
स्वस्वगृह्यानुसारेण कर्तव्यं च द्विजन्मभिः ॥९१॥

અને જે દ્વિજ હોય, તેમણે ગર્ભાધાનાદિક સંસ્કાર તથા આહનિક તથા શ્રાદ્ધ, એ ત્રણ જે તે પોતાના ગૃહ્યસૂત્રને અનુસારે કરીને, જેવો જેનો અવસર હોય અને જેવી જેની ધનસંપત્તિ હોય, તે પ્રમાણે કરવા. ॥૯૧॥



अज्ञानाज्ज्ञानतो वापि गुरु वा लघु पातकम् ।
क्वापि स्यात्तर्हि तत्प्रायश्चित्तं कार्यं स्वशक्तितः ॥९२॥

અને ક્યારેક જાણે અથવા અજાણે જો નાનું-મોટું પાપ થઈ જાય, તો પોતાની શક્તિ પ્રમાણે, તે પાપનું પ્રાયશ્ચિત કરવું. ॥૯૨॥

वेदाश्च व्याससूत्राणि श्रीमद्भागवताभिधम् ।
पुराणं भारते तु श्रीविष्णोर्नामसहस्रकम् ॥९३॥

અને ચાર વેદ તથા વ્યાસસૂત્ર; તથા શ્રીમદ્ ભાગવત નામે પુરાણ, તથા મહાભારતને વિષે તો શ્રીવિષ્ણુસહસ્ત્ર નામ; ॥૯૩॥

तथा श्रीभगवद्गीता नीतिश्च विदुरोदिता ।
श्रीवासुदेवमाहात्म्यं स्कान्दवैष्णवखण्डगम् ॥९४॥

તથા શ્રીભગવદ્ ગીતા, તથા વિદૂરજીએ કહેલી જે નીતિ, તથા સ્કંદપુરાણનો જે વિષ્ણુખંડ તેને વિષે રહ્યું એવું જે શ્રીવાસુદેવમાહાત્મ્ય; ॥૯૪॥

धर्मशास्त्रान्तर्गता च याज्ञवल्क्यऋषेः स्मृतिः ।
एतान्यष्ट ममेष्टानि सच्छास्त्राणि भवन्ति हि ॥९५॥

અને ધર્મશાસ્ત્રના મધ્યમાં રહી એવી જે યાજ્ઞવલ્કય ઋષિની સ્મૃતિએ જે આઠ સચ્છાસ્ત્ર તે અમને ઈષ્ટ છે. ॥૯૫॥

स्वहितेच्छुभिरेतानि मच्छिष्यैः सकलैरपि ।
श्रोतव्यान्यथ पाठ्यानि कथनीयानि च द्विजैः ॥९६॥

અને પોતાના હિતને ઈચ્છતા એવા જે અમારા સર્વે શિષ્ય-તેમણે એ આઠ સચ્છાસ્ત્ર, જે તે સાંભળવાં અને અમારા આશ્રિત, જે દ્વિજ તેમણે એ સચ્છાસ્ત્ર જે તે ભણવાં તથા ભણાવવાં તથા એમની કથા કરવી. ॥૯૬॥

तत्राचारव्यवहृतिनिष्कृतानां च निर्णये ।
ग्राह्या मिताक्षरोपेता याज्ञवल्क्यस्य तु स्मृतिः ॥९७॥

અને તે આઠ સચ્છાસ્ત્રમાંથી આચાર, વ્યવહાર



અને પ્રાયશ્ચિત એ ત્રણનો જે નિર્ણય કરવો તેને વિષે તો, મિતાક્ષરા ટીકાએ યુક્ત એવી જે યાજ્ઞવલ્કય ઋષિની સ્મૃતિ, તેનું ગ્રહણ કરવું. ॥૯૭॥

श्रीमद्भागवतस्यैषु स्कन्धौ दशमपञ्चमौ ।
सर्वाधिकतया ज्ञेयौ कृष्णमाहात्म्यबुद्धये ॥९८॥

અને વળી એ આઠ સચ્છાસ્ત્રને વિષે જે શ્રીમદ્ ભાગવત પુરાણ-તેના દશમ ને પંચમ નામે જે બે સ્કંધ, તે જે શ્રીકૃષ્ણ ભગવાનના માહાત્મ્ય જાણવાને અર્થે સર્વથી અધિકપણે જાણવા. ॥૯૮॥

दशमः पञ्चमः स्कन्धौ याज्ञवल्क्यस्य च स्मृतिः ।
भक्तिशास्त्रं योगशास्त्रं धर्मशास्त्रं क्रमेण मे ॥९९॥

અને દશમસ્કંધ તથા પંચમસ્કંધ તથા યાજ્ઞવલ્કયની સ્મૃતિ-એ જે ત્રણ, તે અનુક્રમે કરીને અમારું ભક્તિશાસ્ત્ર, યોગશાસ્ત્ર અને ધર્મશાસ્ત્ર છે, કહેતા, દશમસ્કંધ તે ભક્તિશાસ્ત્ર છે અને પંચમસ્કંધ તે



યોગશાસ્ત્ર છે અને યાજ્ઞવલ્કયની સ્મૃતિ તે ધર્મશાસ્ત્ર છે. એમ જાણવું. ॥૯૯॥

शारीरकाणां भगवद्गीतायाश्चावगम्यताम् ।
रामानुजाचार्यकृतं भाष्यमाध्यात्मिकं मम ॥१००॥

અને શ્રી રામાનુજાચાર્યે કર્યું એવું જે વ્યાસસૂત્રનું શ્રીભાષ્ય તથા શ્રીભગવદ્ગીતાનું ભાષ્ય, એ જે બે તે, અમારું અધ્યાત્મશાસ્ત્ર છે. એમ જાણવું. ॥૧૦૦॥

एतेषु यानि वाक्यानि श्रीकृष्णस्य वृषस्य च
अत्युत्कर्षपराणि स्युस्तथा भक्तिविरागयोः ॥१०१॥

અને એ સર્વે સચ્છાસ્ત્રને વિષે જે વચન, તે જે તે શ્રીકૃષ્ણ ભગવાનનું સ્વરૂપ તથા ધર્મ તથા ભક્તિ તથા વૈરાગ્ય એ ચારના અતિ ઉત્કર્ષપણાને કહેતાં હોય. ॥૧૦૧॥

मन्तव्यानि प्रधानानि तान्येवेतरवाक्यतः ।
धर्मेण सहिता कृष्णभक्तिः कार्येति तद्रहः ॥१०२॥

તે વચન જે તે બીજાં વચન કરતાં પ્રધાનપણે



માનવાં અને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ, તે જે તે ધર્મ સહિત જ કરવી; એવી રીતે તે સર્વે સચ્છાસ્ત્રનું રહસ્ય છે. ॥૧૦૨॥

धर्मो ज्ञेयः सदाचारः श्रुतिस्मृत्युपपादितः ।
माहात्म्यज्ञानयुग्भूरिस्नेहो भक्तिश्च माधवे ॥१०३॥

અને શ્રુતિ સ્મૃતિ તેમણે પ્રતિપાદન કર્યો એવો જે સદાચાર, તે ધર્મ જાણવો; અને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે માહાત્મ્યજ્ઞાને સહિત જે ઘણો સ્નેહ તે ભક્તિ જાણવી. ॥૧૦૩॥

वैराग्यं ज्ञेयमप्रीतिः श्रीकृष्णेतरवस्तुषु ।
ज्ञानं च जीवमायेशरूपाणां सुष्ठु वेदनम् ॥१०४॥

અને શ્રીકૃષ્ણ ભગવાન વિના અન્ય પદાર્થમાં પ્રીતિ નહિ, તે વૈરાગ્ય જાણવો; અને જીવ, માયા અને ઈશ્વર, તેમના સ્વરૂપને જે રૂડી રીતે જાણવું, તેને જ્ઞાન કહીએ. ॥૧૦૪॥

हृत्स्थोऽणुसूक्ष्मश्चिद्रूपो ज्ञाता व्याप्याखिलां तनुम्।
ज्ञानशक्त्या स्थितो जीवो ज्ञेयोऽच्छेद्यादिलक्षणः ॥१०५॥

અને જીવ છે, તે હૃદયને વિષે રહ્યો છે, ને અણુ સરખો સૂક્ષ્મ છે; ને ચૈતન્યરૂપ છે; ને જાણનારો છે; અને પોતાની જ્ઞાનશક્તિએ કરીને નખથી શિખા પર્યંત સમગ્ર પોતાના દેહ પ્રત્યે વ્યાપીને રહ્યો છે; અને અછેદ્ય, અભેદ્ય, અજર, અમર, ઈત્યાદિક છે લક્ષણ જેનાં એવો જીવ છે; એમ જાણવો. ॥૧૦૫॥

त्रिगुणात्मा तमः कृष्णशक्तिर्देहतदीययोः ।
जीवस्य चाहं ममताहेतुर्मायावगम्यताम् ॥१०६॥

અને જે માયા છે, તે ત્રિગુણાત્મિકા છે; ને અંધકારરૂપ છે; ને શ્રીકૃષ્ણ ભગવાનનીશક્તિ છે; અને આ જીવને દેહ તથા દેહના જે સંબંધી, તેમને વિષે અહંમમત્વની કરાવનારી છે; એમ માયાને જાણવી. ॥૧૦૬॥



हृदये जीववज्जीवे योऽन्तर्यामितया स्थितः ।
ज्ञेयः स्वतन्त्र ईशोऽसौ सर्वकर्म फलप्रदः ॥१०७॥

અને જે ઈશ્વર છે, તે જે તે, જેમ હૃદયને વિષે જીવ રહ્યો છે, એમ તે જીવને વિષે અંતર્યામીપણે કરીને રહ્યા છે; ને સ્વતંત્ર છે; ને સર્વ જીવને કર્મફળના આપનારા છે; એમ ઈશ્વરને જાણવા. ॥૧૦૭॥

स श्रीकृष्णः परंब्रह्म भगवान् पुरुषोत्तमः ।
उपास्य इष्टदेवो नः सर्वाविर्भावकारणम् ॥१०८॥

અને તે ઈશ્વર તે ક્યા - તો પરબ્રહ્મ પુરુષોત્તમ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે ઈશ્વર છે અને તે શ્રીકૃષ્ણ, જે તે આપણા ઈષ્ટદેવ છે, ને ઉપાસના કરવા યોગ્ય છે અને સર્વ અવતારના કારણ છે. ॥૧૦૮॥

स राधया युतो ज्ञेयो राधाकृष्ण इति प्रभुः ।
रुक्मिण्या रमयोपेतो लक्ष्मीनारायणः सहि ॥१०९॥



અને સમર્થ એવા જે શ્રીકૃષ્ણ, તે જે તે રાધિકાજીએ યુક્ત હોય, ત્યારે 'રાધાકૃષ્ણ' એવે નામે જાણવા; અને રુકમણી રૂપ જે લક્ષ્મી તેમણે યુક્ત હોય, ત્યારે 'લક્ષ્મીનારાયણ' એવે નામ જાણવા; ॥૧૦૯॥

ज्ञेयोऽर्जुनेन युक्तोऽसौ नरनारायणाभिधः ।
बलभद्रादियोगेन तत्तन्नामोच्यते स च ॥११०॥

અને એ શ્રીકૃષ્ણ, જે તે અર્જુને યુક્ત હોય, ત્યારે 'નરનારાયણ' એવે નામે જાણવા અને વળી તે શ્રીકૃષ્ણ, જે તે બલભદ્રાદિકને યોગે કરીને તે તે નામે કહેવાય છે, એમ જાણવું; ॥૧૧૦॥

एते राधादयो भक्तास्तस्य स्युः पार्श्वतः क्वचित्।
क्वचित्तदङ्गेऽतिस्नेहात्स तु ज्ञेयस्तदैकलः ॥१११॥

અને એ જે રાધાદિક ભક્ત, તે જે તે ક્યારેક તો તે શ્રીકૃષ્ણ ભગવાનને પડખે હોય છે અને ક્યારેક તો અતિ સ્નેહે કરીને, શ્રીકૃષ્ણ ભગવાનના અંગને વિષે



રહે છે, ત્યારે તો તે શ્રીકૃષ્ણ ભગવાન એકલા જ હોય, એમ જાણવા. ॥૧૧૧॥

अतश्चास्य स्वरूपेषु भेदो ज्ञेयो न सर्वथा ।
चतुरादिभुजत्वं तु द्विबाहोस्तस्य चैच्छिकम् ॥११२॥

એ હેતુ માટે શ્રીકૃષ્ણ ભગવાનનાં જે સ્વરૂપ, તેમને વિષે સર્વ પ્રકારે કરીને ભેદ ન જાણવો; અને ચતુર્ભુજપણું, અષ્ટભુજપણું, સહસ્ત્રભુજપણું, ઈત્યાદિક જે ભેદ જણાય છે, તે તો દ્વિભુજ એવા જે તે શ્રીકૃષ્ણ, તેમની ઈચ્છાએ કરીને છે એમ જાણવું. ॥૧૧૨॥

तस्यैव सर्वथा भक्तिः कर्तव्या मनुजैर्भुवि ।
निःश्रेयसकरं किञ्चित्ततोऽन्यन्नेति दृश्यताम् ॥११३॥

અને એવા જે તે શ્રીકૃષ્ણ ભગવાન, તેની જે ભક્તિ તે જે તે પૃથ્વીને વિષે સર્વ મનુષ્ય તેમણે કરવી અને તે ભક્તિ થકી, બીજું કલ્યાણકારી સાધન કાંઈ નથી, એમ જાણવું. ॥૧૧૩॥

गुणिनां गुणवत्ताया ज्ञेयं ह्येतत् परं फलम् ।
कृष्णे भक्तिश्च सत्सङ्गोऽन्यथा यान्ति विदोऽप्यधः ॥११४॥

અને વિદ્યાદિક ગુણવાળા જે પુરુષ, તેમના ગુણવાનપણાનું એ જ પરમ ફળ જાણવું. ક્યું તો જે શ્રીકૃષ્ણ ભગવાનને વિષે ભક્તિ કરવી ને સત્સંગ કરવો; અને એમ ભક્તિ ને સત્સંગ-એ બે વિના તો વિદ્વાન હોય, તે પણ અધોગતિને પામે છે. ॥૧૧૪॥

कृष्णस्तदवताराश्च ध्येयास्तत्प्रतिमापि च ।
न तु जीवा नृदेवाद्या भक्ता ब्रह्मविदोऽपि च ॥११५॥

અને શ્રીકૃષ્ણ ભગવાન તથા શ્રીકૃષ્ણ ભગવાનના જે અવતાર તે જે તે ધ્યાન કરવા યોગ્ય છે, તથા શ્રીકૃષ્ણ ભગવાનની જે પ્રતિમા, તે પણ ધ્યાન કરવા યોગ્ય છે; માટે એમનું ધ્યાન કરવું અને મનુષ્ય તથા દેવાદિક જે જીવ, તે તો શ્રીકૃષ્ણ ભગવાનના ભક્ત હોય અને બ્રહ્મવેત્તા હોય તો પણ ધ્યાન કરવા યોગ્ય



નથી. માટે એમનું ધ્યાન ન કરવું. ॥૧૧૫॥

निजात्मानं ब्रह्मरुपं देहत्रयविलक्षणम् ।
विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा ॥११६॥

અને સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ-એ જે ત્રણ દેહ, તે થકી વિલક્ષણ એવો જે પોતાનો જીવાત્મા, તેને બ્રહ્મરૂપની ભાવના કરીને, પછી તે બ્રહ્મરૂપે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ, જે તે સર્વ કાળને વિષે કરવી. ॥૧૧૬॥

श्रव्यः श्रीमद्भागवतदशमस्कन्ध आदरात् ।
प्रत्यहं वा सकृद्वर्षे वर्षे वाच्योऽथ पण्डितैः ॥११७॥

અને શ્રીમદ્ ભાગવતપુરાણનો જે દશમસ્કંધ તે જે તે નિત્ય પ્રત્યે આદર થકી સાંભળવો; અથવા વર્ષો વર્ષ એક વાર સાંભળવો અને જે પંડિત હોય, તેમણે નિત્ય પ્રત્યે વાંચવો અથવા વર્ષો વર્ષ એકવાર વાંચવો. ॥૧૧૭॥



कारणीया पुरश्चर्या पुण्यस्थानेऽस्य शक्तितः ।
विष्णुनामसहस्त्रादेश्चापि कार्येप्सितप्रदा ॥११८॥

અને એ જે દશમસ્કંધ તેનું પુરશ્ચરણ, જે તે પુણ્ય સ્થાનકને વિષે પોતાના સામર્થ્ય પ્રમાણે કરવું-કરાવવું; અને વળી વિષ્ણુસહસ્રનામ આદિક જે સચ્છાસ્ત્ર, તેનું પુરશ્ચરણ પણ પોતાના સામર્થ્ય પ્રમાણે કરવું-કરાવવું; તે પુરશ્ચરણ કેવું છે, તો પોતાના મનવાંછિત ફળને આપે એવું છે. ॥૧૧૮॥

दैव्यामापदि कष्टायां मानुष्यां वा गदादिषु ।
यथा स्वपररक्षा स्यात्तथा वृत्यं न चान्यथा ॥११९॥

અને કષ્ટની દેનારી એવી કોઈ દેવસંબંધી આપદા આવી પડે તથા મનુષ્ય સંબંધી આપદા આવી પડે, તથા રોગાદિક આપદા આવી પડે, તેને વિષે જેમ પોતાની ને બીજાની રક્ષા થાય, તેમ વર્તવું, પણ બીજી રીતે ન વર્તવું. ॥૧૧૯॥



देशकालवयोवित्जातिशक्त्यनुसारतः ।
आचारो व्यवहारश्च निष्कृतं चावधार्यताम् ॥१२०॥

અને આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત એ જે ત્રણવાનાં, તે જે તે દેશ, કાળ, અવસ્થા, દ્રવ્ય, જાતિ અને સામર્થ્ય એટલાંને અનુસારે કરીને જાણવાં. ॥૧૨૦॥

मतं विशिष्टाद्वैतं मे गोलोको धाम चेप्सितम् ।
तत्र ब्रह्मात्मना कृष्णसेवा मुक्तिश्च गम्यताम् ॥१२१॥

અને અમારો જે મત, તે વિશિષ્ટાદ્વૈત છે, એમ જાણવું; અને અમને પ્રિય એવું જે ધામ તે ગોલોક છે, એમ જાણવું અને તે ધામને વિષે, બ્રહ્મરૂપે કરીને જે શ્રીકૃષ્ણ ભગવાનની સેવા કરવી, તેને અમે મુક્તિ માની છે, એમ જાણવું. ॥૧૨૧॥

एते साधारणा धर्माः पुंसां स्त्रीणां च सर्वतः ।
मदाश्रितानां कथिता विशेषानथ कीर्तये ॥१२२॥

અને આ જે પૂર્વે સર્વે ધર્મ કહ્યા, તે જે તે અમારા

આશ્રિત-જે ત્યાગી, ગૃહસ્થબાઈ, ભાઈ-સર્વે સત્સંગી-તેમના સામાન્ય ધર્મ કહ્યા છે; કહેતાં સર્વ સત્સંગી માત્રને સરખા પાળવાના છે. અને એ સર્વેના જે વિશેષ ધર્મ છે તેમને પૃથક્ પૃથક્ કરીને કહીએ છીએ. ॥૧૨૨॥

मज्ज्येष्ठावरजभ्रातृसुताभ्यां तु कदाचन ।
स्वासन्नसम्बन्धहीना नोपदेश्या हि योषितः ॥१२३॥

હવે પ્રથમ ધર્મવંશી જે આચાર્ય અને તેમની પત્નીઓ, તેમના જે વિશેષ ધર્મ, તે કહીએ, છીએ : અમારા મોટાભાઈ અને નાનાભાઈ-તેમના પુત્ર જે અયોધ્યાપ્રસાદ અને રઘુવીર, તેમણે પોતાના સમીપ સંબંધ વિનાની જે બીજી સ્ત્રીઓ, તેમને મંત્ર-ઉપદેશ, ક્યારેય ન કરવો. ॥૧૨૩॥

न स्प्रष्टव्याश्च ताः क्वापि भाषणीयाश्च ता नहि ।
क्रौर्यं कार्यं न कस्मिंश्चिन्न्यासो रक्ष्यो न कस्यचित् ॥१२४॥

અને તે સ્ત્રીઓને ક્યારેય પણ અડવું નહિ અને



તે સાથે બોલવું નહિ અને કોઈ જીવને વિષે ક્રૂરપણું ન કરવું અને કોઈની થાપણ ન રાખવી. ॥૧૨૪॥

प्रतिभूत्वं न कस्यापि कार्यं च व्यावहारिके ।
भिक्षयापदतिक्रम्या न तु कार्यमृणं क्वचित् ॥१२५॥

અને વ્યવહાર-કાર્યને વિષે કેનું પણ જમાનગરુ ન કરવું અને કોઈ આપત્કાળ આવી પડે તો ભિક્ષા માગીને પોતાનો નિર્વાહ કરીને તે આપત્કાળને ઉલ્લંઘવો, પણ કોઈનું કરજ તો ક્યારેય ન કરવું. ॥૧૨૫॥

स्वशिष्यार्पितधान्यस्य कर्तव्यो विक्रयो न च ।
जीर्णं दत्वा नवीनं तु ग्राह्यं तन्नैष विक्रयः ॥१२६॥

અને પોતાના જે શિષ્ય, તેમણે ધર્મ નિમિત્તે પોતાને આપ્યું જે અન્ન, તે વેચવું નહિ; અને તે અન્ન, જૂનું થાય તો તે જૂનું કોઈકને દઈને નવું લેવું; અને એવી રીતે જે જૂનાનું નવું કરવું, તે વેચ્યું ન કહેવાય; ॥૧૨૬॥



भाद्रशुक्लचतुर्थ्यां च कार्यं विघ्नेशपूजनम् ।
इषकृष्णचतुर्दश्यां कार्याऽर्चा च हनूमतः ॥१२७॥

અને ભાદરવા સુદી ચતુર્થીને દિવસે ગણપતિની પૂજા કરવી તથા આસો વદી ચતુર્દશીને દિવસે હનુમાનજીની પૂજા કરવી. ॥૧૨૭॥

मदाश्रितानां सर्वेषां धर्मरक्षणहेतवे ।
गुरुत्वे स्थापिताभ्यां च ताभ्यां दीक्ष्या मुमुक्षवः ॥१२८॥

અને અમારે આશ્રિત જે સર્વે સત્સંગી, તેમના ધર્મની રક્ષા કરવાને અર્થે એ સર્વેના ગુરુપણાને વિષે, અમે સ્થાપન કર્યા, એવા જે તે અયોધ્યાપ્રસાદ અને રઘુવીર, તેમણે મુમુક્ષુ જનને દીક્ષા આપવી. ॥૧૨૮॥

यथाधिकारं संस्थाप्याः स्वे स्वे धर्मे निजाश्रिताः ।
मान्याः सन्तश्च कर्तव्यः सच्छास्त्राभ्यास आदरात् ॥१२९॥

અને પોતાના આશ્રિત જે સર્વે સત્સંગી, તેમને,



અધિકાર પ્રમાણે પોતપોતાના ધર્મને વિષે રાખવા અને સાધુને આદર થકી માનવા. તથા સચ્છાસ્ત્રનો અભ્યાસ આદર થકી કરવો. ॥૧૨૯॥

मया प्रतिष्ठापितानां मन्दिरेषु महत्सु च ।
लक्ष्मीनारायणादीनां सेवा कार्या यथाविधि ॥१३०॥

અને મોટાં જે મંદિર-તેમને વિષે અમે સ્થાપન કર્યા એવાં જે શ્રીલક્ષ્મીનારાયણ આદિક શ્રીકૃષ્ણનાં સ્વરૂપ, તેમની જે સેવા, તે યથા વિધિએ કરીને કરવી. ॥૧૩૦॥

भगवन्मन्दिरं प्राप्तो योऽन्नार्थी कोऽपि मानवः ।
आदरात्स तु सम्भाव्यो दानेनान्नस्य शक्तितः ॥१३१॥

અને ભગવાનના મંદિર પ્રત્યે આવ્યો, જે હરકોઈ અન્નાર્થી મનુષ્ય, તેની પોતાના સામર્થ્ય પ્રમાણે અન્નના દાને કરીને આદર થકી સંભાવના કરવી. ॥૧૩૧॥

संस्थाप्य विप्रं विद्वांसं पाठशालां विधाप्य च ।
प्रवर्तनीया सद्विद्या भुवि यत्सुकृतं महत् ॥१३२॥

અને વિદ્યાર્થી ભણાવ્યાની શાળા કરાવીને, પછી તેમાં એક વિદ્વાન બ્રાહ્મણને રાખીને, પૃથ્વીને વિષે સદ્‌વિદ્યાની પ્રવૃત્તિ કરાવવી; કેમ જે વિદ્યાદાને કરીને મોટું પુણ્ય થાય છે. ॥૧૩૨॥

अथैतयोस्तु भार्याभ्यामाज्ञया पत्युरात्मनः ।
कृष्णमन्त्रोपदेशश्च कर्तव्यः स्त्रीभ्य एव हि ॥१३३॥

અને હવે એ અયોધ્યાપ્રસાદ અને રઘુવીર એ બેની જે પત્નીઓ, તેમણે પોતપોતાના, પતિની આજ્ઞાએ કરીને, સ્ત્રીઓને જ શ્રીકૃષ્ણના મંત્રનો ઉપદેશ કરવો, પણ પુરુષને ન કરવો. ॥૧૩૩॥

स्वासन्नसम्बन्धहीना नरास्ताभ्यां तु कर्हिचित् ।
न स्प्रष्टव्या न भाष्याश्च तेभ्यो दर्श्यं मुखं न च ॥१३४॥

અને વળી તે બે જણની જે પત્નીઓ, તેમણે



પોતાના સમીપ સંબંધ વિનાના જે પુરુષ તેમનો સ્પર્શ ક્યારેય ન કરવો, અને તેમની સાથે બોલવું નહિ, ને એમને પોતાનું મુખ પણ ન દેખાડવું (એવી રીતે ધર્મવંશી આચાર્ય અને તેમની પત્નીઓ તેમના જે વિશેષ ધર્મ છે તે કહ્યા) ॥૧૩૪॥

गृहाख्याश्रमिणो ये स्युः पुरुषा मदुपाश्रिताः ।
स्वासन्नसम्बन्धहीना न स्पृश्या विधवाश्च तैः ॥१३५॥

હવે ગૃહસ્થાશ્રમીના જે વિશેષ ધર્મ છે, તે કહીએ છીએ : અમારે આશ્રિત જે, ગૃહસ્થાશ્રમી પુરુષ તેમણે પોતાના સમીપ સંબંધ વિનાની જે વિધવા સ્ત્રીઓ, તેમનો સ્પર્શ ન કરવો. ॥૧૩૫॥

मात्रा स्वस्रा दुहित्रा वा विजने तु वयःस्थया ।
अनापदि न तैः स्थेयं कार्यः दानम् न योषितः ॥१३६॥

અને તે ગૃહસ્થાશ્રમી પુરુષ, તેમણે યુવાન અવસ્થાએ યુક્ત એવી જે પોતાની મા, બહેન અને



દીકરી, તે સંગાથે પણ આપત્કાળ વિના એકાંત સ્થળને વિષે ન રહેવું અને પોતાની સ્ત્રીનું દાન કોઈને ન કરવું. ॥૧૩૬॥

प्रसङ्गो व्यवहारेण यस्याः केनापि भूपतेः ।
भवेत्तस्याः स्त्रियाः कार्यः प्रसङ्गो नैव सर्वथा ॥१३७॥

અને જે સ્ત્રીને કોઈ પ્રકારના વ્યવહારે કરીને, રાજાનો પ્રસંગ હોય તેવી સ્ત્રીનો જે પ્રસંગ તે, કોઈ પ્રકારે પણ ન જ કરવો. ॥૧૩૭॥

अन्नाद्यैः शक्तितोऽभ्यर्च्यो ह्यतिथिस्तैर्गृहागतः ।
दैवं पैत्र्यं यथाशक्ति कर्तव्यं च यथोचितम् ॥१३८॥

અને તે ગૃહસ્થાશ્રમી, તેમણે પોતાને ઘેર આવ્યો એવો જે અતિથિ, તેને, પોતાના સામર્થ્ય પ્રમાણે અન્નાદિકે કરીને પૂજવો; અને વળી હોમાદિક જે દેવકર્મ અને શ્રદ્ધાદિક જે પિતૃકર્મ, તે જે તે પોતાના સામર્થ્ય પ્રમાણે યથાવિધિ જેમ ઘટે તેમ કરવું. ॥૧૩૮॥



यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकैः ॥१३९॥

અને અમારા આશ્રિત જે ગૃહસ્થ, તેમણે માતા-પિતા અને ગુરુ તથા રોગાતુર એવા જે કોઈ મનુષ્ય, તેમની જે સેવા, તે જીવનપ્રર્યંત પોતાના સામર્થ્ય પ્રમાણે કરવી. ॥૧૩૯॥

यथाशक्त्युद्यमः कार्यो निजवर्णाश्रमोचितः ।
मुष्कच्छेदो न कर्तव्यो वृषस्य कृषिवृत्तिभिः ॥१४०॥

અને વળી પોતાના વર્ણાશ્રમને ઘટિત એવો જે ઉદ્યમ, તે પોતાના સામર્થ્ય પ્રમાણે કરવો અને કૃષિવૃત્તિવાળા જે ગૃહસ્થ સત્સંગી, તેમણે બળદિયાના વૃષણનો ઉચ્છેદ ન કરવો. ॥૧૪૦॥

यथाशक्ति यथाकालं सङ्ग्रहोऽन्नधनस्य तैः ।
यावद्व्ययं च कर्तव्यः पशुमद्भिस्तृणस्य च ॥१४१॥

અને તે ગૃહસ્થ સત્સંગી, તેમણે પોતાના સામર્થ્ય

પ્રમાણે સમયને અનુસરીને જેટલો પોતાના ઘરમાં વરો હોય, તેટલાં અન્ન-દ્રવ્યનો સંગ્રહ જે તે કરવો, અને જેના ઘરમાં પશુ હોય એવા જે ગૃહસ્થ, તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે ચાર્યપૂળાનો સંગ્રહ કરવો. ॥૧૪૧॥

गवादीनां पशूनां च तृणतोयादिभिर्यदि ।
सम्भावनं भवेत्स्वेन रक्ष्यास्ते तर्हि नान्यथा ॥१४२॥

અને ગાય, બળદ, ભેંસ, ઘોડા આદિક જે પશુ તેમની તૃણ-જળાદિકે કરીને પોતાવતે જો સંભાવના થાય, તો તે પશુને રાખવાં, અને જો સંભાવના ન થાય, તો ન રાખવાં. ॥૧૪૨॥

ससाक्ष्यमन्तरा लेखं पुत्रमित्रादिनाऽपि च ।
भूवित्तदानादानाभ्यां व्यवहार्यं न कर्हिचित् ॥१४३॥

અને સાક્ષીએ સહિત લખત કર્યા વિના તો પોતાના પુત્ર અને મિત્રાદિક સાથે પણ પૃથ્વી ને ધનના લેણદેણે કરીને વ્યવહાર, જે તે ક્યારેય ન કરવો. ॥૧૪૩॥



कार्ये वैवाहिके स्वस्यान्यस्य वाऽर्प्यधनस्य तु ।
भाषाबन्धो न कर्तव्यः ससाक्ष्यं लेखमन्तरा ॥१४४॥

અને પોતાનું અથવા બીજાનું જે વિવાહ સંબંધી કાર્ય, તેને વિષે આપવા યોગ્ય જે ધન, તેનું સાક્ષીએ સહિત લખત કર્યા વિના કેવળ બોલી જ ન કરવી. ॥૧૪૪॥

आयद्रव्यानुसारेण व्ययः कार्यो हि सर्वदा ।
अन्यथा तु महद्दुःखं भवेदित्यवधार्यताम् ॥१४५॥

અને પોતાની ઊપજનું જે દ્રવ્ય, તેને અનુસારે નિરંતર ખર્ચ કરવો, પણ તે ઉપરાંત ન કરવો; અને જે ઊપજ કરતાં વધારે ખર્ચ કરે છે, તેને મોટું દુઃખ થાય છે, એમ સર્વે ગૃહસ્થોએ મનમાં જાણવું. ॥૧૪૫॥

द्रव्यस्यायो भवेद्यावान् व्ययो वा व्यावहारिके ।
तौ संस्मृत्य स्वयं लेख्यौ स्वक्षरैः प्रतिवासरम् ॥१४६॥

અને પોતાના વ્યવહારકાર્યને વિષે જેટલા



ધનની ઊપજ હોય તથા જેટલો ખર્ચ હોય, તે બેયને સંભારીને નિત્ય પ્રત્યે રૂડા અક્ષરે કરીને પોતે તેનું નામું લખવું. ॥૧૪૬॥

निजवृत्त्युद्यमप्राप्तधनधान्यादितश्च तैः ।
अर्प्यो दशांशः कृष्णाय विंशोंऽशस्त्विह दुर्बलैः ॥१४७॥

અને તે ગૃહસ્થાશ્રમી સત્સંગી તેમણે, પોતાની જે વૃત્તિ અને ઉદ્યમ, તે થકી પામ્યું જે ધનધાન્યાદિક, તે થકી દસમો ભાગ કાઢીને શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કરવો; અને જે વ્યવહારે દુર્બળ હોય, તેમણે વીસમો ભાગ અર્પણ કરવો. ॥૧૪૭॥

एकादशीमुखानां च व्रतानां निजशक्तितः ।
उद्यापनं यथाशास्त्रं कर्तव्यं चिन्तितार्थदम् ॥१४८॥

અને એકાદશી આદિક જે વ્રત, તેમનું જે ઉદ્યાપન તે જે તે પોતાના સામર્થ્ય પ્રમાણે યથાશાસ્ત્ર કરવું; તે ઉદ્યાપન કેવું છે, તો મનવાંછિત ફળનું આપનારું છે. ॥૧૪૮॥



कर्तव्यं कारणीयं वा श्रावणे मासि सर्वथा ।
बिल्वपत्रादिभिः प्रीत्या श्रीमहादेवपूजनम् ॥१४९॥

અને શ્રાવણ માસને વિષે શ્રીમહાદેવનું પૂજન જે તે બિલ્વપત્રાદિકે કરીને પ્રીતિપૂર્વક સર્વ પ્રકારે પોતે કરવું અથવા બીજા પાસે કરાવવું. ॥૧૪૯॥

स्वाचार्यान्न ऋणं ग्राह्यं श्रीकृष्णस्य च मन्दिरात् ।
ताभ्यां स्वव्यवहारार्थं पात्रभूषांशुकादि च ॥१५०॥

અને પોતાના જે આચાર્ય, તે થકી તથા શ્રીકૃષ્ણ ભગવાનનાં જે મંદિર, તે થકી કરજ ન કાઢવું; અને વળી તે પોતાના આચાર્ય થકી અને શ્રીકૃષ્ણના મંદિર થકી પોતાના વ્યવહારને અર્થે પાત્ર, ઘરેણાં અને વસ્ત્રાદિક જે વસ્તુ, તે માગી લાવવાં નહિ. ॥૧૫૦॥

श्रीकृष्णगुरुसाधूनां दर्शनार्थं गतौ पथि ।
तत्स्थानेषु च न ग्राह्यं परान्नं निजपुण्यहृत् ॥१५१॥

અને શ્રીકૃષ્ણ ભગવાન તથા પોતાના ગુરુ તથા

સાધુ એમનાં દર્શન કરવાને અર્થે જાતે, સતે, માર્ગને વિષે પારકું અન્ન ખાવું નહિ; તથા શ્રીકૃષ્ણ ભગવાન તથા પોતાના ગુરુ તથા સાધુ, તેમનાં જે સ્થાનક, તેમને વિષે પણ પારકું અન્ન ખાવું નહિ; કેમ જે તે પારકું અન્ન તો પોતાના પુણ્યને હરી લે એવું છે, માટે પોતાની ગાંઠનું ખરચ ખાવું. ॥૧૫૧॥

प्रतिज्ञातं धनं देयं यत्स्यात्तत् कर्मकारिणे ।
न गोप्यमृणशुद्धयादि व्यवहार्यं न दुर्जनैः ॥१५२॥

અને પોતાના કામકાજ કરવા તેડ્યા જે મજૂર, તેમને જેટલું ધન અથવા ધાન્ય દીધાનું કહ્યું હોય, તે પ્રમાણે જ આપવું, પણ તેમાંથી ઓછું ન આપવું; અને પોતા પાસે કોઈ કરજ માગતા હોય અને તે કરજ દઈ ચૂક્યા હોઈએ, તે વાતને છાની ન રાખવી તથા પોતાનો વંશ તથા કન્યાદાન, તે પણ છાનું ન રાખવું; અને દુષ્ટ એવા જે જન, તેમની સાથે વ્યવહાર ન કરવો. ॥૧૫૨॥



दुष्कालस्य रिपूणां वा नृपस्योपद्रवेण वा ।
लज्जाधनप्राणनाशः प्राप्तः स्याद्यत्र सर्वथा ॥१५३॥

અને જે ઠેકાણે પોતે રહેતા હોઈએ, તે ઠેકાણે કોઈક કઠણ-ભૂંડો કાળ અથવા શત્રુ અથવા રાજા, તેમના ઉપદ્રવે કરીને સર્વ પ્રકારે પોતાની લાજ જતી હોય કે ધનનો નાશ થતો હોય; કે પોતાના પ્રાણનો નાશ થતો હોય, ॥૧૫૩॥

मूलदेशोऽपि स स्वेषां सद्य एव विचक्षणैः ।
त्याज्यो मदाश्रितैः स्थेयं गत्वा देशान्तरं सुखम् ॥१५४॥

અને તે જો પોતાના મૂળ ગરાસનું તથા વતનનું ગામ હોય, તો પણ તેનો, વિવેકી એવા જે અમારા સત્સંગી ગૃહસ્થ, તેમણે તત્કાળ ત્યાગ કરી દેવો. અને જ્યાં ઉપદ્રવ ન હોય, તેવો જે બીજો દેશ, તે પ્રત્યે જઈને સુખેથી રહેવું. ॥૧૫૪॥



आढ्यैस्तु गृहिभिः कार्या अहिंसा वैष्णवा मखाः ।
तीर्थेषु पर्वसु तथा भोज्या विप्राश्च साधवः ॥१५५॥

અને ધનાઢ્ય એવા જે ગૃહસ્થ સત્સંગી, તેમણે હિંસા એ રહિત એવા જે વિષ્ણુ સંબંધી યજ્ઞ, તે કરવા; તથા તીર્થને વિષે તથા દ્વાદશીઆદિ પર્વને વિષે બ્રાહ્મણ તથા સાધુ, તેમને જમાડવા. ॥૧૫૫॥

महोत्सवा भगवतः कर्तव्या मन्दिरेषु तैः ।
देयानि पात्रविप्रेभ्यो दानानि विविधानि च ॥१५६॥

અને ધનાઢ્ય એવા જે ગૃહસ્થ સત્સંગી, તેમણે ભગવાનના મંદિરને વિષે મોટા ઉત્સવો કરાવવા તથા સુપાત્ર એવા જે બ્રાહ્મણ, તેમને નાના પ્રકારનાં દાન દેવાં. ॥૧૫૬॥

मदाश्रितैर्नृपैर्धर्मशास्त्रमाश्रित्य चाखिलाः ।
प्रजाः स्वाः पुत्रवत्पाल्या धर्मः स्थाप्यो धरातले ॥१५७॥

અને અમારે આશ્રિત એવા જે સત્સંગી રાજા,



તેમણે ધર્મશાસ્ત્રને, આશરીને પોતાના પુત્રની પેઠે પોતાની પ્રજાનું પાલન કરવું અને પૃથ્વીને વિષે ધર્મનું સ્થાપન કરવું. ॥૧૫૭॥

राज्याङ्गोपायषड्वर्गा ज्ञेयास्तीर्थानि चाञ्जसा ।
व्यवहारविदः सभ्या, दण्ड्यादण्ड्याश्च लक्षणैः ॥१५८॥

અને તે રાજા-તેમણે રાજ્યનાં જે સાત અંગ તથા ચાર ઉપાય તથા છ ગુણ, તે જે તે લક્ષણે કરીને યથાર્થ પણે જાણવાં. અને તીર્થ - જે ચાર મોકલ્યાનાં સ્થાનક, તથા વ્યવહારના જાણનારા જે સભાસદ તથા દંડવા યોગ્ય જે માણસ, તથા દંડવા યોગ્ય નહિ એવા જે માણસ-એ સર્વને લક્ષણે કરીને યથાર્થપણે જાણવા. ॥૧૫૮॥

सभर्तृकाभिर्नारीभिः सेव्यः स्वपतिरीशवत् ।
अन्धो रोगी दरिद्रो वा षण्ढो वाच्यं न दुर्वचः ॥१५९॥

હવે સુવાસિની બાઈઓના વિશેષ ધર્મ કહીએ છીએ : અમારે આશ્રિત જે સુવાસિની બાઈઓ,

તેમણે પોતાનો પતિ અંધ હોય, રોગી હોય, દરિદ્રી હોય, નપુંસક હોય તો પણ તેને ઈશ્વરની પેઠે સેવવો અને પતિ પ્રત્યે કટુ વચન ન બોલવું. ॥૧૫૯॥

रूपयौवनयुक्तस्य गुणिनोऽन्यनरस्य तु ।
प्रसङ्गो नैव कर्तव्यस्ताभिः साहजिकोऽपि च ॥१६०॥

અને તે સુવાસિની સ્ત્રીઓ, તેમણે રૂપને યૌવન-તેણે યુક્ત અને ગુણવાન એવો જે અન્ય પુરુષ તેનો પ્રસંગ સહજ સ્વભાવે પણ ન જ કરવો. ॥૧૬૦॥

नरेक्ष्यनाभ्यूरुकुचाऽनुत्तरीया च नो भवेत् ।
साध्वी स्त्री न च भण्डेक्षा न निर्लज्जादिसङ्गिनी ॥१६१॥

અને પતિવ્રતા એવી જે સુવાસિની સ્ત્રીઓ, તેમણે પોતાની નાભિ, સાથળ અને છાતી, તેને બીજો પુરુષ દેખે, એમ ન વર્તવુ; અને ઓઢ્યાના વસ્ત્ર વિના ઉઘાડે શરીરે ન રહેવું; અને ભાંડભવાઈ જોવા ન જવું; અને નિર્લજ એવી જે સ્ત્રીઓ તથા



સ્વૈરિણી, કામિની અને પુંશ્ચલી એવી જે સ્ત્રીઓ તેમનો સંગ ન કરવો. ॥૧૬૧॥

भूषासदंशुकधृतिः परगेहोपवेशनम् ।
त्याज्यं हास्यादि च स्त्रीभिः पत्यौ देशान्तरं गते ॥१६२॥

અને સુવાસિની સ્ત્રીઓ, તેમણે પોતાનો પતિ પરદેશ ગયે સતે આભૂષણ ન ધારવાં, ને રૂડાં વસ્ત્ર ન પહેરવાં, ને પારકે ઘેર બેસવા ન જવું, અને હાસ્યવિનોદાદિકનો ત્યાગ કરવો. ॥૧૬૨॥

विधवाभिस्तु योषाभिः सेव्यः पतिधिया हरिः ।
आज्ञायां पितृपुत्रादेर्वृत्यं स्वातन्त्र्यतो न तु ॥१६३॥

હવે વિધવા સ્ત્રીઓના વિશેષ ધર્મ કહીએ છીએ : અમારે આશ્રિત જે વિધવા સ્ત્રીઓ, તેમણે તો પતિ-બુદ્ધિએ કરીને શ્રીકૃષ્ણ ભગવાનને સેવવા; અને પોતાના પિતા-પુત્રાદિક જે સંબંધી, તેમની આજ્ઞાને વિષે વર્તવુ, પણ સ્વતંત્રપણે ન વર્તવુ. ॥૧૬૩॥



स्वासन्नसम्बन्धहीना नराः स्पृस्या न कर्हिचित् ।
तरुणैस्तैश्च तारुण्ये भाष्यं नावश्यकं विना ॥१६४॥

અને તે વિધવા સ્ત્રીઓ, તેમણે પોતાના સમીપ સંબંધ વિનાના જે પુરુષ તેમનો સ્પર્શ ક્યારેય ન કરવો, અને પોતાની યુવા અવસ્થાને વિષે અવશ્ય કાર્ય વિના સમીપ સંબંધ વિનાના જે યુવાન પુરુષ, તેમની સાથે ક્યારેય પણ બોલવું નહિ. ॥૧૬૪॥

स्तनन्धयस्य नुः स्पर्शे न दोषोऽस्ति पशोरिवः ।
आवश्यके च वृद्धस्य स्पर्शे तेन च भाषणे ॥१६५॥

અને ધાવણો જે બાળક, તેના સ્પર્શને વિષે તો જેમ પશુને અડી જવાય અને દોષ નથી, તેમ દોષ નથી; અને કોઈ અવશ્યનું કામકાજ પડે, તેને વિષે કોઈક વૃદ્ધ પુરુષને અડી જવાય, તથા તે વૃદ્ધ સાથે બોલાય, તેને વિષે દોષ નથી. ॥૧૬૫॥



विद्याऽनासन्नसम्बन्धात्ताभिः पाठ्या न काऽपि नुः ।
व्रतोपवासैः कर्तव्यो मुहुर्देहदमस्तथा ॥१६६॥

અને તે વિધવા સ્ત્રીઓ, તેમણે પોતાના સમીપ સંબંધ વિનાના જે પુરુષ, તે થકી કોઈ પણ વિદ્યા ન ભણવી; અને વ્રત ઉપવાસે કરીને વારંવાર પોતાના દેહનું દમન કરવું. ॥૧૬૬॥

धनं च धर्मकार्येऽपि स्वनिर्वाहोपयोगि यत् ।
देयं ताभिर्न तत् क्वापि देयं चेदधिकं तदा ॥१६७॥

અને તે વિધવા સ્ત્રીઓ, તેમણે પોતાના ઘરમાં પોતાના જીવનપર્યન્ત દેહનિર્વાહ થાય એટલું જ જો ધન હોય, તો તે ધન, જે તે ધર્મકાર્યને વિષે પણ ન આપવું અને જો તેથી અધિક હોય તો આપવું. ॥૧૬૭॥

कार्यश्च सकृदाहारस्ताभिः स्वापस्तु भूतले ।
मैथुनासक्तयोर्वीक्षा क्वापि कार्या न देहिनोः ॥१६८॥

અને વિધવા સ્ત્રીઓ તેમણે એકવાર આહાર

કરવો અને પૃથ્વીને વિષે સૂવું અને મૈથુનાસક્ત એવાં જે પશુ-પક્ષી આદિક જીવ-પ્રાણીમાત્ર, તેમને ક્યારેય જાણીને જોવાં નહિ. ॥૧૬૮॥

वेषो न धार्यस्ताभिश्च सुवासिन्याः स्त्रियास्तथा ।
न्यासिन्या वीतरागाया विकृतश्च न कर्हिचित् ॥१६९॥

અને તે વિધવા સ્ત્રીઓ, તેમણે સુવાસિની સ્ત્રીના જેવો વેશ ન ધારવો, તથા સન્યાસણી તથા વેરાગણી તેના જેવો વેશ ન ધારવો; અને પોતાનો દેશ, કુળ અને આચાર-તેના વિરુદ્ધ એવો જે વેશ, તે પણ ક્યારેય ન ધારવો ॥૧૬૯॥

सङ्गो न गर्भपातिन्याः स्पर्शः कार्यश्च योषितः ।
शृङ्गारवार्ता न नृणां कार्याः श्रव्या नवैक्व चित् ॥१७०॥

અને ગર્ભની પાડનારી જે સ્ત્રી, તેનો સંગ ન કરવો; ને તેનો સ્પર્શ પણ ન કરવો. અને પુરુષના શૃંગાર રસ સંબંધી જે વાર્તા, તે ક્યારેય ન કરવી અને ન સાંભળવી. ॥૧૭૦॥



निजसम्बन्धिभिरपि तारुण्ये तरुणैर्नरैः ।
साकं रहसि न स्थेयं ताभिरापदमन्तरा ॥१७१॥

અને યુવા અવસ્થાને વિષે રહી એવી જે વિધવા સ્ત્રીઓ, તેમણે યુવા અવસ્થાવાળા જે પોતાના સંબંધી પુરુષ તેમની સંગાથે પણ એકાંત સ્થળને વિષે આપત્કાળ પડ્યા વિના ન રહેવું. ॥૧૭૧॥

न होलाखेलनं कार्यं न भूषादेश्च धारणम् ।
न धातुसूत्रयुक्सूक्ष्मवस्त्रादेरपि कर्हिचित् ॥१७२॥

અને હોળીની રમત ન કરવી, અને આભૂષણાદિકનું ધારણ ન કરવું; અને સુવર્ણાદિક ધાતુના તારે યુક્ત એવાં જે ઝીણાં વસ્ત્ર, તેનું ધારણ પણ ક્યારેય ન કરવું. ॥૧૭૨॥

सधवाविधवाभिश्च न स्नातव्यं निरम्बरम् ।
स्वरजोदर्शनं स्त्रीभिर्गोपनीयं न सर्वथा ॥१७३॥

અને સુવાસિની ને વિધવા એવી જે સ્ત્રીઓ,



તેમણે વસ્ત્ર પહેર્યા વિના ન્હાવું નહિ; અને પોતાનું જે રજસ્વલાપણું તે કોઈ પ્રકારે ગુપ્ત ન રાખવું. ॥૧૭૩॥

मनुष्यं चांशुकादीनि नारी क्वापि रजस्वला ।
दिनत्रयं स्पृशेन्नैव स्नात्वा तुर्येऽह्नि सा स्पृशेत् ॥१७४॥

અને વળી રજસ્વલા એવી જે સુવાસિની અને વિધવા સ્ત્રીઓ, તે ત્રણ દિવસ સુધી કોઈ મનુષ્યને તથા વસ્ત્રાદિકને અડે નહિ અને ચોથે દિવસે નાહીને અડવું. (એવી રીતે ગૃહસ્થાશ્રમી એવા જે પુરુષ અને સ્ત્રીઓ, તેમના જે આ વિશેષ ધર્મ કહ્યા તે સર્વે ધર્મવંશી આચાર્ય અને તેમની પત્નીઓ, તેમણે પણ પાળવા, કેમ કે એ ગૃહસ્થ છે.) ॥૧૭૪॥

नैष्ठिकव्रतवन्तो ये वर्णिनो मदुपाश्रयाः ।
तैःस्पृश्या न स्त्रियो भाष्या न च वीक्ष्याश्च ता धिया ॥१७५॥

હવે નૈષ્ઠિક બ્રહ્મચારીના જે વિશેષ ધર્મ તે કહીએ છીએ. : અમારે આશ્રિત એવા જે નૈષ્ઠિક બ્રહ્મચારી,



તેમણે સ્ત્રીમાત્રનો સ્પર્શ ન કરવો; અને સ્ત્રીઓ સંગાથે બોલવું નહિ; અને જાણીને તે સ્ત્રીઓ સન્મુખ જોવું નહિ. ॥૧૭૫॥

तासां वार्ता न कर्तव्या न श्रव्याश्च कदाचन ।
तत्पादचारस्थानेषु न च स्नानादिकाः क्रियाः ॥१७६॥

અને તે સ્ત્રીઓની વાર્તા ક્યારેય ન કરવી અને ન સાંભળવી; અને જે સ્થાનકને વિષે સ્ત્રીઓનો પગ ફેર હોય, તે સ્થાનકને વિષે સ્નાનાદિક ક્રિયા કરવા ન જવું. ॥૧૭૬॥

देवताप्रतिमां हित्वा लेख्या काष्ठादिजापि वा ।
न योषित्प्रतिमा स्पृश्या न वीक्ष्या बुद्धिपूर्वकम् ॥१७७॥

અને દેવતાની પ્રતિમા વિના બીજી જે સ્ત્રીની પ્રતિમા, ચિત્રની અથવા કાષ્ઠાદિકની હોય, તેનો સ્પર્શ ન કરવો; અને જાણીને તો તે પ્રતિમાને જોવી પણ નહિ. ॥૧૭૭॥

न स्त्रीप्रतिकृतिः कार्या स्पृश्यं योषितोंऽशुकम् ।
न वीक्ष्यं मैथुनपरं प्राणिमात्रं च तैर्धिया ॥१७८॥

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી, તેમણે સ્ત્રીની પ્રતિમા ન કરવી; અને સ્ત્રીએ પોતાના શરીર ઉપર ધારેલુ જે વસ્ત્ર, તેને અડવું નહિ; અને મૈથુનાસકત એવા જે પશુ-પક્ષી આદિક પ્રાણી-માત્ર, તેમને જાણીને જોવાં નહિ. ॥૧૭૮॥

न स्पृश्यो नेक्षणीयश्च नारीवेषधरः पुमान् ।
न कार्यं स्त्रीः समुद्दिश्य भगवद्गुणकीर्तनम् ॥१७९॥

અને સ્ત્રીના વેશને ધરી રહ્યો એવો જે પુરુષ તેને અડવું નહિ અને તેની સામું જોવું નહિ અને તે સાથે બોલવું નહિ, અને સ્ત્રીને ઉદ્દેશ કરીને ભગવાનની કથા, વાર્તા, કીર્તન પણ ન કરવાં. ॥૧૭૯॥

ब्रह्मचर्यव्रतत्यागपरं वाक्यं गुरोरपि ।
तैर्न मान्यं सदा स्थेयं धीरैस्तुष्टैरमानिभिः ॥१८०॥



અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી, તેમણે પોતાના બ્રહ્મચર્યવ્રતનો ત્યાગ થાય એવું જે વચન, તે તો પોતાના ગુરૂનું પણ ન માનવું. અને સદાકાળ ધીરજવાન રહેવું અને સંતોષે યુક્ત રહેવું; અને માને રહિત રહેવું. ॥૧૮૦॥

स्वातिनैकट्यमायान्ती प्रसभं वनिता तु या ।
निवारणीया साभाष्यतिरस्कृत्यापि वा द्रुतम् ॥१८१॥

અને બળાત્કારે કરીને પોતાને અતિશય સમીપે આવતી એવી જે સ્ત્રી, તેને બોલીને અથવા તિરસ્કાર કરીને પણ તુરત વારવી, પણ સમીપે આવવા દેવી નહિ. ॥૧૮૧॥

प्राणापद्युपपन्नायां स्त्रीणां स्वेषां च वा क्वचित् ।
तदा स्पृष्ट्वापि तद्रक्षा कार्या सम्भाष्य ताश्च वा ॥१८२॥

અને જો ક્યારેય સ્ત્રીઓનો અથવા પોતાનો પ્રાણ નાશ થાય એવો આપત્કાળ આવી પડે, ત્યારે



તો તે સ્ત્રીઓને અડીને, અથવા તે સાથે બોલીને પણ, તે સ્ત્રીઓની રક્ષા કરવી. અને પોતાની પણ રક્ષા કરવી. ॥૧૮૨॥

तैलाभ्यङ्गो न कर्तव्यो न धार्यं चायुधं तथा ।
वेषो न विकृतो धार्यो जेतव्या रसना च तैः ॥१८३॥

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે, પોતાને શરીરે તેલમર્દન ન કરવું, ને આયુધ ન ધારવું, ને ભયંકાર એવો જે વેશ તે ન ધારવો, અને રસના-ઈન્દ્રિયને જીતવી. ॥૧૮૩॥

परिवेषणकर्त्री स्याद्यत्र स्त्री विप्रवेश्मनि ।
न गम्यं तत्र भिक्षार्थं गन्तव्यमितरत्र तु ॥१८४॥

અને જે બ્રાહ્મણના ઘરને વિષે સ્ત્રી પીરસનારી હોય, તેને ઘેર ભિક્ષા કરવા જવું નહિ, ને જ્યાં પુરુષ પીરસનારો હોય ત્યાં જવું. ॥૧૮૪॥



अभ्यासो वेदशास्त्राणां कार्यश्च गुरुसेवनम् ।
वर्ज्यः स्त्रीणामिव स्त्रैणपुंसां सङ्गश्च तैः सदा ॥१८५॥

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી, તેમણે વેદશાસ્ત્રોનો અભ્યાસ કરવો, ને ગુરૂની સેવા કરવી, ને સ્ત્રીઓની પેઠે જ સ્ત્રૈણ પુરુષનો સંગ, જે તે સર્વકાળે વર્જવો. ॥૧૮૫॥

चर्मवारि न वै पेयं जात्या विप्रेण केनचित् ।
पलाण्डुलशुनाद्यं च तेन भक्ष्यं न सर्वथा ॥१८६॥

અને જાતિએ કરીને જે બ્રાહ્મણ હોય, તે-કોઈએ પણ ચર્મવારિ ન પીવું, અને ડુંગળી ને લસણ આદિક જે અભક્ષ્ય વસ્તુ, તે બ્રાહ્મણ જાતિ હોય, તેણે કોઈ પ્રકારે ન ખાવું. ॥૧૮૬॥

स्नानं सन्ध्यां च गायत्रीजपं श्रीविष्णुपूजनम् ।
अकृत्वा वैश्वदेवं च कर्तव्यं नैव भोजनम् ॥१८७॥

અને જે બ્રાહ્મણ હોય-તેણે સ્નાન, સંધ્યા,

ગાયત્રીનોજપ, શ્રીવિષ્ણુની પૂજા અને વૈશ્વદેવ એટલાં વાનાં કર્યા વિના ભોજન કરવું જ નહિ. (એવી રીતે નૈષ્ઠિક બ્રહ્મચારીના વિશેષ ધર્મ કહ્યા.) ॥૧૮૭॥

साधवो येऽथ तैः सर्वैर्नैष्ठिकब्रह्मचारिवत् ।
स्त्रीस्त्रैणसङ्गादि वर्ज्यं जेतव्याश्चान्तरारयः ॥१८८॥

હવે સાધુના જે વિશેષ ધર્મ તે કહીએ છીએ : અમારે આશ્રિત જે સર્વે સાધુ તેમણે, નૈષ્ઠિક બ્રહ્મચારીની પેઠે સ્ત્રીઓનાં દર્શન-ભાષણાદિક પ્રસંગનો ત્યાગ કરવો; તથા સ્ત્રૈણ પુરુષના પ્રસંગાદિકનો ત્યાગ કરવો, અને અંતઃશત્રુ જે કામ, ક્રોધ, લોભ અને માન આદિક, તેમને જીતવા. ॥૧૮૮॥

सर्वेन्द्रियाणि जेयानि रसना तु विशेषतः ।
न द्रव्यसङ्ग्रहः कार्यः कारणीयो न केनचित् ॥१८९॥

અને સર્વે જે ઈન્દ્રીઓ તે જીતવી અને રસના ઈન્દ્રિયને તો વિશેષે કરીને જીતવી; અને દ્રવ્યનો સંગ્રહ



પોતે કરવો નહિ, ને કોઈ બીજા પાસે પણ કરાવવો નહિ. ॥૧૮૯॥

न्यासो रक्ष्यो न कस्यापि धैर्यं त्याज्यं न कर्हिचित् ।
न प्रवेशयितव्या च स्वावासे स्त्री कदाचन ॥१९०॥

અને કોઈની પણ થાપણ ન રાખવી, અને ક્યારેય પણ ધીરજતાનો ત્યાગ ન કરવો; અને પોતાના ઉતારાની જાયગા બંધિની હોય, તો તેને વિષે ક્યારેય પણ સ્ત્રીનો પ્રવેશ થવા દેવો નહિ. ॥૧૯૦॥

न च सङ्गं विना रात्रौ चलितव्यमनापदि ।
एकाकिभिर्न गन्तव्यं तथा क्वापि विनापदम् ॥१९१॥

અને તે સાધુ તેમણે, આપત્કાળ પડ્યા વિના રાત્રિને વિષે સંગસોબત વિનાનું ચાલવું નહિ; તથા આપ્તકાળ પડ્યા વિના ક્યારેય પણ એકલા ચાલવું નહિ. ॥૧૯૧॥



अनर्घ्यं चित्रितं वासः कुसुम्भाद्यैश्च रञ्जितम् ।
न धार्यं च महावस्त्रं प्राप्तमन्येच्छयापि तत् ॥१९२॥

અને જે વસ્ત્ર બહુ મૂલ્યવાળું હોય તથા ચિત્રવિચિત્ર ભાતનું હોય તથા કસુંબાદિક જે રંગ, તેણે કરીને રંગેલું હોય તથા શાલ-દુશાલા હોય, ને તે જો બીજાની ઈચ્છાએ કરીને પોતાને પ્રાપ્ત થયું હોય તો પણ તે વસ્ત્ર પોતે પહેરવું - ઓઢવું નહિ. ॥૧૯૨॥

भिक्षां सभां विना नैव गन्तव्यं गृहिणो गृहम् ।
व्यर्थः कालो न नेतव्यो भक्तिं भगवतो विना ॥१९३॥

અને ભિક્ષા તથા સભાપ્રસંગ - એ બે કાર્ય વિના ગૃહસ્થના ઘર પ્રત્યે જવું નહિ; અને ભગવાનની જે નવ પ્રકારની ભક્તિ તે વિના વ્યર્થ કાળ નિર્ગમવો નહિ, નિરંતર ભક્તિ કરીને જ કાળ નિર્ગમવો. ॥૧૯૩॥



पुमानेव भवेद्यत्र पक्वन्नपरिवेषणः ।
ईक्षणादि भवेन्नैव यत्र स्त्रीणां च सर्वथा ॥१९४॥

અને જે ગૃહસ્થના ઘરને વિષે રાંધેલ અન્નનો પીરસનારો પુરુષ જ હોય, તથા સ્ત્રીઓનો દર્શનાદિક પ્રસંગ કોઈ રીતે થાય એમ ન હોય; ॥૧૯૪॥

तत्र गृहिगृहे भोक्तुं गन्तव्यं साधुभिर्मम ।
अन्यथामान्नमर्थित्वा पाकः कार्यः स्वयं च तैः ॥१९५॥

તેવી રીતનું જે ગૃહસ્થનું ઘર તે પ્રત્યે અમારા સાધુ તેમણે, જમવા જવું; અને એ કહ્યું તેવું ન હોય, તો કાચું અન્ન માગીને પોતાના હાથે રસોઈ કરવી, ને ભગવાનને નૈવેદ્ય ધરીને જમવું. ॥૧૯૫॥

आर्षभो भरतः पूर्वं जडविप्रो यथा भुवि ।
अवर्तताऽत्र परमहंसैर्वृत्त्यं तथैव तैः ॥१९६॥

અને પૂર્વે ઋષભદેવ ભગવાનના પુત્ર, જે

ભરતજી, તે પૃથ્વીને વિષે જડ બ્રાહ્મણ થકા જેમ વર્તતા હતા, તેમ જ પરમહંસ એવા જે અમારા સાધુ, એમણે વર્તવું. ॥૧૯૬॥

वर्णिभिः साधुभिश्चैतैर्वर्जनीयं प्रयत्नतः ।
ताम्बूलस्याहिफेनस्य तमालादेश्च भक्षणम् ॥१९७॥

અને નૈષ્ઠિક બ્રહ્મચારી, ને એ સાધુ તેમણે, તાંબૂલ તથા અફીણ તથા તમાકું ઈત્યાદિનું જે ભક્ષણ, તે જતને કરીને વર્જવું. ॥૧૯૭॥

संस्कारेषु न भोक्तव्यं गर्भाधानमुखेषु तैः ।
प्रेतश्राद्धेषु सर्वेषु श्राद्धे च द्वादशाह्निके ॥१९८॥

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી ને સાધુ તેમણે, ગર્ભાધાન આદિક, જે સંસ્કાર તેમને વિષે જમવું નહિ તથા એકાદશાહ પર્યંત જે પ્રેતશ્રાદ્ધ તેમને વિષે જમવું નહિ તથા દ્વાદશાહ શ્રાદ્ધને જમવું નહિ. ॥૧૯૮॥



दिवास्वापो न कर्तव्यो रोगाद्यापदमन्तरा ।
ग्राम्यवार्ता न कार्या च न श्रव्या बुद्धिपूर्वकम् ॥१९९॥

અને રોગાદિક આપત્કાળ પડ્યા વિના દિવસે સૂવું નહિ, અને ગ્રામ્યવાર્તા કરવી નહિ, ને જાણીને સાંભળવી નહિ. ॥૧૯૯॥

स्वप्यं न तैश्च खट्वायां विना रोगादिमापदम् ।
निच्छद्म वर्तितव्यं च साधूनामग्रतः सदा ॥२००॥

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારીને સાધુ તેમણે, રોગાદિક આપત્કાળ પડ્યા વિના ખાટલા ઉપર સૂવું નહિ; અને સાધુની આગળ તો નિરંતર નિષ્કપટપણે વર્તવું. ॥૨૦૦॥

गालिदानं ताडनं च कृतं कुमतिभिर्जनैः ।
क्षन्तव्यमेव सर्वेषां चिन्तनीयं हितं च तैः ॥२०१॥

અને તે સાધુને બ્રહ્મચારી, તેમણે, કોઈક કુમતિવાળા દુષ્ટ જન હોય, ને તે પોતાને ગાળ દે



અથવા મારે, તો તે સહન જ કરવું; પણ તેને સામી ગાળ ન દેવી, ને મારવો નહિ; અને તેનું જેમ હિત થાય, તેમ જ મનમાં ચિંતવન કરવું; પણ તેનું ભૂંડુ થાય એવો તો સંકલ્પ પણ ન કરવો. ॥૨૦૧॥

दूतकर्म न कर्तव्यं पैशुनं चारकर्म च ।
देहेऽहन्ता च ममता न कार्या स्वजनादिषु ॥२०२॥

અને કોઈનું દૂતપણું ન કરવું તથા ચાડિયાપણું ન કરવું; ને કોઈના ચારચક્ષુ ન થવું અને દેહને વિષે અહંબુદ્ધિ ન કરવી, તે સ્વજનાદિકને વિષે મમતા ન કરવી. (એવી રીતે સાધુના વિશેષ ધર્મ કહ્યા.) ॥૨૦૨॥

इति सङ्क्षेपतो धर्माः सर्वेषां लिखिता मया ।
साम्प्रदायिकग्रन्थेभ्यो ज्ञेय एषां तु विस्तरः ॥२०३॥

અને અમારે આશ્રિત એવા જે સત્સંગી બાઈ-ભાઈ સર્વે, તેમના જે સામાન્ય ધર્મ અન વિશેષ ધર્મ,



તે જે તે સંક્ષેપે કરીને આવી રીતે અમે લખ્યા છે; અને આ ધર્મનો જે વિસ્તાર તે તો અમારા સંપ્રદાયના જે ગ્રંથ, તે થકી જાણવો. ॥૨૦૩॥

सच्छास्त्राणां समुद्धृत्य सर्वेषां सारमात्मना ।
पत्रीयं लिखिता नृणामभीष्टफलदायिनी ॥२०४॥

અને સર્વે જે સચ્છાસ્ત્ર તેનો જે સાર, તેને અમે અમારી બુદ્ધિએ કરીને ઉદ્ધારીને, આ શિક્ષાપત્રી, જે તે લખી છે; તે કેવી છે, તો સર્વ મનુષ્ય માત્રને મનવાંછિત ફળની દેનારી છે. ॥૨૦૪॥

इमामेव ततो नित्यमनुसृत्य ममाश्रितैः ।
यतात्मभिर्वर्तितव्यं न तु स्वैरं कदाचन ॥२०५॥

એ હેતુ માટે અમારા આશ્રિત જે સર્વ સત્સંગી તેમણે, સાવધાનપણે કરીને નિત્ય પ્રત્યે આ શિક્ષાપત્રીને અનુસરીને જ વર્તવુ. પણ પોતાના મનને જાણેતો ક્યારેય ન વર્તવું. ॥૨૦૫॥

वर्तिष्यन्ते य इत्थं हि पुरुषा योषितस्तथा ।
ते धर्मादिचतुर्वर्गसिद्धिं प्राप्स्यन्ति निश्चितम् ॥२०६॥

અને જે અમારા આશ્રિત પુરુષ ને સ્ત્રીઓ, તે જે તે, આ શિક્ષાપત્રી પ્રમાણે વર્તશે તો તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ-એ ચાર પુરુષાર્થની સિદ્ધિને નિશ્ચય પામશે. ॥૨૦૬॥

नेत्थं य आचरिष्यन्ति ते त्वस्मत्सम्प्रदायतः ।
बहिर्भूता इति ज्ञेयं स्त्रीपुंसैः साम्प्रदायिकैः ॥२०७॥

અને જે બાઈ-ભાઈ, આ શિક્ષાપત્રી પ્રમાણે નહિ વર્તે, તો તે અમારા સંપ્રદાય થકી બાહેર છે, એમ અમારા સંપ્રદાયવાળા સ્ત્રી-પુરુષ, તેમણે જાણવું. ॥૨૦૭॥

शिक्षापत्र्याः प्रतिदिनं पाठोऽस्या मदुपाश्रितैः ।
कर्तव्योऽनक्षरज्ञैस्तु श्रवणं कार्यमादरात् ॥२०८॥

અને અમારા જે આશ્રિત સત્સંગી, તેમણે આ



શિક્ષાપત્રીનો નિત્ય પ્રત્યે પાઠ કરવો; અન જેને ભણતાં આવડતું ન હોય, તેમણે તો આદર થકી આ શિક્ષાપત્રીનું શ્રવણ કરવું; ॥૨૦૮॥

वक्रभावे तु पूजेव कार्याऽस्यां प्रतिवासरम् ।
मद्रूपमिति मद्वाणी मान्येयं परमादरात् ॥२०९॥

અને આ શિક્ષાપત્રીને વાંચી સંભળાવે એવો કોઈ ન હોય, ત્યારે તો નિત્ય પ્રત્યે આ શિક્ષપત્રીની પૂજા કરવી, અને આ જે અમારી વાણી, તે અમારું સ્વરૂપ છે, એ રીતે પરમ આદર થકી માનવી. ॥૨૦૯॥

युक्ताय सम्पदा दैव्या दातव्येयं तु पत्रिका ।
आसुर्या सम्पदाढ्याय पुंसे देया न कर्हिचित् ॥२१०॥

અને આ જે અમારી શિક્ષાપત્રી, તે જે તે દૈવી સંપદાએ કરીને યુક્ત જે જન હોય, તેને આપવી; અને જે જન આસુરી સંપદાએ કરીને યુક્ત હોય, તેને તો ક્યારેય ન આપવી. ॥૨૧૦॥



विक्रमार्कशकस्याब्दे नेत्राष्टवसुभूमिते ।
वसन्ताद्यदिने शिक्षापत्रीयं लिखिता शुभा ॥२११॥

સંવત ૧૮૮૨ (અઢાર સો બ્યાસી)ના મહા સુદી પંચમીને દિવસે આ શિક્ષાપત્રી અમે લખી છે; તે પરમ કલ્યાણકારી છે. ॥૨૧૧॥

निजाश्रितानां सकलार्तिहन्ता सद्धर्मभक्तेरवनं
विधाता । दाता सुखानां मनसेप्सितानां
तनोतु कृष्णोऽखिलमङ्गलं नः ॥२१२॥

અને પોતાનાં આશ્રિત જે ભક્તજન તેમની જે સમગ્ર પીડા; તેનો નાશ કરનારા એવા, અને ધર્મ સહિત જે ભક્તિ, તેની રક્ષાના કરનારા એવા અને પોતાના ભક્તજનને મનવાંછિત સુખના આપનારા એવા જે શ્રીકૃષ્ણ ભગવાન, તે જે તે અમારા સમગ્ર મંગળને વિસ્તારો. ॥૨૧૨॥



इति श्रीसहजानन्दस्वामिलिखिता

शिक्षापत्री समाप्ता

ઈતિ શ્રી સહજાનંદસ્વામી શિષ્ય
નિત્યાનંદ મુનિલિખતા શિક્ષાપત્રી-ટીકા સમાપ્ત

શિક્ષાપત્રી સર્વજીવહિતાવહ હોવાથી
એક શિક્ષપત્રીનું દાન કરવાથી એક ગૌદાન
કર્યાનું ફળ થાય છે.

## જનમંગલ સ્તોત્ર

નમો નમઃ શ્રીહરયે બુદ્ધિદાયદયાવતે ।
ભક્તિધર્માઽગજાતાય ભક્તકલ્પદ્રુમાય ચ ॥૧॥
સુગંધપુષ્પહારાદ્યૈર્વિવિધૈ રૂપહારકૈઃ ।
સંપૂજીતાય ભક્તૌઘૈઃ સિતામ્બરધરાય ચ ॥૨॥
નામ્નામષ્ટોત્તરશતં ચતુર્વર્ગમભીપ્સતામ્ ।
સદ્યઃ ફલપ્રદાં નૃણાં તસ્ય વક્ષ્યામિ સત્યતેઃ ॥૩॥
અસ્ય શ્રી જનમંગલાખ્યસ્ય શ્રીહર્ષષ્ટોત્તરશત.
નામોસ્તોત્રમંત્રસ્ય શતાનંદ ઋષિઃ। અનુષ્ટુપ છન્દઃ
ધર્મનન્દનઃ શ્રીહરિર્દેવતા । ધાર્મિક ઈતિ બીજમ્ ।
બહદ્ વ્રતધર ઈતિ શક્તિઃ । ભક્તિનંદન ઈતિ
કીલકમ્ । ચતુર્વર્ગસિદ્ધ્યર્થે જપે વિનિયોગઃ ।

**અથ ધ્યાનમ્**

વર્ણિવેષરમણીયદર્શનં મંદહાસરૂચિરાનનામ્બુજમ્ ।
પૂજિતસુરનરોત્તમૈર્મુદાધર્મનંદનમહંવિચિન્તયે ॥૪॥



શ્રીકૃષ્ણઃ શ્રીવાસુદેવો નરનારાયણઃ પ્રભુઃ ।
ભક્તિધર્માત્મજોડજન્મા કૃષ્ણોનારાયણોહરિઃ ॥૫॥
હરિકૃષ્ણો ઘનશ્યામો ધાર્મિકો ભક્તિનંદનઃ ।
બૃહદ્વ્રતધરઃ શુદ્ધો રાધાકૃષ્ણેષ્ટદૈવતઃ ॥૬॥
મરૂત્સુતપ્રિયઃ કાલીભૈરવવાદ્યતિભીષણઃ ।
જિતેન્દ્રિયો જિતાહારસ્તીવ્રવૈરાગ્ય આસ્તિકઃ ॥૭॥
યોગેશ્વરો યોગકલાપ્રવૃત્તિરતિધૈર્યવાન્ ।
જ્ઞાની પરમહંસશ્ચ તીર્થકૃત્તૈર્થિકાર્ચિતઃ ॥૮॥
ક્ષમાનિધિઃ સદોન્નિદ્રો ધ્યાનનિષ્ઠસ્તપઃ પ્રિયઃ ।
સિદ્ધેશ્વરઃ સ્વતંત્રશ્ચ બ્રહ્મવિદ્યાપ્રવર્તકઃ ॥૯॥
પાષણ્ડોચ્છેદન પટુઃ સ્વસ્વરૂપાચલસ્થિતિઃ ।
પ્રશાન્તમૂર્તિનિર્દોષોડસુરવાદિમોહનઃ ॥૧૦॥
અતિકારુણ્યનયનઃ ઉદ્ધાવાધ્વપ્રવર્તકઃ ।
મહાવ્રતઃ સાધુશીલઃ સાધુવિપ્ર પ્રપૂજકઃ ॥૧૧॥
અહિંસપજ્ઞપ્રસ્તોતા સાકારબ્રહ્મવર્ણનઃ ।
સ્વામિનારાયણઃ સ્વામી કાલદોષનિવારકઃ ॥૧૨॥



સચ્છાસ્ત્રવ્યસનઃ સદ્યઃ સમાધિસ્થિતિકારકઃ ।
કૃષ્ણાર્ચાસ્થાપનકરઃ કૌલદ્વિટ્ કલિતારકઃ ॥૧૩॥
પ્રકાશરૂપો નિર્દભઃ સર્વજીવહિતાવહઃ ।
ભક્તિસમ્પોષકો વાગ્મી ચતુર્વર્ગફલપ્રદઃ ॥૧૪॥
નિર્મત્સરો ભક્તવર્મા બુદ્ધિદાતાઽતિપાવનઃ ।
અબુદ્ધિહૃદ્બ્રહ્મધામદર્શકશ્ચા પરાજીતઃ ॥૧૫॥
આસમુદ્રાન્તસત્કીર્તિઃ શ્રિતસંસૃતિમોચનઃ ।
ઉદારઃ સહજાનંદઃ સાધ્વીધર્મ પ્રવર્તકઃ ॥૧૬॥
કંદર્પદર્પદલનો વૈષ્ણવક્રતુકારકઃ ।
પંચાયતનસન્માનો નૈષ્ઠિકવ્રતપોષકઃ ॥૧૭॥
પ્રગલ્ભો નિઃસ્પૃહઃ સત્યપ્રતિજ્ઞો ભક્તવત્સલઃ ।
આરોષણો દીર્ઘદર્શી ષડૂર્મિવિજયક્ષમઃ ॥૧૮॥
નિરહંકૃતિરદ્રોહ ઋજુઃ સર્વોપરારકઃ ।
નિયામકશ્ચોપશમસ્થિતિર્વિનયવાન્ ગુરૂઃ ॥૧૯॥
અજાતવૈરી નિર્લોભો મહાપુરુષઃ આત્મદઃ ।
અખંડિતાર્ષ મર્યાદો વ્યાસસિદ્ધાન્તબોધકઃ ॥૨૦॥
મનોનિગ્રહયુક્તિજ્ઞો યમદૂતવિમોચકઃ ।



પૂર્ણકામઃ સત્યવાદી ગુણગ્રાહી ગતસ્મયઃ ॥૨૧॥
સદાચારપ્રિયતરઃ પુણ્યશ્રવણકીર્તનઃ ।
સર્વમંગલસદ્રુપનાનાગુણવિચેષ્ટિતઃ ॥૨૨॥
ઈત્યેતત્પરમં સ્તોત્રં જનમંગલસંજ્ઞિતમ્ ।
યઃ પઠેત્તેન પઠિતં ભવેદ્વૈસર્વમંગલમ્ ॥૨૩॥
યઃ પઠેચ્છૃણુયાદ્ભક્ત્યા ત્રિકાલં શ્રાવયેચ્ચવા ।
એતત્તસ્ય તુ પાપાનિ નશ્યેયુઃકિલ સર્વશઃ ॥૨૪॥
એતત્સંવેવમાનાનાં પુરુષાર્થચતુષ્ટયે ।
દુર્લભં નાસ્તિ કિમપિ હરિકૃષ્ણપ્રસાદતઃ ॥૨૫॥
ભૂતપ્રેતપિશાચાનાં ડાકિનીબ્રહ્મરક્ષસામ્ ।
યોગિનીનાં તથા બાલગ્રહાદીનામુપદ્રવઃ ॥૨૬॥
અભિચારો રિપુકૃતો રોગશ્ચાન્યો પ્યુપદ્રવઃ ।
અયુતાવર્તનાદસ્ય નશ્યત્યેવ ન સંશયઃ ॥૨૭॥
દશાવૃત્ત્યા પ્રતિદિનમસ્યાભીષ્ટં સુખં ભવેત્ ।
ગૃહિભિસ્ત્યાગિભિશ્ચાપિ પઠનીયમિદં તતઃ ॥૨૮॥
ઈતિશ્રીશતાનંદમુનિવિરચિતં શ્રીજનમંગલાખ્યં
શ્રીહર્યષ્ટોત્તરશતનામસ્તોત્રં સંપૂર્ણમ્ ॥

# શ્રી જનમંગલ નામાવલી

૧ ॐ શ્રી કૃષ્ણાય નમઃ ।
૨ ॐ શ્રી વાસુદેવાય નમઃ ।
૩ ॐ શ્રી નરનારાયણાય નમઃ ॥
૪ ॐ શ્રી પ્રભવે નમઃ ।
૫ ॐ ભક્તિધર્માત્મજાય નમઃ ।
૬ ॐ અજન્મને નમઃ ।
૭ ॐ કૃષ્ણાય નમઃ ।
૮ ॐ નારાયણાય નમઃ ।
૯ ॐ હરયે નમઃ ।
૧૦ ॐ હરિકૃષ્ણાય નમઃ ।
૧૧ ॐ ઘનશ્યામાય નમઃ ।
૧૨ ॐ ધાર્મિકાય નમઃ ।
૧૩ ॐ ભક્તિનન્દનાય નમઃ ।
૧૪ ॐ બૃહદ્વ્રતધરાય નમઃ ।
૧૫ ॐ શુદ્ધાય નમઃ ।



૧૬ ॐ રાધાકૃષ્ણેષ્ટદૈવતાય નમઃ ।
૧૭ ॐ મરુત્સુતપ્રિયાય નમઃ ।
૧૮ ॐ કાલીભૈરવાદ્યતિભીષણાય નમઃ ।
૧૯ ॐ જીતેન્દ્રિયાય નમઃ ।
૨૦ ॐ જીતાહારાય નમઃ ।
૨૧ ॐ તીવ્રવૈરાગ્યાય નમઃ ।
૨૨ ॐ અસ્તિકાય નમઃ ।
૨૩ ॐ યોગેશ્વરાય નમઃ ।
૨૪ ॐ યોગકલાપ્રવૃત્તયે નમઃ ।
૨૫ ॐ અતિધૈર્યવતેનમઃ ।
૨૬ ॐ જ્ઞાનિને નમઃ ।
૨૭ ॐ પરમહંસાય નમઃ ।
૨૮ ॐ તીર્થકૃતે નમઃ ।
૨૯ ॐ તૈર્થિકાર્ચિતાય નમઃ ।
૩૦ ॐ ક્ષમાનિધયે નમઃ ।
૩૧ ॐ સદોન્નિદ્રાય નમઃ ।
૩૨ ॐ ધ્યાનનિષ્ઠાય નમઃ ।



૩૩ ॐ તપઃ પ્રિયાય નમઃ ।
૩૪ ॐ સિદ્ધેશ્વરાય નમઃ ।
૩૫ ॐ સ્વતન્ત્રાય નમઃ ।
૩૬ ॐ બ્રહ્મવિદ્યાપ્રવર્તકાય નમઃ ।
૩૭ ॐ પાષંડોચ્છેદનપટવે નમઃ ।
૩૮ ॐ સ્વસ્વરુપાચલસ્થિતયે નમઃ ।
૩૯ ॐ પ્રશાન્તમૂર્તયે નમઃ ।
૪૦ ॐ નિર્દોષાય નમઃ ।
૪૧ ॐ અસુર ગુર્વાદિમોહનાય નમઃ ।
૪૨ ॐ અતિકારુણ્યનયનાય નમઃ ।
૪૩ ॐ ઉદ્ધવાધ્વપ્રવર્તકાય નમઃ ।
૪૪ ॐ મહાવ્રતાય નમઃ ।
૪૫ ॐ સાધુશીલાય નમઃ ।
૪૬ ॐ સાધુવિપ્રપ્રપૂજકાય નમઃ ।
૪૭ ॐ અહિંસયજ્ઞપ્રસ્તોત્રે નમઃ ।
૪૮ ॐ સાકારબ્રહ્મવર્ણનાય નમઃ ।
૪૯ ॐ સ્વામિનારાયણાય નમઃ ।



૫૦ ॐ સ્વામિને નમઃ ।
૫૧ ॐ કાલદોષનિવારકાય નમઃ ।
૫૨ ॐ સચ્છાસ્ત્રવ્યસનાય નમઃ ।
૫૩ ॐ સદ્યઃ સમાધિસ્થિતિકારકાય નમઃ ।
૫૪ ॐ કૃષ્ણાર્ચાસ્થાપનકરાય નમઃ ।
૫૫ ॐ કૌલદ્વિષે નમઃ ।
૫૬ ॐ કલિતારકાય નમઃ ।
૫૭ ॐ પ્રકાશરુપાય નમઃ ।
૫૮ ॐ નિર્દમ્ભાય નમઃ ।
૫૯ ॐ સર્વજીવહિતાવહાય નમઃ ।
૬૦ ॐ ભક્તિસમ્પોષકાય નમઃ ।
૬૧ ॐ વાગ્મિને નમઃ ।
૬૨ ॐ ચતુર્વર્ગફલપ્રદાય નમઃ ।
૬૩ ॐ નિર્મત્સરાય નમઃ ।
૬૪ ॐ ભક્તવર્મણે નમઃ ।
૬૫ ॐ બુદ્ધિદાત્રે નમઃ ।
૬૬ ॐ અતિપાવનાય નમઃ ।

૬૭ ૐ અબુદ્ધિહતે નમઃ ।
૬૮ ૐ બ્રહ્મધામદર્શકાય નમઃ ।
૬૯ ૐ અપરાજીતાય નમઃ ।
૭૦ ૐ આસમુદ્રાન્તસત્કીર્તયે નમઃ ।
૭૧ ૐ શ્રિતસંસૃતિમોચનાય નમઃ ।
૭૨ ૐ ઉદારાય નમઃ ।
૭૩ ૐ સહજાનન્દાય નમઃ ।
૭૪ ૐ સાધ્વીધર્મપ્રવર્તકાય નમઃ ।
૭૫ ૐ કન્દર્પદર્પદલનાય નમઃ ।
૭૬ ૐ વૈષ્ણવક્રતુકારકાય નમઃ ।
૭૭ ૐ પંચાયતનસન્માનાય નમઃ ।
૭૮ ૐ નૈષ્ઠિક વ્રત પોષકાય નમઃ ।
૭૯ ૐ પ્રગલ્ભાય નમઃ ।
૮૦ ૐ નિઃસ્પૃહાય નમઃ ।
૮૧ ૐ સત્યપ્રતિજ્ઞાય નમઃ ।
૮૨ ૐ ભક્તવત્સલાય નમઃ ।



૮૩ ૐ અરોષણાય નમઃ ।
૮૪ ૐ દીર્ઘદર્શિને નમઃ ।
૮૫ ૐ ષડૂર્મિવિજયક્ષમાય નમઃ ।
૮૬ ૐ નિરહંકૃતયે નમઃ ।
૮૭ ૐ અદ્રોહાય નમઃ ।
૮૮ ૐ ઋજવે નમઃ ।
૮૯ ૐ સર્વોપકારકાય નમઃ ।
૯૦ ૐ નિયામકાય નમઃ ।
૯૧ ૐ ઉપશમસ્થિતયે નમઃ ।
૯૨ ૐ વિનયવતે નમઃ ।
૯૩ ૐ ગુરવે નમઃ ।
૯૪ ૐ અજાતવૈરિણે નમઃ ।
૯૫ ૐ નિર્લોભાય નમઃ ।
૯૬ ૐ મહાપુરુષાય નમઃ ।
૯૭ ૐ આત્મદાય નમઃ ।
૯૮ ૐ અખણ્ડિતાર્ષમર્યાદાય નમઃ ।



૯૯ ૐ વ્યાસસિદ્ધાન્તબોધકાય નમઃ ।
૧૦૦ ૐ મનોનિગ્રહયુકિતજ્ઞાય નમઃ ।
૧૦૧ ૐ યમદૂતવિમોચકાય નમઃ ।
૧૦૨ ૐ પૂર્ણકામાય નમઃ ।
૧૦૩ ૐ સત્યવાદિને નમઃ ।
૧૦૪ ૐ ગુણગ્રાહિણે નમઃ ।
૧૦૫ ૐ ગતસ્મયાય નમઃ ।
૧૦૬ ૐ સદાચારપ્રિયતરાય નમઃ ।
૧૦૭ ૐ પુણ્યશ્રવણકીર્તનાય નમઃ ।
૧૦૮ ૐ સર્વમંગલસદ્રૂપનાનાગુણ વિચેષ્ટિતાય નમઃ ।

ઈતિ શ્રીજનમંગલનામાવલિ સમાપ્તા ।
જયશ્રી સ્વામિનારાયણ



## શ્રી નારાયણકવચમ્ મંત્ર

અણિમાદિક આઠ સિધ્ધિવાળા અને શંખચક્રાદિઆયુધો ધારણ કરનારા શ્રીહરિ ભગવાન કે જેમને ગરૂડ ઉપર બિરાજમાન થઈ હાથીનું મગર થી રક્ષણ કર્યું હતું તે ભગવાન મારી સર્વ પ્રકારે રક્ષા કરો. મત્સ્ય અવતાર ધારણ કરનાર ભગવાન મારી જળમાં રક્ષા કરો. બટુક વેશ ધારણ કરનાર વામનજી ભગવાન મારૂ પૃથ્વી પર રક્ષણ કરો અને ત્રિવિક્રમ ભગવાન આકાશમાં મારૂ રક્ષણ કરો. ભયંકર અટ્ટહાસ્યથી દિશાઓને ગજવનાર હિરણ્યકશ્યપુ જેવા દૈત્યોના શત્રુ અને સર્વ સમર્થ એવા નૃસિંહજી ભગવાન જંગલમાં તથા યુધ્ધમાં મારૂ રક્ષણ કરો. પોતાની દાઢ વડે તાપાળમાંથી પૃથ્વીનો ઉધ્ધાર કરનારા યજ્ઞમૂર્તિ વરાહભગવાન મારી માર્ગમાં રક્ષા કરો. પરશુરામ ભગવાન પર્વતના શિખરોમાં મારી રક્ષા કરો. અને લક્ષ્મણ તથા ભરતજીના મોટાભાઈ રામચંદ્ર ભગવાન મારી પ્રવાસમાં રક્ષા કરો. નારાયણ ભગવાન અભિચાર (ઉગ્રધર્મ) તથા આળસ પ્રમાદથી મારૂ રક્ષણ કરો. ઉન્માદથી થતા ગર્વથી નર ભગવાન મને બચાવો. દત્તાત્રેય ભગવાન પરમાત્માના સ્વરૂપનું વિસ્મરણ થવા રૂપ દોષથી મારૂ રક્ષણ

કરો. અને સાંખ્ય શાસ્ત્રના આચાર્ય કપિલ ભગવાન કર્મના બંધનથી મારી રક્ષા કરો. સનતકુમાર ભગવાન કામદેવ થકી મારી રક્ષા કરો. હયગ્રીવ ભગવાન માર્ગમાં જતા દેવતાના અનાદરરૂપ અપરાધથી મારી રક્ષા કરો. દેવર્ષિ વર્ય નારદજી ભગવાનની ભક્તિ કરવામાં થતા અપરાધથી મારી રક્ષા કરો. કુર્માવતાર શ્રીહરિ ભગવાન નરકથી મારી રક્ષા કરો. રોગજનક કુપથ્ય ખાવાથી થતી પીડાથી ધનવંતરી ભગવાન મારૂ રક્ષણ કરો. ભૂખ તરસ, શીત ઉષ્ણ, માન અપમાન આદિક દ્વન્દથી થતા ભયમાંથી ઋષભ દેવ ભગવાન મારી રક્ષા કરો. યજ્ઞ અવતાર ભગવાન લોકાપવાદથી મારી રક્ષા કરો. બલભદ્ર ભગવાન મનુષ્ય તરફથી થતા ઉપદ્રવોમાંથી મારી રક્ષા કરો. ક્રોધ રૂપી સર્પથી શેષ નારાયણ મારી રક્ષા કરો. પાખંડી લોકોથી બુધ્ધ ભગવાન મારૂ રક્ષણ કરો. અને ધર્મની રક્ષા માટે અવતાર ધારણ કરનારા કલ્કિ ભગવાન કળિયુગના દોષોથી મારૂ રક્ષણ કરો. ગદાધારિ કેશવ ભગવાન મારી પ્રાતઃ કાળમાં રક્ષા કરો. મોરલી વગાડનાર ગોવિંદ ભગવાન મારી સંગવકાળમાં રક્ષા કરો. શક્તિને ધારણ કરનારા નારાયણ ભગવાન પુર્વાહ્નકાળમાં મારૂ રક્ષણ કરો. અને ચક્રધારી વિષ્ણુ ભગવાન મધ્યાહ્ન કાળમાં મારી રક્ષા કરો. ત્રણધામ જેના છે તેવા માધવ



ભગવાન સાયંકાળમાં મારી રક્ષા કરો. ઋષિકેશ ભગવાન પ્રદોષ કાળમાં મારી રક્ષા કરો. પદ્મનાભ ભગવાન અર્ધરાત્રિ પર્યંત તેમજ મધ્યરાત્રિકાળમાં મારૂં રક્ષણ કરો. શ્રીવત્સનું ચિહન જેને છે તેવા લક્ષ્મીકાંત ભગવાન પાછલી રાત્રિમાં મારૂ રક્ષણ કરો. તલવાર ધારણ કરનાર જનાર્દન ભગવાન અરણોદયના આરંભમાં મારી રક્ષા કરો. દામોદર ભગવાન સંધ્યા સમીપ કાળમાં મારી રક્ષા કરો. કાળમૂર્તિ વિશ્વેશ્વર ભગવાન પ્રભાતમાં મારી રક્ષા કરો. પ્રલયકાળના અગ્નિ સમાન તીક્ષ્ણધારવાળા અને ભગવાનની પ્રેરણાથી ચારે તરફ ફરનાર એવા હે સુદર્શનચક્ર જેમ અગ્નિ પવન સાથે મળીને ઘાસને બાળે છે તેમ તમો મારા શત્રુ શૈન્યને બાળી નાંખો વિજળી જેવા તણખા ફેલાવતી હે કૌમોદકી ગદા તું ભગવાનને વ્હાલી છે. તો મારા યક્ષઃ રાક્ષસ ભૂત બાળગ્રહ વિગેરે શત્રુઓને ભાંગી ભૂક્કો કરી નાંખ. કૃષ્ણ ભગવાને વગાડેલ હે પંચજન્ય શંખરાજ તમો તમારા ભયાનક અવાજથી પ્રેત, માતૃ પિશાચ, બ્રહ્મરાક્ષસ વિગેરે ઘોર દ્રષ્ટિવાળા ઓને ભગાડી મુકો. તીક્ષ્ણધારવાળી અને તલવારમાં ઉત્તમ હે નંદક ભગવાનની પ્રેરણાથી તમો મારા શત્રુ શૈન્યને કાપી નાંખો. સો ચંદ્રવાળી હે ઢાલ તમો ઉગ્ર દ્રષ્ટિવાળા અને પાપી એવા મારા શત્રુઓના નેત્રને ઢાંકી દો.



વેદમૂર્તિ સમર્થ ગરૂડજી અને વિશ્વકસેન મારી સર્વ સ્થળે રક્ષા કરો. ભગવાનના મુખ્ય પાર્ષદો તેમના દિવ્યનામ, સ્વરૂપો તથા તેમના વાહનો, આયુધો અમારા બુદ્ધિ, ઈન્દ્રિય, મન અને પ્રાણનું સર્વ આપત્તિ થકી રક્ષણ કરો. સમગ્ર જગત ભગવાનનું શરીર છે. અને તેમાં ભગવાન શરીરીરૂપે રહ્યા છે તેથી ખરેખર સમગ્ર જગત ભગવાન રૂપ છે આવા સત્યજ્ઞાનથી મારા સર્વ ઉપદ્રવો નાશ થાઓ. પ્રલય અવસ્થામાં સઘળુ જગત સુક્ષ્મરૂપે ભગવાનના તેજમાં લીન થઈ જાય છે. ત્યારે ભગવાન એકલાજ ભાસે છે અને તેજ ભગવાન ફરી સૃષ્ટિ સમયે ભૂષણ, આયુધ, નામ, રૂપ તથા જડ, ચેતન, શરીરને પોતાની માયા વડે ધારણ કરે છે આવુ સત્યજ્ઞાન મને છે માટે સર્વજ્ઞ ભગવાન પોતાના શરીર રૂપે સર્વ વસ્તુઓમાં રહી સર્વે સ્થળે નિરંતર મારૂ રક્ષણ કરો. અંતમાં મહા તેજસ્વી નૃસિંહજી સર્વ દિશાઓમાં, સર્વ સ્થળમાં તથા શરીરની અંદર અને બહાર મારૂ રક્ષણ કરો.

ઈતિ શ્રીમદ્ ભાગવતના ષષ્ઠમ સ્કંધના અષ્ટમ અધ્યાયમાં વિશ્વરૂપે ઈન્દ્રને કહેલ નારાયણકવચ સંપૂર્ણ.

આ નારાયણ કવચ મંત્રનો પાઠ કરનાર સર્વ બ્રહ્મથી મુક્ત થાય છે અને તેના સર્વ મનોરથો સિધ્ધ થાય છે.



## ગોડી પદ-૧

સંત સમાગમ કીજે હો,
નિશદિન.. સં૦ ટેક૦
માન તજી સંતનકે મુખસે,
પ્રેમ સુધારસ પીજે હો... નિ૦ ૧
અંતર કપટ મેટકે અપના,
લે ઉનકું મન દીજે હો હો... નિ૦ ૨
ભવદુઃખ ટળે બલે સબ દુષ્કીત,
સબવિધિ કારજ સીજે હો હો... નિ૦ ૩
બ્રહ્માનંદ સંતનકી સોબત,
જન્મ સુફલ કરી લીજે હો હો... નિ૦ ૪

●

## આરતી

જય સદ્‌ગુરુ સ્વામી જય સદ્‌ગુરુ સ્વામી
સહજાનંદ દયાળુ, (૨) બળવંત બહુનામી.. જય.૧

ચરણસરોજ તમારા વંદુ કર જોડી;
ચરણે શિશ ધર્યા થી, (૨) દુઃખ નાખ્યાં તોડી.. જય. ૨

નારાયણ નરભ્રાતા દ્વિજકુળ તનુધારી;
પામર પતિત ઉદ્ધાર્યા, (૨) અગણિત નરનારી.. જય. ૩

નિત્ય નિત્ય નૌત્તમ લીલા, કરતા અવિનાશી
અડસઠ તીરથ ચરણે, (૨) કોટિ ગયા કાશી.. જય. ૪

પુરુષોત્તમ પ્રગટનું જે દર્શન કરશે
કાળ કરમથી છૂટી, (૨) કુટુંબ સહિત તરશે.. જય. ૫

આ અવસર કરૂણાનિધિ, કરૂણા બહુ કીધી;
મુક્તાનંદ કહે મુક્તિ (૨) સુગમ કરી સીધી.. જય. ૬



## સંધ્યા આરતી

આરતી પ્રગટ પ્રભુજીકી કીજે,
ચરણકમળ લખી અંતર લીજે... આરતી ૧

સનકાદિક નારદ ત્રિપુરારિ,
વિમળ નામ રટે વારંવારી... આરતી ૨

અનંત કોટી ભુવનેશ ભવાની,
સબ વિધિ મહિમા શક્ત નહિ જાની... આરતી ૩

ધરત ધ્યાન દઢ યોગી મનિશ્વર,
શેષ સહસ્ત્રમુખ રટત નિરતંર... આરતી ૪

નર-નાટક ક્ષર અક્ષર ન્યારા,
પુરુષોત્તમ પૂરણ જન પ્યારા... આરતી ૫

નૌતમ રુપ અકળ છબી ન્યારી,
બ્રહ્માનંદ જાવત બલિહારી... આરતી ૬



## ધૂન્ય-અષ્ટક

રામકૃષ્ણ ગોવિન્દ જય જય ગોવિન્દ ।
હરે રામ ગોવિન્દ જય જય ગોવિન્દ ॥૧॥
નારાયણ ! હરે ! શ્રીમન્નારાયણ હરે ।
શ્રીમન્નારાયણ હરે ! શ્રીમન્નારાયણ હરે ॥૨॥
કૃષ્ણદેવ હરે જય જય કૃષ્ણદેવ હરે ।
જય જય કૃષ્ણદેવ હરે જય જય કૃષ્ણદેવ હરે ॥૩॥
વાસુદેવ હરે જય જય વાસુદેવ હરે ।
જય જય વાસુદેવ હરે જય જય વાસુદેવ હરે ॥૪॥
વાસુદેવ ગોવિન્દ, જય જય વાસુદેવ ગોવિન્દ ।
જય જય વાસુદેવ ગોવિન્દ ॥૫॥
જય જય વાસુદેવ ગોવિન્દ ।
રાધે ગોવિન્દ, જય રાધેગોવિન્દ ।
વૃન્દાવનચંન્દ, જય રાધેગોવિન્દ ॥૬॥
માધવ મુકુન્દ, જય માધવ મુકુન્દ ।
આનન્દકુન્દ, જય માધવ મુકુન્દ ॥૭॥
નરનારાયણ ! સ્વામિનારાયણ ! નરનારાયણ ।
સ્વામિનારાયણ ! નરનારાયણ ! સ્વામિનારાયણ ॥૮॥
નરનારાયણ ! સ્વામિનારાયણ ! નરનારાયણ
સ્વામિનારાયણ ! નરનારાયણ ! સ્વામિનારાયણ



## શ્રી રાધિકાકૃષ્ણાષ્ટક

નવીનજીમૂતસમાનવર્ણ રત્નોલ્લસત્કુંડલશોભિકર્ણમ્ ।
મહાકિરીટાગ્રમયૂરપર્ણ શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ ॥૧
નિધાય પાણિ દ્વિતયેન વેણું નિજાધરે શેખરયાતરેણુમ્ ।
નિનાદયન્તં ચ ગતૌ કરેણું શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ ॥૨
વિશુદ્ધહેમોજવલપીતવસ્ત્રં હતા રિયુથં ચ વિનાપિ શસ્ત્રમ્ ।
વ્યર્થીકૃતાનેકસુરદ્વિડસ્ત્રં શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ ॥૩
અધર્મતિષ્યાર્દિત સાધુપાલં સદ્ધર્મ વૈરાસુર સંઘકાલમ્ ।
પુષ્પાદિમાલં વ્રજરાજબાલં શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ ॥૪
ગોપિપ્રિયારંમ્ભિત રાસ ખેલં રાસેશ્વરી રંજનકૃત્પ્રહેલમ્ ।
સ્કન્ધોલ્લસત્કુ કુંમચિન્હચેલં શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ ॥૫
વૃન્દાવને પ્રીતતયા વસન્તં નિજાશ્રિતાનાપદઉદ્ધસ્તનમ્ ।
ગોગોપગોપિરભિન્દયન્તં શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ ॥૬
વિશ્વદ્વિષન્મન્મથદર્પહારં સંસારિ જીવાશ્રયણીયસારમ્ ।
સદૈવ સત્પુરુષસૌખ્યકાંર શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ ॥૭
આનન્દિતાત્મવ્રજવાસિતોકં નન્દાદિસન્દર્શિત દિવ્યલોકમ ।
વિનાશિત સ્વાશ્રિતજીવશોકં શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ ॥૮

## પ્રાર્થના

નિર્વિકલ્પ ઉત્તમ અતિ નિશ્ચય તવ ઘનશ્યામ ।
માહાત્મ્યજ્ઞાનયુત ભક્તિ તવ એકાંતિક સુખધામ ॥૧॥
મોહિમેં તવ ભક્તપનો, તામેં કોઈ પ્રકાર ।
દોષ ન રહે કોઈ જાતકો, સુનિયો ધર્મકુમાર ॥૨॥
તુમારો તવ હરિભક્તકો, દ્રોહ કબુ નહિ હોય ।
એકાંતિક તવ દાસકો, દીજે સમાગમ મોય ॥૩॥
નાથ નિરંતર દર્શ, તવ દાસનકો દાસ ।
એહિ માગુ કરી વિનય હરિ, સદા રાખિયો પાસ ॥૪॥
હે કૃપાળુ ! હે ભક્તપતે ! ભક્તવત્સલ ! સુનો બાત ।
દયાસિન્ધો ! સ્તવન કરી, માગુ વસ્તુ સાત ॥૫॥
સહજાનંદ મહારાજ કે, સબ સત્સંગી સુજાન ।
તાકુ હોય દ્રઢ વર્તનો શિક્ષાપત્રી પ્રમાન ॥૬॥
સો પત્રીમેં અતિ બડે, નિયમ એકાદશ જોય ।
તાકી વિકિત કહત હું, સુનિયો સબ ચિત્ત પ્રોય ॥૭॥
હિંસા ન કરની જંતુકી, પરત્રિયા સંગકો ત્યાગ ।



માંસ ન ખાવત મદ્યકું, પીવત નહિ બડ ભાગ્ય ॥૮॥
વિધવાકું સ્પર્શત નહિ, કરત ન આત્મઘાત ।
ચોરી ન કરની કાહુંકી, કલંક ન કોઈકું લગાત ॥૯॥
નિંદત નહિ કોઈ દેવકુ, બિન ખપતો નહિ ખાત ।
વિમુખ જીવકે વદનસેં કથા સુની નહિ જાત ॥૧૦॥
એહી ધર્મ કે નિયમમેં, બરતો સબ હરિદાસ ।
ભજો શ્રી સહજાનંદ પદ, છોડી ઓર સબ આશ ॥૧૧॥
રહી એકાદશ નિયમમેં, કરો શ્રી હરિપદ પ્રીત ।
પ્રેમાનંદ કે ધામમેં, જાઓ નિઃશંક જગ જીત ॥૧૨॥

●

## મંગળાચરણ

વિશ્વેશ છો સકળ વિશ્વતણા વિધાતા,
દાતા તમે સકળ મંગળ શાંતિ દાદા,
માટે તમારૂ કરૂણાનિધિ સત્ય નામ,
સાષ્ટાંગ નાથ તમને કરૂ હું પ્રણામ, (૧)
અજ્ઞાન પાશ કરૂણા કરી કાપી નાખો,



નિત્ય પ્રભુ તવ પદે મમ વૃત્તિ રાખો,
ભક્તોનું પાલન કરો પ્રભુ સર્વયામ,
સાષ્ટાંગ નાથ તમને કરૂ હું પ્રણામ, (૨)
જે ઉત્પતિ તથા સ્થિતિ લય કરે, વેદો સ્તુતિ ઉચ્ચરે.
જેના રોમ સુછિદ્રમાં અણુંસમ બ્રહ્માંડ કોટિ ફરે;
માયા કાળ રવિ શશિ સુરગણો આજ્ઞા ન લોપે ક્ષણ,
એવા અક્ષરધામના અધિપતિ શ્રી સ્વામિનારાયણ, (૧)
આવી અક્ષરધામથી અવનિમાં જે દેહધારી થયા,
આપ્યાં સુખ અપાર ભક્તજનને દિલે ધરીને
દયા, કીધાં ચારૂ ચરિત્ર ગાન કરવા જેણે કરૂણા કરી,
વંદુ મંગળ મુરતિ ઉર ધરી સર્વોપરિ શ્રીહરિ (૨)
જન્મ્યા કૌશલ દેશ વેષ બટુનો લઈ તીર્થમાંહી ફર્યા
રામાનંદ મળ્યા સ્વધર્મ ચલવ્યો યજ્ઞાદિ મોટા કર્યા;
મોટાં ધામ રચ્યાં રહ્યા ગઢપુરે બે દેશ ગાદી કરી,
અન્તર્ધાન થયા લીલા હરિતણી સંક્ષેપમાં ઉચ્ચરી, (૩)
ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ
ત્વમેવ બંધુ ચ સખા ત્વમેવ



ત્વમેવ વિદ્યા, દ્રવિણં ત્વમેવ
ત્વમેવ સર્વં મમ દેવદેવ (૪)
નિજાશ્રિતાનાં સકલાર્તિહંતા
સધર્મ ભક્તેરવનં વિધાતા
દાતા સુખાનાં મનસેપ્સિતાનાં
તનોતુકૃષ્ણોડખિલમંગલંનઃ (૫)

●

## થાળ

જમો થાળ જીવન જાઉ વારી,
ધોઉ કર ચરણ કરો ત્યારી. જમો... ૧
બેસો મેલ્યા બાજોઠીયા ઢાળી,
કટોરા કંચનની થાળી,
જળે ભર્યા ચંબુ ચોખાળી. જમો... ૨
કરી કાઠા ઘઉ તણી પોળી,
મેલી ઘૃત સાકરમાં બોળી,
કાઢ્યો રસ કેરીનો ધોળી, જમો... ૩

ગળ્યા સાટા ઘેબર ફૂલવડી,
દૂધપાક માલ પુઆ કઢી,
પુરી પોચી થઈ છે ઘીમાં ચઢી. જમો... ૪
અથાણાં શાક સુંદર ભાજી,
લાવી છું તરત કરી તાજી,
દહીં ભાત સાકર છે. ઝાઝી. જમો... ૫
ચળુ કરો લાવું જળ ઝારી,
એલચી લવીંગ સોપારી,
પાન બીડી બનાવી સારી. જમો... ૬
મુખવાસ મનગમતા લઈને,
પ્રસાદી થાળ તણી દઈને,
ભૂમાનંદ કહે રાજી થઈને. જમો... ૭

●

## મુખવાસ

લેતા જાઓ રે સાવરિયા ! બીડી પાન કી;
બીડી પાનનકી રે, બીડી પાનન કી



લેતા જાઓ રે સાવરિયા
બીડી પાનનકી ॥ ટેક ॥
કાથો ચૂનો વળી, લવીંગ સોપારી,
એલચી મંગાવું મુલતાનનકી લેતા... ૧
એક એક બીડી મોરી, સાસુ નણંદકી;
દુસરી બીડી મોરે લાલનકી લેતા... ૨
આવો શ્રીકૃષ્ણ હરિ પાટે બેસાડુ,
બાજી ખેલાવું સારી રેનન કી લેતા... ૩
પ્રેમાનંદ કહે આપો પ્રસાદી,
એટલી અરજ તોરે દાસન કી લેતા... ૪

●

## ચેષ્ટાનાં પદો

પ્રથમ શ્રીહરિને રે,
ચરણે શિશ નમાવું; નૌતમ લીલા રે,
નારાયણની ગાવું, મોટા મુનિવર રે.
એકાગ્ર કરી મનને; જેને કાજે રે,
સેવે જાઈ વનને, આસન સાધી રે.



ધ્યાન ધરીને ધારે; જેની ચેષ્ટા રે,
સ્નેહ કરી સંભારે, સહજ સ્વાભાવિક રે.
પ્રકૃતિ પુરુષોત્તમની; સુણતાં સજની રે,
બીક મટાડે જમની, ગાવું હેતે રે.
હરિનાં ચરિત્ર સંભારી; પાવન કરજો રે,
પ્રભુજી બુદ્ધિ મારી, સહજ સ્વભાવે રે.
બેઠા હોય હરિ જ્યારે; તુલસીની માળા,
રે કર લઈ ફેરવે ત્યારે, રમૂજ કરતા રે.
રાજીવ નેણ રૂપાળા, કોઈ હરિજનની રે,
માગી લઈને માળા, બેવડી રાખી રે.
બબે મણકા જોડે, ફેરવે તાણી રે,
કંઈક માળા તોડે, વાતો કરે રે.
રમૂજ કરીને હસતા, ભેળી કરી રે,
માળા કરમાં ઘસતા, ક્યારેય મીંચી રે.
નેત્ર કમળને સ્વામી; પ્રેમાનંદ કહે રે,
ધ્યાન ધરે બહુનામી, સાંભળ સહિયર રે.



પદ-૨
લીલા નટ નાગરની, સુણતાં સુખડું રે,
આપે સુખ સાગરન, નેત્ર કમળને રે.
રાખી ઉઘાડાં ક્યારે, ધ્યાન ધરીને રે,
બેસે જીવન બારે, ક્યારેક ચમકી રે.
ધ્યાન કરતાં જાગે, જોતા જીવન રે,
જન્મ મરણ દુઃખ ભાગે, પોતા આગળ રે.
સભા ભરાઈ બેસે, સંત હરિજન રે,
સામુ જોઈ રહે છે, ધ્યાન ધરીને રે.
બેઠા હોય હરિ પોતે, સંત હરિજન રે,
તૃપ્ત ન થાય જોતે, સાધુ કીર્તન રે.
ગાય વગાડી વાજા; તેમને જોઈને રે,
મગન થાય મહારાજા, તેમની ભેળા રે.
ચપટી વગાડી ગાય; સંત હરિજન રે,
નિરખી રાજી થાય, ક્યારેક સાધુ રે.
ગાય વજાડી તાળી; ભેળા ગાયે રે,
તાળી દઈ વનમાળી, આગળ સાધુ રે.

કીર્તન ગાય જ્યારે; પોતા આગળ રે,
કથા વંચાય ત્યારે, પોતે વાર્તા રે.
કરતા હોય બહુનામી; ખસતા આવે રે,
પ્રેમાનંદના સ્વામી, મનુષ્ય લીલા રે.

પદ-૩

કરતા મંગલકારી; ભક્ત સભામાં રે,
બેઠા ભવ ભયહારી, જેને જોતાં રે.
જાયે જગ આશક્તિ; જ્ઞાન વૈરાગ્ય રે,
ધર્મ સહિત જે ભક્તિ, તે સંબંધી રે.
વાર્તા કરતા ભારી; હરિ સમજાવે રે,
નીજ જનને સુખકારી, યોગ ને સાંખ્ય રે.
પંચ રાત્ર વેદાંત; એ શાસ્ત્રનો રે,
રહસ્ય કહે કરી ખાંત, ક્યારેક હરિજન રે.
દેશદેશના આવે; ઉત્સવ ઉપર રે,
પૂજા બહુવિધ લાવે, જાણી પોતાના રે.
સેવક જન અવિનાશી; તેમની પૂજા રે,
ગ્રહણ કરે સુખરાશી, ભક્ત પોતાના રે.



તેને શ્યામ સુજાણ; ધ્યાન કરાવી રે,
ખેંચા નાડી પ્રાણ, ધ્યાનમાંથી રે.
ઉઠાડે નીજજનને; દેહમાં લાવે રે,
પ્રાણ ઈન્દ્રીય મનને, સંત સભામાં રે.
બેઠા હોય અવિનાશ; કોઈ હરિજન રે,
તેડવો હોય પાસ, પહેલી આંગળી રે.
નેત્રતણી કરી સાન; પ્રેમાનંદ કહે રે,
સાદ કરે ભગવાન, મોહનજીની રે.

પદ-૪

લીલા અતિ સુખકારી, આનંદ આપે રે,
સુણતાં ન્યારી ન્યારી, ક્યારે વાતો રે.
કરે મુનિવર સાથે, ગુચ્છ ગુલાબના રે,
ચોળે છે બે હાથે, શીતળ જાણી રે.
લીંબુ હાર ગુલાબી, તેને રાખે રે,
આંખો ઉપર દાબી, ક્યારેક પોતે રે.
રાજીપામાં હોયે, વાતો કરે રે,
કથા વંચાય તોયે, સાંભળે કીર્તન રે.



પોતે કાંઈક વિચારે, પૂછવા આવે રે,
જમવાનું કોઈ ત્યારે, હાર ચડાવે રે.
પૂજા કરવા આવે, તેના ઉપર રે,
બહુ ખીજી રીસાવે, કથા સાંભળતા રે.
હરે હરે કહી બોલે, મર્મ કથાનો રે,
સુણી મગન થઈ ડોલે, ભાન કથામાં રે.
બીજી ક્રિયા માંય, ક્યારેક અચાનક રે,
જમતાં હરે બોલાય, થાય સ્મૃતિ રે.
પોતાને જ્યારે તેની, થોડુંક હસે રે,
ભક્ત સામુ જોઈ બે'ની, એમ હરિ નિત નિત રે.
આનંદ રસ વરસાવે, એ લીલા રસ રે,
જોઈ પ્રેમાનંદ ગાવે, સાંભળ સજની રે.

પદ-૫

દિવ્ય સ્વરૂપ મુરારી, કરે ચરિત્ર રે,
મનુષ્ય વિગ્ર હારી, થયા મનોહર રે.
મોહન મનુષ્ય જેવા, રૂપ અનુપમ રે,
નિજજનને સુખ દેવા, ક્યારેક ઢોલિયે રે.



બેસે શ્રી ઘનશ્યામ, ક્યારેક બેસે રે,
ચાકળે પૂરણ કામ, ક્યારેક ગોડદું રે.
ઓછાડે સહિત, પાથર્યુ હોય રે,
તે પર બેસે પ્રીતે, ક્યારેક ઢોલિયો રે.
ઉપર તકિયો ભાળી, તે પર બેસે રે,
શ્યામ પલાંઠી વાળી, ઘણુંક બેસે રે.
તકિયે ઓઠીંગણ દઈને, ક્યારેક ગોઠણ રે,
બાંધે ખેસ લઈને, ક્યારેક રાજી રે.
થાય અતિશે આલી, સંત હરિજનને રે,
ભેટે બાથમાં ઘાલી, ક્યારેક માથે રે.
લઈ મેલે બે હાથ, છાતી માહે રે,
ચરણ કમળ દે નાથ, ક્યારેક આપે રે.
હાર તોરા ગિરિધારી, ક્યારેક આપે રે,
અંગના વસ્ત્ર ઉતારી, ક્યારેક આપે રે.
પ્રસાદીના થાળ, પ્રેમાનંદ કહે રે,
ભક્ત તણા પ્રતિપાળ, એવાં કરે રે.

પદ-૬

ચરિત્ર પાવનકારી, શુકજી સરખા રે,
ગાવે નિત્ય સંભારી, ક્યારેક જીભને રે.
દાંત તળે દબાવે, ડાબે જમણે રે,
પડખે સહજ સ્વભાવે, છીંક જ્યારે આવે રે.
ત્યારે રૂમાલ લઈને, છીંક ખાયે રે,
મુખ પર આડો દઈને, રમૂજ આરી રે.
હસે અતિ ઘનશ્યામ, મુખ પર આડો રે,
રૂમાલ દઈ સુખધામ, ક્યારેક વાતો રે.
કરતા થકા દેવ, છેડે રૂમાલને રે,
વળ દેવાની ટેવ, અતિ દયાળુ રે.
સ્વભાવ છે સ્વામીનો, પરદુઃખ હારી રે,
વારી બહુનામીનો, કોઈને દુઃખીયો રે.
દેખી ન ખમાય, દયા આણી રે,
અતિ આકળા થાય, અન્ન ધન વસ્ત્ર રે.
આપી ને દુઃખ ટાળે, કરૂણા દ્રષ્ટિ રે,
દેખી વાનજ વાળે, ડાબે ખંભે રે.



ખેસ આડ છોડે નાખી, ચાલે જમણા રે,
કરમાં રૂમાલ રાખી, ક્યારેક ડાબો રે.
કર કેડ ઉપર મેલી, ચાલે વાલો રે,
પ્રેમાનંદનો હેલી, નિત નિત નૌત્તમ રે.

પદ-૭

લીલા કરે હરિરાય, ગાતાં સુણતાં રે,
હરિજન રાજી થાય, સહજ સ્વભાવે રે.
ઉતાવળા બહુ ચાલે, હેત કરીને રે,
બોલાવે બહુ વ્હાલે, ક્યારેક ઘોડે રે.
ચડવું હોય ત્યારે, ક્યારેક સંતને રે,
પીરસવા પધારે, ત્યારે ડાબે રે.
ખંભે ખેસને આણી, ખેસને બાંધે રે,
કેડ સંગાથે તાણી, પીરસે લાડુ રે.
જલેબી, ઘનશ્યામ, જણસ જમ્યાની રે,
લઈ લઈને તેનાં નામ, ફરે પતંગમાં રે.
વારંવાર મહારાજ, સંત હરિજનને રે,
પીરસવાને કાજ, શ્રદ્ધા ભક્તિ રે.



અતિ ઘણી પીરસતાં, કોઈના મુખમાં રે,
આપે લાડુ હસતા, પાછલી રાત્રે રે.
ચાર ઘડી રહે જ્યારે, દાતણ કરવા રે,
ઉઠે હરિ તે વારે, નાવા બેસે રે.
નાથ પલાંઠી વાળી, કર લઈ કળશ્યો રે,
જળ ઢોળે વનમાળી, કોરે વસ્ત્ર રે.
કરી શરીરને લુવે, પ્રેમાનંદ કહે રે,
હરિજન સર્વે જુએ, રૂડા શોભે રે.

પદ-૮

નાહીને ઉભા હોય, વસ્ત્ર પહેરેલું રે,
સાથળ વચ્ચે નિચોવે, પગ સાથળ ને રે.
લુહીને સારંગપાણી, કોરા ખેસને રે,
પહેરે સારી પેઠે તાણી, ઓઢી ઉપરણી રે.
રેશમી કોરની વ્હાલે, આવે જમવા રે,
ચાખડી એ ચડી ચાલે, માથે ઉપરણી રે.
ઓઢી બેસે જમવા, કાન ઉઘાડા રે,
રાખે મુજને ગમવા, જમતાં ડાબા રે.



પગની પલોંઠી વાળી, તે પર ડાબો રે,
કર મેલે વનમાળી, જમણા પગને રે.
રાખી ઉભો શ્યામ, તે પર જમણો રે,
કર મેલે સુખધામ, રૂડી રીતે રે.
જમે દેવના દેવ, વારે વારે રે,
પાણી પીધાની ટેવ, જણસ સ્વાદુ રે.
જણાય જમતાં જમતાં, પાસે હરિજન રે,
બેઠા હોય મનગમતા, તેમને આપી રે.
પછી પોતે જમે, જમતાં જીવન રે,
હરિજનને મન ગમે, ફેરવે જમતાં રે.
પેટ ઉપર હરિ હાથ, ઓડકાર ખાય રે,
પ્રેમાનંદનો નાથ, ચળુ કરે રે.

પદ-૯

મોહન તૃપ્ત થઈને, દાંતને ખોતરે રે,
સળી રૂપાની લઈને, મુખવાસ લઈને રે.
ઢોલિયે બિરાજે, પૂજા કરે રે,
હરિજન હેતે ઝાઝે, પાંપણ ઉપર રે.

આંટો લઈ અલબેલો, ફેંટો બાંધે રે,
છોગું મેલી છેલો, વર્ષાઋતુને રે.
શરદઋતુ ને જાણી, ઘેલા નદીનાં રે,
નિર્મળ નીર વખાણી, સંત હરિજનને રે.
સાથે લઈને શ્યામ, ન્હાવા પધારે રે,
ઘેલે પૂરણ કામ, બહુ જળ ક્રિડા રે.
કરતા જળમાં ન્હાય, જળમાં તાણી રે,
દઈને કીર્તન ગાય, ન્હાઈને બારા રે.
નીસરી વસ્ત્ર પહેરી, ઘોડે બેસી રે,
ઘેર આવે રંગ લહેરી, પાવન યશને રે.
હરિજન ગાતા આવે, જીવન જોઈને રે,
આનંદ ઉર ન સમાવે, ગઢપુરવાસી રે.
જોઈને જગ આધાર, સુફળ કરે છે રે,
નેણાં વારંવાર, આવી બિરાજે રે,
ઓસરીએ બહુનામી, ઢોલિયા ઉપર રે,
પ્રેમાનંદના સ્વામી, નિજ સેવક ને રે.



પદ-૧૦

સુખદેવાને કાજ, પોતે પ્રગટ્યા રે,
પુરુષોત્તમ મહારાજ, ફળિયા માંહી રે.
સભા કરી બિરાજે, પૂરણ શશી રે,
ઉડુગણમાં જેમ છાજે, બ્રહ્મરસ વરસે રે.
તૃપ્ત કરે હરિજનને, પોઢે રાત્રે રે,
જમી શ્યામ શુદ્ધ અન્નને, બે આંગળીઓ રે.
તિલક કર્યાની પેરે, ભાલ વચ્ચે રે,
ઉભી રાખીને ફેરે, સૂતાં સૂતાં રે.
માળા માગી લઈને, જમણે હાથે રે,
નિત્ત ફેરવે ચિત્ત દઈને, ભૂલ ન પડે રે.
કેદી એવું નેમ, ધર્મકુંવરની રે,
સહજ પ્રકૃતિ એમ, ભર નિદ્રામાં રે.
પોઢ્યા હોય મુનિરાય, કોઈ અજાણે રે,
લગાર અડી જાય, ત્યારે ફડકી રે.
જાગે સુંદર શ્યામ, કોણ છે ? પૂછે રે,
સેવક ને સુખધામ, એવી લીલા રે.
હરિની અનંત અપાર, મેં તો ગાઈ રે,



કાંઈક મતિ અનુસાર, જે કોઈ પ્રીતે રે.
શીખે સુણે ગાશે, પ્રેમાનંદનો રે, સ્વામી રાજી થાશે.

●

## રાગ : ધોળ

ઓરા આવો શ્યામ સ્નેહી સુંદર વર જોઉ વાલા
જતન કરીને જીવન મારા, જીવમાંહી પ્રોઉ વ્હાલા...૧
ચિહ્ન અનુપમ અંગો અંગના, સુરતે સંભારૂ વહાલા,
નખશિખ નીરખી નૌતમ મારા, ઉરમાં ઉતારૂ વ્હાલા...૨
અરૂણ કમળ સમ જુગલચરણની, શોભા અતિ સારી વાલા,
ચિંતવન કરવા આતુર અતિ, મનવૃત્તિ મારી વ્હાલા...૩
પ્રથમ તે ચિંતવન કરૂ, સુંદર સોળે ચિહ્નન વ્હાલા;
ઉર્ધ્વરેખા ઓપી રહી, અતિશે નવીન વ્હાલા...૪
અંગુઠા આંગળી વચ્ચેથી, નીસરીને આવી વ્હાલા,
પાનીની બે કોરે જોતાં, ભક્ત ને મનભાવી વ્હાલા...૫
જુગલ ચરણમાં કહુ મનોહર, ચિહ્ન તેનાં નામ વ્હાલા...૬



શુધ્ધ મને કરી સંભારતા નાશ પામે કામ વ્હાલા
અષ્ટકોણને ઉર્ધ્વરેખા, સ્વસ્તિક જાંબુ જવ વ્હાલા,
વજ અંકુશ કેતુ ને પદ્મ, જમણે પગે નવ વ્હાલા...૭
ત્રિકોણ કળશ ને ગોપદ સુંદર, ધનુષ ને મીન વ્હાલા,
અર્ધ ચન્દ્ર ને વ્યોમ સાત છે, ડાબે પગે ચિહ્ન વ્હાલા...૮
જમણા પગના અંગુઠાના, નખમાંહી ચિહ્ન વ્હાલા,
તે તો નીરખે જે કોઈ ભક્ત, પ્રીતિએ પ્રવીણ વ્હાલા...૯
એજ અંગુઠાની પાસે, તિલક એક નૌતમ ધારુ વ્હાલા,
પ્રેમાનંદ કહે નિરખુ પ્રીતે, પ્રાણ લઈ વારૂ વ્હાલા...૧૦

●

## રાગ ગરબી પદ-૧

હવે મારા વહાલાને નહિ રે વિસારુ રે,
શ્વાસ ઉચ્છવાસે તે નિત્ય સંભારુ રે, ૧
પડ્યું મારે સહજાનંદજી શું પાનું રે,
હવે હું તો કેમ કરી રાખીશ છાનુ રે, ૨

આવ્યું મારે હરિવર વરવાનું ટાળું રે,
એ વર ન મળે ખરચે નાણું રે, ૩
એ વર ભાગ્ય વિના નવ ભાવે રે,
એ સ્નેહ લગ્ન વિના નવ આવે રે, ૪
દુરિજન મન રે માને તેમ કહેજ્યો રે,
સ્વામી મારા હૃદયાની ભીંતર રહેજ્યો રે, ૫
હવે હું તો પૂરણ પદવીને પામી રે,
મળ્યા મને નિષ્કુળાનંદના સ્વામી રે, ૬

પદ-૨

હવે મારા વહાલા ના દર્શન સારૂં,
હરિજન આવે હજારે હજારૂ-૧
ઢોલિયે બિરાજે સહજાનંદ સ્વામી,
પૂરણ પુરૂષોત્તમ અંતર જામી-૨
સભા મધ્યે બેઠા મુનિનાં વૃંદ,
તેમાં શોભે તારે વીટ્યો જેમ ચન્દ્ર-૩
દુરગપુર ખેલ રચ્યો અતિ ભારી,
ભેળા રમે સાધુને બ્રહ્મચારી-૪



તાળી પાડે ઉપડતી અતિસારી,
ધૂન થાય ચૌદ લોક થકી, ન્યારી-૫
પાઘલડીમાં છોગલીયું અતિ શોભે,
જોઈ જોઈ હરિજનનાં મન લોભે-૬
પધાર્યા વહાલો સર્વે તે સુખના રાશિ,
સહજાનંદ સ્વામી અક્ષરધામના વાસી-૭
ભાંગી મારી જન્મો જન્મની ખામી,
મળ્યા મને નિષ્કુળાનંદના સ્વામી-૮

●

## રાગ : ગરબી પદ-૧

વંદુ સહજાનંદ રસરૂપ અનુપમ સારને રે લોલ;
જેને ભજતાં છૂટે ફંદ, કરે ભવ પારને રે લોલ-૧
સમરૂ પ્રગટ રૂપ સુખધામ, અનુપમ નામ ને રે લોલ;
જેને ભવ બ્રહ્માદિક દેવ, ભજે તજી કામને રે લોલ-૨
જે હરિ અક્ષરબ્રહ્મ, આધાર, પાર કોઈ નવ લહે રે લોલ;
જેને શેષ સહસ્ત્ર મુખ ગાય, નિગમ નેતિકહે રે લોલ-૩



વર્ણવું સુંદર રૂપ અનુપમ, જુગલ ચરણે નમી રે લોલ,
નખશીખ પ્રેમસખીના નાથ, રહો ઉરમાં રમી રે લોલ-૪

પદ-૨

આવો મારા મોહન મીઠડા લાલ કે, જોઉ તારી મૂરતિ રે લોલ,
જતન કરી રાખું રસિયારાજ, વિસારુ નહિ ઉરથી રે લોલ-૧
મન મારૂ મોહ્યું મોહનલાલ, પાઘલડીની ભાતમાં રે લોલ,
આવો ઓરા છોગલાં ખોસુ છેલ, ખાંતીલા જોઉ ખાંતમાં રે લોલ-૨
વહાલા તારૂ ઝળકે સુંદર ભાલ, તિલક રૂડાં કર્યા રે લોલ,
વહાલા તારા વામ કરમાં તિલ, તેણે મનડાં હર્યાં રે લોલ-૩
વહાલા તારી ભ્રકુટિ ને બાણે શ્યામ, કાળજ મારા કોરિયા રે લોલ,
નેણે તારે પ્રેમસખીના નાથ કે, ચિત્ત મારાં ચોરીયાં રે લોલ-૪

પદ-૩

વહાલા મુને વશ કીધી વ્રજ રાજ, વાલપ તારા વાલમાં રે લોલ,
મન મારૂ તલપે જોવા, કાજ, ટીબકડી છે ગાલમાં રે લોલ-૧
વહાલા તારી નાસિકા નમણી નાથ, અધરબિંબ લાલ છે રે લોલ,
છેલા મારા પ્રાણ કરૂ કુરબાન, જોયા જેવી ચાલ છે રે લોલ-૨
વહાલા તારા દંત દાડમનાં બીજ, ચતુરાઈ ચાવતા રે લોલ,
વહાલા મારા પ્રાણ હરો છો નાથ, મીઠું મીઠું ગાવતા રે લોલ-૩



વાલા તારે હસવે હરાણું ચિત્ત, બીજું હવે નવ ગમે રે લોલ,
મન મારૂ પ્રેમસખીના નાથ કે, તમ કેડે ભમે રે લોલ-૪

પદ-૪

રસિયા જોઈ રૂપાળી કોટ, રૂડી રેખાવળી રે લોલ;
વહાલા મારુ મનડું મળવા ચ્હાય કે જાય ચિત્તડું ચળી રે લોલ-૧
વ્હાલા તારી જમણી ભૂજાને પાસ, રૂડી તિલ ચાર છે રે લોલ;
વહાલા તારા કંઠ વચ્ચે તીલ એક, અનુપમ સાર છે રે લોલ-૨
વહાલા તારા ઉરમાં વિનગુણ હાર, જોઈ નેણાં ઠરે રે લોલ,
વહાલા તે તો જાણે પ્રેમીજન, જોઈ નિત્ય ધ્યાન ધરે રે લોલ-૩
રસિયા જોઈ તમારૂ રૂપ, રસિક જન ઘેલડા રે લોલ,
આવો વહાલા પ્રેમસખીના નાથ, સુંદર વર છેલડા રે લોલ-૪

પદ-૫

વહાલા તારી ભૂજા જુગલ જગદીશ, જોઈને જાઉ વારણે રે લોલ,
કરનાં લટકા કરતા લાલ, આવો ને મારે બારણે રે લોલ-૧
વહાલા તારી આંગળીઓની રેખા, નખમણી જોઈને રે લોલ,
વહાલા મારા ચિત્તમાં રાખું ચોરી, કહું નહિ કોઈને રે લોલ-૨

વહાલા તાર ઉરમાં અનુપમ છાપ, જોવાને જીવઆકળો રે લોલ,
વહાલા મારા હૈડે હરખ ન માય, જાણુ જે હમણાં મળો રે લોલ-૩
વહાલા તારૂ ઉદર અતિ રસરૂપ, શીતળ સદા નાથજી રે લોલ,
આવો ઓરા પ્રેમસખીના પ્રાણ, મળુ ભરી બાથજી રે લોલ-૪

પદ-૬

વહાલા તારી મૂરતિ અતિ રસરૂપ, રસિક જોઈને જીવે રે લોલ,
વહાલા એ રસના ચાખણહાર, છાશ તે નવ પીવે રે લોલ-૧
વહાલા મારે સુખ સંપત તમે શ્યામ, મોહન મન ભાવતા રે લોલ,
આવો મારે મંદિર જીવન પ્રાણ, હસીને બોલાવતા રે લોલ-૨
વહાલા તારૂ રૂપ અનુપમ ગૌર, મૂરતિ મનમાં ગમે રે લોલ,
વહાલા તારૂ જોબન જોવા કાજ, કે ચિત્ત શરણે નમે રે લોલ-૩
આવો મારા રસિયા રાજીવ નેણ, મરમ કરી બોલતા રે લોલ,
આવો વહાલા પ્રેમસખીના સેણ, મંદિર મારે ડોલતા રે લોલ-૪

પદ-૭

વાલા તારું રૂપ અનુપમ નાથ, ઉદર શોભા ઘણી રે લોલ,
ત્રિવળી જોવું સુંદર છેલ, આવોને ઓરા અમ ભણી રે લોલ-૧



વાલા તારી નાભિ નૌતમ રૂપ, ઉંડી અતિ ગોળ છે રે લોલ,
કટિલંક જોઈને સહજાનંદ, કે મનરંગ ચોળ છે રે લોલ-૨
વાલા તારી જંઘા જુગલની શોભા, મનમાં જોઈ રહું રે લોલ,
વાલા નિત્ય નીરખું પીંડીને પાની, કોઈને નવ કહુ રે લોલ-૩
વાલા તારા ચરણ કમળનું ધ્યાન, ધરૂં અતિ હેતમાં રે લોલ,
આવો વહાલા પ્રેમસખીના નાથ, રાખું મારા ચિત્તમાં રે લોલ-૪

પદ-૮

વાલા તારા જુગલ ચરણ રસરૂપ, વખાણું વહાલમાં રે લોલ,
વાલા અતિ કોમળ અરૂણ રસાળ, ચોરે ચિત્ત ચાલમાં રે લોલ-૧
વાલા તારે જમણે અંગુઠે તિલ, કે નખમાં ચિહ્ન છે રે લોલ,
વાલા છેલી આંગળીયે તિલ એક, જોવાને મન દીન છે રે લોલ-૨
વાલા તારા નખની અરૂણતા જોઈને, શશીકળા ક્ષીણ છે રે લોલ,
વાલા રસચોર ચકોર જે ભક્ત, જોવાને પ્રવીણ છે રે લોલ-૩
વાલા તારી ઉર્ધ્વરેખામાં ચિત્ત, રહો કરી વાસને રે લોલ,
માગે પ્રેમ સખી કર જોડી, દેજો દાન દાસને રે લોલ-૪

●



## રાગ : "ગરબી"

રે શ્યામ તમે સાચુંનાણું બીજું સર્વે દુઃખદાયક જાણું. રે શ્યામ તમે, સાચું નાણું... ટેક રે તમે વિના સુખસંપત કહાવે તેતો સર્વે મહાદુઃખ ઉપજાવે; અંતે એમાં કામ કોઈ નાવે, રે શ્યામ...૧
રે મુરખ લોક મરે ભટકી, જૂઠા સંગે હારે શિર પિટકી; એથી મારી મન વૃત્તિ અટકી... રે શ્યામ.... ૨
છે અખંડ અલૌકિક સુખ સારૂં તે જોઈ જોઈ મન મોહ્યું મારૂં; ધરા ધન તમ ઉપર વારૂં.... રે શ્યામ...૩
રે બ્રહ્માથી કીટ લગી જોયું, જૂંઠું સુખ જાણીને વગોવ્યું; મુક્તાનંદ મન તમ સંગ મોહ્યું... રે શ્યામ... ૪

●

## રાગ : "બિહાગ"

પોઢે પ્રભુ સકલ મુનિકે શ્યામ; નરનારાયણ દિવ્ય મૂરતિ, સ્વામિનારાયણ દિવ્ય મૂરતિ, સંતનકે વિશ્રામ... પોઢે.૧
અક્ષર પર આનંદઘન પ્રભુ કિયો હે ભૂપર ઠામ; જેહી મિલત જન તરત માયા, લહત અક્ષરધામ... પોઢે.૨



શારદ શેષ મહેશ મહામુનિ, જપત જેહી ગુણનામ; જાસ પદરજ, શિષ ધરી ધરી, હોત જન નિષ્કામ... પોઢે.૩
પ્રેમ કે પર્યંક પર પ્રભુ, કરત સુખ આરામ; મુક્તાનંદ નિજ ચરણરજ, ગુન ગાવત આઠો જામ... પોઢે.૪

●

## "રાગ : ગરબી"

પોઢો પોઢો સહજાનંદ સ્વામી;
અખિયામાં નિંદરા ભરાણી રે... પોઢો-૧
હાં રે તમે માથેથી પાઘ ઉતારોરે;
પછી તમે બનાતની ટોપી ધારો રે... પોઢો-૨
હાં રે તમે જરકસી જામાં ઉતારોરે;
પછી હીરકોરી ધોતી ધારો રે... પોઢો-૩
હાં રે તમે કેડનો પાટકો છોડો રે;
પછી શાલ દુશાલા ઓઢો રે... પોઢો-૪
હાં રે પોઢ્યા પ્રેમાનંદના સ્વામી રે;
સખી જોઈ જોઈ આનંદ પામી રે
પોઢો પોઢો સહજાનંદ સ્વામી;

## રાગ : ગરબી પદ-૧

ગઈતી ગઈતી ભરવાને નીર, સૈયરના સંગમાં રે લોલ,
રમતા દીઠા શ્યામ સુજાણ, રંગીલો રંગમાં રે... લોલ૦૧
જોયું રસિયાજીનું રૂપ, અલૌકિક આજનું રે લોલ,
જાણે શરદ પૂનમનો ચાંદ, વદન વ્રજરાજનું રે... લોલ૦૨
સનમુખ આવે ગજગતિ ચાલ, કે અંગ મરોડતાં રે લોલ,
રસિયો નેણું સાથે નેણ કે, જોરે જોડતાં રે... લોલ૦૩
નાખી બ્રહ્માનંદને નાથ, અચાનક આંખડી રે લોલ,
મારા ચિતમાં લાગી ચોટ કે, ઘાયલ થઈ પડી રે... લોલ૦૪

પદ-૨

રૂડી કેસર કેરી આડ, મનોહર ભાલમાં રે લોલ,
ચોર્યા વ્રજનારીનાં ચિત, લટકતી ચાલમાં રે... લોલ૦૧
શોભે નટવરજીને સંગ મનોહર મંડળી રે લોલ,
કરે છે યમુના તીરે ખેલ, સખા સરવે મળી રે... લોલ૦૨
હેલી મારા લોચન પામ્યાં લોભ કે, નીરખી નાથને રે લોલ,
કીધાં સુખડામાં ગુલતાન, ગોપીજન સાથને રે... લોલ૦૩



જોતાં આડી નજરે જોર કે, કાંક કો રાખતા રે લોલ,
શોભે બ્રહ્માનંદ કે' ચોટ, નયનની નાખતાં રે... લોલ૦૪

પદ-૩

હેલી મારે મંદિરીએ મોરાર, પધાર્યા પ્રીતથી રે લોલ,
રસિયે બોલાવી ગ્રહી બાંહ્ય કે, રસની રીતથી રે... લોલ૦૧
સુંદર છોગાં મેલ્યા શીશ, કલગી શોભણી રે લોલ,
પહેર્યા ફૂલડા કેરા હાર, અલૌકિક છબી બની રે... લોલ૦૨
અતીશે આનંદ વધ્યો અંગ, થઈ રંગ રેલડી રે લોલ,
આવી અલબેલાને સાથ, બંધાણી બેલડી રે... લોલ૦૩
સજની આમાસામા આજ, અધરરસ પીધલા રે લોલ,
નીરખી બ્રહ્માનંદનો નાથ કે, ઉર પર લીધલા રે... લોલ૦૪

પદ-૪

હેલી હું તો સંધ્યા ટાણે આજ, ઉભી'તી ઘરબારણે રે લોલ,
રસિયો છેલછબીલો શ્યામ કે, જોવા કારણે રે... લોલ૦૧
આવે ગાયો કેડે નાથ, અલૌકિક ગાવતાં રે લોલ,
ગહેરી મોરલડીને સાદ કે, ધેન બોલાવતાં રે... લોલ૦૨



પહેલી વનમાળા વ્રજરાજ, કુંડળિયાં કાનમાં રે લોલ,
જોઈ મારું મનડું પામ્યું મોહ, સલુણાના વનામાં રે... લોલ૦૩
જાણી મુજને આડી મીટ કે, હેતે હેરતાં રે લોલ,
ચાલ્યા બ્રહ્માનંદનો નાથ, કમળ કર ફેરતાં રે... લોલ૦૪

●

## રાગ : ગરબી : પદ-૧

આજ મારે ઓરડે રે, આવ્યા અવિનાશી અલબેલ;
બાઈ મેં બોલાવીયા રે, સુંદર છોગાવાળો છેલ...૧
નિરખ્યા નેણાં ભરી રે, નટવર સુંદર શ્રી ઘનશ્યામ;
શોભા શી કહું રે, નિરખી લાજે કોટિક કામ...૨
ગૂંથી ગુલાબના રે, કંઠે આરોપ્યા મેં હાર;
લઈને વારણાં રે, ચરણે લાગી વારંવાર...૩
આપ્યો મેં તો આદરે રે, બેસવા ચાકળીઓ કરી પ્યાર;
પૂછયાં પ્રીત શું રે, બાઈ મેં સર્વે સમાચાર...૪
કહો ને હરિ ક્યાં હતા રે, ક્યાં થકી આવ્યા ધર્મકુમાર;



સુંદર શોભતા રે, અંગે સજીયા છે શણગાર...૫
પહેરી પ્રીત શું રે, સુરંગી સુંથણલી સુખદેણ;
નાડી હીરની રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ...૬
ઉપર ઓઢીયો રે, ગુઢો રેંટો જોયા લાગ્યા;
સજની તે સમે રે, ધન્ય ધન્ય નિરખ્યા તેનાં ભાગ્ય...૭
મસ્તક ઉપરે રે, બાંધ્યુ મોળીડું અમુલ્ય;
કોટિક રવિ શશિ રે, તે તો નાવે તેને તુલ્ય...૮
રેશમી કોરનો રે, કરમાં સાયો છે રૂમાલ;
પ્રેમાનંદ તો રે, એ છબી નીરખી થયો નિહાલ...૯

પદ-૨

સજની સાંભળો રે, શોભા વર્ણવું તેની તેહ;
મૂર્તિ સંભારતા રે, મુજને ઉપજ્યો અતિ સ્નેહ...૧
પહેર્યા તે સમે રે, હરિએ અંગે અલંકાર;
જેવા મેં નિરખ્યા રે, તેવા વર્ણવું કરીને પ્યાર...૨
બરાસ કપૂરના રે, પહેર્યા હૈડે સુંદર હાર;
તોરા પાઘમાં રે, તે પર મધુકર કરે ગુંજાર...૩

બાજુ બેરખા રે, બાંયે કપુર ના શોભિત,
કડાં કપૂરનાં રે, જોતાં ચોરે સૌનાં ચિત્ત...૪
સર્વે અંગમાં રે, ઉઠે અત્તરની બહુ ફોર;
ચોરે ચિત્તને રે, હસતા કમળ નયનની કોર...૫
હસતા હેતમાં રે, સૌને દેતા સુખઆનંદ;
રસરૂપ મૂર્તિ રે, શ્રીહરિ કેવળ કરૂણાકંદ...૬
અદ્‌ભૂત ઉપમાં રે, કહેતા શેષ ન પામે પાર;
ધરીને મૂર્તિ રે, જાણે આવ્યો રસ શૃંગાર...૭
વ્હાલપ વેણમાં રે, નેણાં કરૂણામાં ભરપૂર;
અંગો અંગમાં રે, જાણે ઉગીયા અગણિત સૂર...૮
કરતા વાતડી રે, બોલી અમૃત સરખાં વેણ;
પ્રેમાનંદનાં રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ...૯

પદ-૩

બોલ્યા શ્રીહરિ રે, સાંભળો નર નારી હરિજન;
મારે એક વાર્તા રે, સૌને સંભળાવ્યાનું છે મન...૧
મારી મૂર્તિ રે, મારા લોક ભોગ ને મુક્ત;
સર્વે દિવ્ય છે રે, ત્યાં તો જોયાની છે જુક્ત....૨



મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ;
સર્વે સામર્થી રે, શક્તિ ગુણે કરી અભિરામ...૩
અતિ તેજોમય રે, રવિ શશી કોટિક વારણે જાય;
શિતળ શાંત છે રે, તેજની ઉપમા નવ દેવાય...૪
તેમાં હું રહું રે, દ્વિભુજ દિવ્ય સદા સાકાર;
દુર્લભ દેવને રે, મારો કોઈ ન પામે પાર...૫
જીવ ઈશ્વર તણો રે, માયા કાળ પુરૂષ પ્રધાન;
સહુને વશ કરૂ રે, સૌનો પ્રેરક હું ભગવાન...૬
અગણિત વિશ્વની રે, ઉત્પતિ પાલન પ્રલય થાય;
મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય...૭
એમ મને જાણજો રે, મારા આશ્રિત સૌ નરનારી;
મેં તો તમ આગળે રે, વાર્તા સત્ય કહી છે. મારી...૮
હું તો તમ કારણે રે, આવ્યો ધામ થકી ધરી દેહ;
પ્રેમાનંદનો રે, વ્હાલો વરસ્યા અમૃત મેહ...૯

પદ-૪

વળી સૌ સાંભળો રે, મારી વાર્તા પરમ અનુપ,
પરમ સિદ્ધાંત છે રે, સૌને હિતકારી સુખરૂપ...૧



સહુ હરિભક્તને રે, જાવું હોય મારે ધામ;
તો મને સેવજો રે, તમે શુદ્ધ ભાવે થઈ નિષ્કામ...૨
સહું હરિભક્તને રે, રહેવું હોય મારી પાસ;
તો તમે મેલજો રે, મિથ્યા પંચવિષયની આશ...૩
મુજ વિના જાણજો રે, બીજા માયિક સહુ આકાર;
પ્રીતિ તોડજો રે, જૂઠા જાણી કુટુમ્બ પરિવાર...૪
સૌ તમે પાળજો રે, સર્વ દઢ કરી મારાં નિયમ;
તમે પર રીઝશે રે, ધર્મ ને ભક્તિ કરશે ક્ષેમ...૫
સંત હરિભક્ત ને રે, કીધો શિક્ષાનો ઉપદેશ;
લટકાં હાથનાં રે, કરતા શોભે નટવર વેશ...૬
નિજ જન ઉપર રે, અમૃત વરસ્યા આનંદ કંદ;
જેમ સૌ ઔધધી રે, પ્રીતે પોષે પૂરણચંદ...૭
શોભે સંતમાં રે, જેમ કોઈ ઉડુગણમાં ઉડુરાજ;
ઈશ્વર ઉદય થયા રે, કળિમાં કરવા જનનાં કાજ...૮
એ પદ શીખશે રે, ગાશે સાંભળશે કરી પ્યાર;
પ્રેમાનંદનો રે, સ્વામિ લેશે તેની સાર...૯

●



## રાગ : ધોળ — પદ-૧

સર્વે સખી જીવન જોવાને ચાલો રે,
શેરડીયુંમાં આવે લટકતો લાલો રે...૧
એની શોભા મુખે વર્ણવી ન જાય રે,
જેને નીગમ નેતિ નેતિ કરી ગાય રે...૨
રોઝે ઘોડે રાજેશ્વર બિરાજે રે,
છબી જોઈ કોટિક કંદ્રપ લાજે રે...૩
મળ્યા આવે મહામુનિનાં વૃન્દ રે,
તેમાં શોભે તારે વીંટ્યો જેમ ચંદ્ર રે...૪
શુક સનકાદિક ઉત્તમ યશ ગાવે રે,
નૃત્ય કરે નારદ વિણા વજાવે રે...૫
નીજ સખા ચમર કરે લઈ હાથ રે,
આ જો આવ્યા ભૂમાનંદના નાથ રે રે...૬

પદ-૨

જુઓ છબી શ્યામસુંદરવર કેરી રે,
હીરની નાડી સુંથલણી સોનેરી રે...૧
જરકશી જામો બુટાદાર રે,
કસીઓ કમર સોનેરી કટાર રે...૨

શિર પાઘ પેચાળી રે,
કાને ગુચ્છ ગુલાબી માથે કલગી રે...૩
ગજરાતોરા ગળે ગુલાબના હાર રે,
આવી ભ્રમર કરે ગુંજાર રે...૪
પોંચી કડાં બાંયે બાજુબંધ રે,
નંગ જડ્યા કુંડળ મોતીનાં વૃન્દ રે...૫
વેગે જુવો વરણાગીયો વનમાળી રે,
શીતળ થાયે ભૂમાનંદ કહે ભાળી રે...૬

પદ-૩

મૂર્તિ ચંચળ જુવો ચટકતી ચાલ રે,
નેતર છડી કરમાં ફુમકિયાળી લાલ રે...૧
મંદહાસ ચપળ નેણે ચિત્ત ચોરે રે,
કરનાં લટકાં કરી કાળજડાંને કોરે રે...૨
મીઠા બોલો ઘેરે રાગે ગાય રે,
અધર ધરી મોરલી, મનોહર વાય રે...૩
ઝળકે ભાલ વિશાળ શોભાનું ધામ રે,
નાસાઅણિયાળી ભમર્યુ અતિશ્યામ રે...૪



અધર લાલમાંહી મધુરી હાસ રે,
દંત પંક્તિ કરે અતિ પ્રકાશ રે...૫
જમણે ગાલે ટીબકડી રૂપાળી રે,
તાપ ટળ્યા ભૂમાનંદ કહે ભાળી રે...૬

પદ-૪

ઘેરે ચાલી આવ્યા ગૌલોકવાસી રે,
જેને કહે છે અક્ષરાતીત અવિનાસી ...૧
જુઓ જીવન મોહનિદ્રામાંથી જાગી રે,
વરી એને થાઓ અખંડ સોહાગી ...૨
જોતાં વાટ આવી મારે જાન રે,
પોતે વર પુરુષોત્તમ ભગવાન રે ...૩
શુકસનકાદિક ધરે જેનું ધ્યાન રે,
મારા લોચન કરે તે મુખનું પાન રે ...૪
એની સર્વે દેખી અલૌકિક રીત રે,
ચોંટ્યું મારું સુંદરવરમાં ચિત્ત રે ...૫
હથેવાળો હરિ સંઘાથે કીધો રે,
ભૂમાનંદ કહે જન્મ સુફળ કરી લીધો રે ...૬

●



## રાગ : ધોળ પદ-૧

અક્ષરના વાસી વાલો આવ્યા અવની પર,
નવખંડ ધરતીમાં સ્વામિ છતરાયા ચાલે રાજ ... અક્ષર૦ ટેક
અવની પર આવી વહાલે સત્સંગ સ્થાપ્યો,
હરિજનને કોલ કલ્યાણનો આપ્યો રાજ... અક્ષર૦૧
પાંચે વર્તમાન પાળે બાઈઓ ને ભાઈઓ,
હરિજન સંગે કીધી સાચી સગાઈઓ રાજ... અક્ષર૦૨
બાઈઓ દેખીને ભાઈઓ છેટેરા ચાલે,
પડી વસ્તુ કોઈની હાથેનવ ઝાલે રાજ... અક્ષર૦૩
દેવના દેવ વહાલો ધામના ધામી,
પ્રગટ પ્રભુનું નામ સહજાનંદ સ્વામી રાજ... અક્ષર૦૪
પ્રેમાનંદનો વહાલો આનંદકારી,
પોતાના જનની વાલે લાજ વધારી રાજ... અક્ષર૦૫

●



## વચનામૃત

**સંવત** ૧૮૭૬ના માગશર સુદી ૬ છઠને દિવસ શ્રીજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં રાત્રિને સમે વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "જેને ભગવાનની મૂર્તિ અંતરમાં અખંડ દેખાતી હોય તેણે પણ **ભગવાને** જે જે અવતારે કરીને જે જે સ્થાનકને વિષે જે જે **લીલા કરી હોય તે** સંભારી રાખવી અને બ્રહ્મચારી, સાધુ તથા સત્સંગી તેની સાથે હેત રાખવું અને એ સર્વને સંભારી રાખવા. તે શા સારુ જે કદાપિ

દેહ મૂક્યા સમે ભગવાનની મૂર્તિને ભૂલી જવાય તોપણ ભગવાને જે જે સ્થાનકને વિષે જે જે લીલા કરી હોય તે જો સાંભરી આવે અથવા સત્સંગી સાંભરી આવે અથવા બ્રહ્મચારીને સાધુ સાંભરી આવે તો તેને યોગે કરીને ભગવાનની મૂર્તિ પણ સાંભરી આવે, અને તે જીવ મોટી પદવીને પામે અને તેનું ઘણું રૂડું થાય. તે માટે અમે મોટા મોટા વિષ્ણુયાગ કરીએ છીએ. તથા જન્માષ્ટમી અને એકાદશી આદિક વ્રતના વર્ષોવર્ષ ઉત્સવ કરીએ છીએ. ને તેમાં બ્રહ્મચારી, સાધુ, સત્સંગીને ભેળા કરીએ છીએ. અને જો કોઈક પાપી જીવ હોય ને તેને પણ જો **એમની અંતકાળે સ્મૃતિ થઈ આવે તો તેને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય." ઈતિ વચનામૃતમ્** ॥ ગ.પ્ર.પ્ર. ૩ ॥

●



# શ્રી ગણપતિજીની આરતી

જય ગણપતિ પ્યારા, જય ગણપતિ પ્યારા,
વિઘ્ન વિનાયક મૂર્તિ, સુખદાયક સારા.. જય૦ ૧
જય જય શંભુકુમાર, શોક સદા હરતા,
દેવ વિશેષ વિચક્ષણ, રક્ષણના કર્તા.. જય૦ ૨
ગૌરી પુત્ર ગણેશ, વંદુ કર જોડી,
સ્મરણ કરે છે તેનાં, દુઃખ નાખો તોડી.. જય૦ ૩
લચપચતા લાડુનું, ભોજન બહુ ભાવે,
આપ બિરાજો છો ત્યાં, સંકટ નવ આવે.. જય૦ ૪
સિદ્ધિ બુદ્ધિ બેઉ, શુભ પત્ની સંગે,
શુભ કામે વિચરો છો, અતિશય ઉછરંગે.. જય૦ ૫
સુરનર મુનિવર સર્વ, સેવે છે તમને,
મંગલકારી મૂર્તિ, આપો સુખ અમને.. જય૦ ૬
જય સંકટ હર સુખકર, અરજી ઉર ધરજો,
શરણાગત સેવકનો, અભ્યુદય કરજો.. જય૦ ૭



# ॥ શ્રી ગણપતિસ્તોત્રમ્ ॥

વિદ્નેશ વિધ્નચયખણ્ડનનામધેય
શ્રીશંકરાત્મજ સુરાધિપવન્દ્યપાદ,
દુર્ગામહાવ્રતફલાખિલમંગલાત્મન્,
વિદ્નંમમાપહર સિદ્ધિવિનાયક ત્વમ્.....૧
સત્પદ્મરાગમણિવર્ણશરીકાન્તિ
શ્રીસિદ્ધિબુદ્ધિપરિચર્ચિતકુંકમશ્રી,
દક્ષસ્તનેવલયિતાતિમનોજ્ઞ શુણ્ડો
વિદ્નંમમાપહર સિદ્ધિવિનાયક ત્વમ્.....૨
પાશાંકુશાબ્જપરશૂંશ્ચ, દધચ્ચતુ
ર્ભિર્દોર્ભિશ્ચશોણકુસુમસ્રગુમાં ગજાતઃ,
સિન્દૂરશોભિતલલાટવિધુપ્રકાશો,
વિદ્નંમમાપહર સિદ્ધિવિનાયક ત્વમ્.....૩
કાર્યેષુવિદનચયભીતવિરંચિમુખ્યૈઃ,
સમ્પૂજિતઃ સુરવરૈરપિ મોદકાદ્યૈઃ,
સર્વેષુ ચ પ્થમમેવ સુરેષુ પૂજ્યો,
વિદ્નંમમાપહર સિદ્ધિવિનાયક ત્વમ્.....૪



શીઘ્રંચનસ્ખલનચુંચુરવોર્ધ્વકણ્ઠ,
સ્થૂલોન્દુરુદ્રવણાસિતદેવસંઘ,
શૂર્પશ્રુતિશ્ચપૃથુવર્તુલતુંગતુન્દો
વિદ્નંમમાપહર સિદ્ધિવિનાયક ત્વમ્.....૫
યજ્ઞોપવીતપદલમ્ભિતનાગરાજો,
માસાદિપુણ્યદદૃશીકૃતઋક્ષરાજઃ,
ભક્તાભયપ્રદ દયાલય વિદ્નરાજો
વિદ્નમમાપહર સિદ્ધિવિનાયક ત્વમ્.....૬
સદ્રત્નસારતતિરાજિત સત્કિરીટઃ
કૌસુમ્ભચારુવસનદ્વય ઉર્જિતશ્રીઃ,
સર્વત્રામંગલકરસ્મરણપ્રતાપો,
વિદ્નંમમાપહરસિદ્ધિવિનાયક ત્વમ્.....૭
દેવાન્તકાદ્યસુરભીતસુરાર્તિહર્તા,
વિજ્ઞાનબોધનવરેણ તમોપહર્તા,
આનન્દિતત્રિભુવનેશ કુમારબન્ધો
વિદ્નમમાપહર સિદ્ધિવિનાયક ત્વમ્.....૮
॥ ઈતિશ્રી શ્રી ગણપતિસ્તોત્રમ્ સમાપ્તમ્ ॥

●

# શ્રી હનુમાનજીની આરતી

જય કપિ બલવંતા, જય કપિ બલવંતા
સુરનર મુનિજન વંદિત, પદરજ હનુમંતા.. જય૦ ૧

પ્રૌઢ પ્રતાપ પવન સુત, ત્રિભુવન જયકારી,
અસુર રિપુ મદ ગંજન, ભય સંકટ હારી.. જય૦ ૨

ભૂત પિશાચ વિકટ ગ્રહ, પીડત નહિ જંપે,
હનુમંત હાક સુણીને, થર થર થર કંપે.. જય૦ ૩

રઘુવીર સહાય ઓળંગ્યો, સાગર અતિ ભારી,
સીતા શોધ લે આયે, કપિ લંકા જારી.. જય૦ ૪

રામ ચરણ રતિ દાયક, શરણાગત ત્રાતા,
પ્રેમાનંદ કહે હનુમંત, વાંછિત ફળદાતા.. જય૦ ૫



# ॥ શ્રી હનુમત્સ્તોત્રમ્ ॥

નીતિપ્રવીણ નિગમાગમશાસ્ત્રબુદ્ધે
રાજાધિરાજરઘુનાયક મન્ત્રિવર્ય ।
સિંદુરચર્ચિતકલેવર નૈષ્ઠિકેન્દ્ર
શ્રી રામદૂત ! હનુમન્ ! હરસંકટમે.....૧
સીતાનિમિત્તાજરઘૂત્તમભૂરિકષ્ટ,
પ્રોત્સારણૈક્કસહાય ! હતાસ્ત્રપૌધ,!
નિર્દગ્ઘયાતુપતિહાટક રાજધાને,! શ્રી રામ.....૨
દુર્વાર્યરાવણવિસર્જિત શક્તિઘાત-
કંઠાસુલક્ષ્મણ સુખાહત જીવવલ્લે, !
દ્રોણાચલાનયન નંદિતરામપક્ષ; ! શ્રી રામ.....૩
રામાગમોક્તિ તરિતારિત બંધ્વયોગ,
દુ:ખાબ્ધિમગ્ન ભરતાર્પિતપારિબર્હ;
રામાંધ્રિપદ્મમધુપીભવદન્તરાત્મન્; શ્રી રામ.....૪



વાતાત્મકેસરિમહાકપિરાટ્તદિય,
ભાર્યાંજનીપુરૂતપ: ફલપુત્રભાવ, !
તાર્ક્ષ્યોપમોચિતવપુર્બલતીવ્રગેવ,! શ્રીરામ.....૫
નાનાભિચારિક વિસૃષ્ટસવીરકૃત્યા
વિદ્રાવણારુણસમીક્ષણ-દૂ:પ્ર ધર્ષ્ય;
રોગઘ્નસત્સુતદવિત્તદમંન્ત્રજાપ, શ્રી રામ.....૬
યન્નામધેયપદક શ્રુતિમાત્રતોપિ;
યે બ્રહ્મરાક્ષસ પિશાચગણાશ્ચ ભૂતા: !
તેમારિકાશ્ચ સભયં હ્યપયાન્તિસત્વં ! શ્રી રામ.....૭
ત્વં ભક્તમાનસ સમિચ્છિત પૂર્તિશક્તો,
દીનસ્ય દુર્મદસંપત્ન ભયાર્તિભાજ: !
ઈષ્ટં મમાપિ પરિપૂરય પૂર્ણકામ, શ્રી રામ.....૮

॥ ઈતિશ્રી શતાનંદ મુનિવિરચિતં
શ્રી હનુમત્સ્તોત્રં સમાપ્તમ્ ॥

●



# પૂજા કરવાની રીત

**❖ આચમન વિધિ ❖**

ૐ નારાયણાય નમઃ
ૐ વાસુદેવાય નમઃ
ૐ વિષ્ણવે નમઃ

**❖ શિખા મંત્ર ❖**

હે શિખા તું બ્રહ્મતેજને પમાડનારી થા.

**❖ તિલક કરવાની વિધિ ❖**

ૐ શ્રી વાસુદેવાય નમઃ ..... લલાટે
ૐ શ્રી સંકર્ષણાય નમઃ ..... હૃદયે
ૐ શ્રી પ્રદ્યુમ્નાય નમઃ ...... જમણા હાથે
ૐ શ્રી અનિરુદ્ધાય નમઃ ..... ડાબા હાથે

**❖ ફરીથી આચમન વિધિ કરવી ❖**

**❖ આવાહન મંત્ર ❖**

ઉતિષ્ઠોતિષ્ઠ હે નાથ સ્વામિનારાયણ પ્રભો ।
ધર્મસૂનો ધ્યાસિંધો, સ્વેષાંશ્રેયઃ પરંકુરુ ॥
ઉતિષ્ઠોતિષ્ઠ ગોવિંદ ! ઉતિષ્ઠ ગરુડધ્વજ ।
ઉતિષ્ઠ કમલાકાન્ત ! ત્રૈંલોક્યં મંગલં કુરુ ॥
આગચ્છ ભગવન્ ! દેવ ! સ્વસ્થાનાત્પરમેશ્વર ।
અહં પૂજા કરિષ્યામિ, સદાત્વં સન્મુખો ભવ ॥

❖ થાળ ધરવો, માળા ફેરવવી, એક પગે ઉભા રહી એક માળા ફરેવવી, એક માળા પુરી થાય ત્યાં સુધી પ્રદક્ષિણા કરવી, છ દંડવત કરવા, સ્તુતિ કરવી પછી પ્રાર્થના નીચે મુજબ કરવી.

**❖ ક્ષમાયાચના મંત્ર ❖**

અપરાધસહસ્ત્રાણિ ક્રિયન્તેડહર્નિશં મયા ।
દાસોઽયમિતિ માં મત્વાં ક્ષમસ્વ પુરુષોત્તમ ॥
આવાહનં ન જાનામિ ન જાનામિ તવાર્ચનમ્ ।
પુજાં ચૈવ ન જાનામિ ક્ષમસ્વ પરમેશ્વર ॥
ગતં પાપં ગતં દુઃખં ગતં દારિદ્રયમેવચ ।
આગતા સુખસંપત્તિઃ પુણ્યોડહં તવ દર્શનાત્ ॥

**❖ વિસર્જન મંત્ર ❖**

સ્વસ્થાનં ગચ્છદેવેશ ! પૂજામાદાય મામકીમ,
ઈષ્ટકામ પ્રસિદ્ધયર્થં, પુનરાગમનાય ચ.

**❖ ગુરૂ મંત્ર ❖**

શ્રી કૃષ્ણ ! ત્વં ગતિર્મમ્



# માનસી પૂજાની વિધિ

માનસી પૂજા કરવાનો હેતુ એ છે કે, ભગવાનમાં પ્રીતિ થાય, મનની સ્થિરતા વિના માનસી પૂજા થઈ શકતી નથી માટે મનને સ્થિર કરવા પ્રથમ આત્મવિચાર કરવો જે, સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહથી નોખો ચૈતન્ય રૂપ જે આત્મા, તે મારૂં સ્વરૂપ છે, કહેતા હું અક્ષરબ્રહ્મ છું. અને મારે વિષે પુરૂષોત્તમ નારાયણ અખંડ વિરાજમાન છે. આ પ્રમાણે પોતાના આત્માને અક્ષરબ્રહ્મની સાથે ભાવના કરીને, મને કરીને કલ્પેલાં જળ, ચંદન, વસ્ત્ર, આભૂષણ, પુષ્પ, ફળ વિગેરે પદાર્થોથી ભગવાનની માનસી પૂજા કરવી.

**પ્રાતઃ કાળની પહેલી માનસી પૂજા**

પ્રથમ પોતાના આત્માને વિષે મુક્ત મંડળ સહિત દિવ્યમૂર્તિ શ્રીહરિનું ધ્યાન કરવું. શ્રીહરિ પલંગમાં



પોઢેલા છે એમ ભાવના કરી, પ્રાર્થના કરીને જગાડવા. ત્યારપછી મનુષ્યલીલાના સ્મરણ માટે ભગવાનને શૌચદંતધાવનાદિ ક્રિયા કરવી, ઋતુ અનુસાર ઘણા જળથી સ્નાન કરાવવું. ત્યારબાદ ઋતુ અનુસાર શ્રીજીના દરેક અંગમાં યથા યોગ્ય વસ્ત્ર તથા અલંકાર ધારણ કરાવવા. ત્યારબાદ ઋતુ અનુસાર ચંદનાદિ ઉપચારોથી શ્રીજીની પૂજા કરવી. ઋતુ પ્રમાણે પુષ્પના હાર ધરાવવા ત્યાર પછી પોતાને મનભાવતાં ભોજન ભગવાનને ધરાવવા, સાકર, કેશર, કસ્તુરી, બદામ વગેરેથી યુક્ત ઉકાળેલ દૂધ તથા મગજ, જલેબી, અડદીયા, પુરી વગેરે પકવાન શ્રીજીને જમાડવા, જળપાન કરાવી મુખવાસ અર્પણ કરી આરતી ઉતારી, પ્રદક્ષિણા દંડવત પ્રણામ, સ્તુતિ આદિક કરીને શ્રીહરિને મળવું. ત્યાર પછી પ્રસાદીનાં ભોજન જમાડવા, મને પણ શ્રીહરિએ



પ્રસાદ આપ્યો તે હું જમ્યો. એવી ભાવના કરવી. શ્રીહરિ મારા આત્મામાં વિરાજમાન છે અને હું તેમની સેવામાં છું એમ ભાવના કરવી.

**જમતી વખતની બીજી માનસી પૂજા**

ભોજન કરાવતી વખતે પોતાના આત્મામાં વિરાજી રહેલા શ્રીહરિનું ચિંતવન કરી, શ્રીહરિને પીતાંબર આદિક સમયને અનુકુળ વેષ ધારણ કરાવવો પછી બાસુંદી, દૂધપાક, શીખંડ, પુરી, શીરો, કંસાર, બિરંજ, માલપુવા, સેવો, મોહનથાળ આદિક વિવિધ પ્રકારના શાક, અથાણા, ભાત, દાળ આદિક ચાર પ્રકારના ભોજનો, સુવર્ણના થાળમાં ધારણ કરી તે થાળ સુવર્ણના બાજોટ પર ધારણ કરવો અને ત્યાર પછી તે ભોજનના થાળ સન્મુખ શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુને બેસવા માટે એક સુવર્ણનો બાજોઠ મુકીને

તેના પર કસુંબલ આસન પાથરીને શ્રીહરિને ભોજન કરવા પ્રાર્થના કરવી. ‘‘હે મહારાજ, હે ભક્તવત્સલ, હે ધર્મધુરંધર ! સર્વ પ્રકારનાં ભોજનો મેં તૈયાર કરેલ છે. માટે આપ કૃપાળુ જમવા પધારો એમ પ્રાર્થના કરીને શ્રીજીને સુવર્ણ બાજોઠ પર બેસાડીને ચંદન અક્ષત પુષ્પાદિથી પૂજવા પછી સુવર્ણના થાળમાં રહેલા ભક્ષ્ય, ભોજ્ય, લેહ, ચોષ્યાદિ ચારે પ્રકારના ભોજનો શ્રીજીને જમાડવા. ત્યાર પછી જમીને તૃપ્ત થયેલા જાણીને આચમન સહિત જલપાન કરાવીને મુખવાસ અર્પણ કરી આરતી ઉતારી પ્રદક્ષિણા દંડવત સ્તુતિ આદિક કરી, શ્રીહરિને મળવું. ત્યાર પછી શ્રીહરિએ મને પણ પ્રસાદ આપ્યો છે એવી ભાવના કરવી અને મુક્ત મંડળ સહિત શ્રીહરિને અક્ષરધામ રૂપ પોતાના આત્મામાં સુંદર પલંગ પર પોઢાડવા, અને હું શ્રીજીના ચરણાર્વિંદની સેવામાં છું. એવી ભાવના કરવી.



## ઉત્થાપન સમયની ત્રીજી માનસી પૂજા

ચાર વાગે ઉત્થાપન સમયે પહેલાંની જેમ ભાવના કરીને, શ્રીહરિને જગાડવા ‘‘હે મહારાજ, ઉઠવાનો સમય થયો છે માટે આપ જાગૃત થાઓ.’’ એમ પ્રાર્થના કરીને પછી જાગ્રત થયેલા શ્રીહરિનું સુગંધીમાન પુષ્પોના હાર તોરા ગુચ્છ ગજરા બાજુબંધ વગેરેથી પૂજન કરવું. ત્યારબાદ દ્રાક્ષ, કેરી, દાડમ, પપૈયું, જાંબુ, નારંગી, કાજુ આદિ સુકો-લીલો મેવો જમાડી જલપાન કરાવી મુખવાસ અર્પણ કરી પ્રસાદીના ઉપચારોથી મુક્તોનું પૂજન કરવું. અને પ્રસાદીના ફળો તેમને જમાડવાં. શ્રીહરિએ મને પણ પ્રસાદ આપ્યો તે હું જમ્યો અને શ્રીહરિ મુક્ત મંડળ સહિત અક્ષરધામરૂપી મારા આત્મામાં વિરાજમાન છે એવી ભાવના કરવી.



## સાયંકાળની ચોથી માનસી પૂજા

સંધ્યા સમયે પહેલાંની પેઠે બ્રહ્મસ્વરૂપની ભાવના કરીને, મહારાજાધિરાજની શોભાથી યુક્ત અનેક કોટિ મુક્તોએ સેવેલા શ્રીહરિકૃષ્ણ મહારાજનું ચિંતવન કરીને ત્યાર પછી ભારે વસ્ત્ર, અલંકાર, પુષ્પોના હારાદિક ઉતારીને સૂક્ષ્મ કોમળ ઘાટાં વસ્ત્ર પહેરીને બેઠેલા શ્રીહરિનું ચંદનાદિ ઉપચારોથી પૂજન કરીને શ્રીજીને ખીચડી, કઢી, પાપડ, અથાણા, શાક, વડાં આદિક સામગ્રી સહિત શીરો, પુરી, ભજીયાં ને દૂધ ભાત આદિક ભોજનો જમાડી જલપાન કરાવવું ત્યાર પછી મુખવાસ અર્પણ કરવો. પછી શ્રીહરિને સુંદર સિંહાસન પર વિરાજમાન કરીને આરતી ઉતારીને ધૂન, સ્તુતિ, પ્રદક્ષિણા દંડવત પ્રણામ કરવા ત્યાર પછી પ્રસાદીના ઉપચારોથી મુક્તોનું પૂજન કરીને પ્રસાદીના



ભોજનો જમાડી, જલ પાન કરાવી મુખવાસ આપવો. પછી મને પણ શ્રીજીએ પ્રસાદ આપ્યો તે હું જમ્યો અને શ્રીહરિ મુક્ત મંડળ સહિત મોટી સભામાં દિવ્ય સિંહાસન ઉપર વિરાજમાનછે. અને હું તેમની સેવામાં છું. એવી ભાવના કરવી.

## રાત્રીની પાંચમી માનસી પૂજા

શયન આરતી સમયે શ્રીહરિનું ચંદનાદિક ઉપચારોથી પૂજન કરી સાકર સહિત ઉકાળેલ દૂધનું પાન કરાવી એલચી, સોપારી, કાથો, ચુનો એ આદિકે યુક્ત નાગરવેલનું પાન મુખવાસ માટે અર્પણ કરવું. પછી આરતી ધૂન, સ્તુતિ, પ્રદક્ષિણા, દંડવત વગેરે કરીને શ્રીહરિને મળવું. પછી પ્રસાદીના ઉપચારોથી મુક્તોનું પૂજન કરી પ્રસાદીનું દૂધપાન કરાવી, જલપાન કરાવી મુખવાસ આપવો અને મને પણ શ્રીહરિએ

પ્રસાદ આપ્યો ને હું જમ્યો એવી ભાવના કરવી પછી શ્રીજીને અક્ષરધામરૂપ પોતાના આત્મામાં પ્રેમરૂપી પલંગ ઉપર અથવા તો સુંદર, કોમળ, મખમલનું ગાદલું, ગાલ મસુરીયા, ઓશીકું, ઓછાડ, મચ્છરદાની આદિક સામગ્રીથી યુક્ત સુંદર પલંગ ઉપર શયન કરાવવું, સર્વે મુક્તો પણ શ્રીજીના ધ્યાનમાં નિમગ્ન છે અને હું શ્રીહરિના ચરણ દબાવવા એ આદિક સેવા કરતાં તેમના મુખનું દર્શન કરૂં છું. આવી ભાવના કરી પૂજાની સમાપ્તિ કરવી. ઉપર મુજબ પાંચે માનસી પૂજા કરવી.

માનસી પૂજા કરતી વખતે પ્રથમ પોતાને વિષે બ્રહ્મસ્વરૂપની ભાવના કર્યા પછી જે સમયની માનસી પૂજા કરવાનો પ્રારંભ કરવો હોય તેથી પહેલાની માનસી પૂજા વખતે ભગવાનને કેવા વસ્ત્ર અલંકારાદિક ધારણ



કરાવીને બિરાજમાન કર્યા હતા અથવા કેવી રીતે પોઢાડ્યા હતા તે સર્વ અનુસંધાન રાખી તે પ્રમાણે જ તે સ્વરૂપનું ચિંતવન કરીને ત્યાર પછી યથા સમયે માનસિક પૂજા કરવાની શરૂઆત કરવી.

આ પ્રમાણે ભક્તજને હંમેશા પાંચ વખત જુદી જુદી માનસિક પૂજાઓ અતિ શ્રદ્ધાએ કરીને પ્રેમપૂર્વક કરવી. જે ભક્તજનો પોતાના ધર્મ નિયમમાં સાવધાન પણે વર્તી ઉપર કહ્યા પ્રમાણે પ્રેમપૂર્વક માનસી પૂજા કરશે તેનો શ્રીજીને વિષે અતિશય સ્નેહ વૃદ્ધિ પામશે.

●



## શ્રી નરનારાયણાષ્ટકમ્

અવતીર્ય નિજાક્ષરાત્પરાદિહ મૂર્ત્યાં બદરીવને સ્થિતઃ।
ભુવિભારતજીવશર્મણે નરનારાયણદેવ પાહિમામ્ ॥૧॥
યદુપર્યભવત્કૃપા તવ સ નરો દૃષ્ટુમિહાર્હતિક્ષણમ્ ।
ન પરઃ સુરસત્તમોઽન્યથા નરનારાયણદેવ પાહિમામ્ ॥૨॥
પ્રથિતં ચ બ્રહદ્વ્રતં ત્વયા જનતાયા નિજધામલબ્ધયે।
અવબોધનમુત્તમં ભુવિ નરનારાયણદેવ પાહિમામ્ ॥૩॥
જગતો જનનં હિ પાલનં પ્રલયં ચાપિકરોષિ નિત્યદા।
રજસા તમસા ચ સત્વતો નરનારાયણદેવ પાહિમામ્ ॥૪॥
ઋષિ રૂપધરં તપશ્ચરં હ્યવમન્યેત કદાપિ કશ્ચન ।
સ ભવેત્સતતં ચ નારકી નરનારાયણદેવ પાહિમામ્ ॥૫॥
તવ મૂર્તિરિયં સુખાપ્તયે જનતાયાઃ કિલ તાપશાન્તયે।
મરણસ્ય જયાય નિત્યદા નરનારાયણદેવ પાહિમામ્ ॥૬॥
જગદન્યતનૂસ્તથાવિતું ધરસિ ત્વં ચ યુગેયુગેઽધ્યવૈ ।
હરિકૃષ્ણ તનુસ્ત્વયાધૃતા નરનારાયણદેવ પાહિમામ્ ॥૭॥
વિધિશંભુમુખામરવ્રજશ્ચરણૌતે સતતં સમર્ચતિ ।
પરમાદરતશ્ચ ચિંતતિ નરનારાયણદેવ પાહિમામ્ ॥૮॥

જયશ્રી સ્વામિનારાયણ




## <u>ગ્રાહક બનો અને બનાવો</u>

શ્રી નરનારાયણદેવ પીઠ સ્થાનથી **"શ્રી સ્વામિનારાયણ"** અંક દર **માસે** ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં પ્રકાશીત થાય છે. જેનું લવાજમ નીચે મુજબ છે.

વંશ પરંપરાગત (ભારત માટે) રૂા. **501/-**
વંશ પરંપરાગત (વિદેશ એરમેઈલ) **5,000/-**

**શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય**
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૧.
ફોન : (૦૭૯) ૨૨૧૩૨૧૭૦